કુમાર

ફાગણ ૧૯૯૨

તંત્રી · રવિશંકર રાવળ : સંપાદક · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક

અંક ૧૪૭ મો



આ અંક

આપણને પરિચિત એવા જગજાણીતા ઈરાની લેખકો બે: એક સરદાર ઈકબાલ અલી શાહ અને બીજા એહમદ અબ્દુલ્લા. સરદારનો ખાસ શૉખ પ્રવાસ ને પુરાતત્ત્વનો; જ્યારે એહમદ અબ્દુલ્લા સાહસ અને રંગપ્રધાન વાર્તાઓના લેખક તરીકે અમેરિકામાં યે આદર પામ્યા છે. આ અંકમાંની વાર્તા 'અમ્માની ગોદ' એમની પ્રસાદી છે. રંગચિત્રોમાં 'પૂર્ણિમા' અગ્રસ્થાને હોવા છતાં 'દ્રૌપદી' તેની હરીફાઇ કરે એવું છે. પણ ખરી હરીફાઇ તો એક બીજી જણાશે: મહાભારતના એ અત્યુત્તમ પાત્ર દ્રૌપદીને જીવંત કરતું શ્રી 'સુંદરમ્'નું ખંડકાવ્ય અને શ્રી રાવળનું આલેખન, એ બેમાં તમને કયું વધુ ગમ્યું? ઝાડની ઉંમર જાણવાની એક રીત છે: તેના વહેરેલા થડમાં જણાતાં રેખાઓનાં કુંડાળાં પરથી વરસોની ગણત્રી કરવાની. આ અંકના પૃઠા પરનાં રૂપેરી કુંડાળાં પાછળ એવો અર્થ છે 'જીવનનું પરોઢ'માં આ મહીને કબાગાંધીના પુણ્યતેજના મધ્યાહ્નનું દર્શન થાય છે; અને 'ભારતેન્દુ' એ ઉત્તર ભારતની હિંદને એ સમયની ભેટ છે, જ્યારે હિંદના ભાષાભિમાનને નવી પાંખો ફૂટવા માંડી હતી. શિયાળ જેવું નાનકડું પ્રાણી અક્કલબાજ સાથે કેવું દિલદિલ હોય છે એ તમને 'સિંહના ભેરૂ'ની પ્રાણીકથા કહેશે. કાકાસાહેબનું સાહિત્યસમીક્ષાનું દષ્ટિબિંદુ હમેશાં વિચારપ્રેરક હોય છે. 'કવિ અને સંત'વાળા લેખમાં એ બંને દ્વારા ખેડાએલા કાવ્યક્ષેત્રના મર્મમાં ઊતરી, તેમની થવી જોઇતી મૂલવણીનું દર્શન તેઓ કરાવે છે. એ લેખ જરા ભારે કક્ષાનો જણાશે; પણ વાચનમાં રસમયતા સાથે થોડી સામગ્રી અભ્યાસની પણ જોઇએને? એવી જ ભલામણ 'પેટ્રોલિયમ'ના લેખ વિષે કરવાની છે. આપણને ખ્યાલ પણ નથી કે એ કાળું ગંદું ખનિજ માનવજાત પર આધિપત્ય ભોગવતા સુવર્ણની બરોબરી કરવા જાય છે. 'લઘુલિપિ' અને 'અખાડો' ન છૂટકે જ આ મહીને મુલતવી રાખવા પડયાં છે.

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



દ્રૌપદી

[અનુષ્ટુપ · મિશ્રજાતિ]

વજ્રના અગ્નિપંકેથી ખીલેલી તેજપદ્મિની,
સૃષ્ટિના સરની શોભા નમસ્તે, દેવિ દ્રૌપદી !
ઉષ્માભર્યું અંગ ગુલાંટી તું હશે
માતાપિતાના ઉછરંગ ખૂંદતી.
દિવ્યાગ્નિની લેઈ શિખા ઘુમી વળી
પ્રજ્વાલતી જંગલ પૃથ્વીરાજ્યનાં.
અગ્નિનો છોડવો મ્હોર્યો અગ્નિની ઉગ્ર મંજરી,
તામસી સૃષ્ટિમાં એણે બજાવી વ્યગ્ર ખંજરી.
આ અગ્નિનું પુષ્પ પ્રફુલ્લ ચૂંટવા
આવ્યા ઉમંગે નૃપલોક નર્તતા,
સૌની દઝાડી યશ-દેહ-ડાળીઓ
ઝીલાઈ તું પાણ્ડવ-તામ્રકુણ્ડમાં.
પાણ્ડુના પંચ પુત્રોના પાત્રમાં પ્રાણને ધરી,
સાચવી રહી જ્વાલાઓ વિશ્વભુક્-સત્રને સ્મરી.
નૃપત્વને રાખભરી જટા વિષે
લપેટી ઘૂમ્યા વન જેમ પાણ્ડવો,
સંતાડી જ્વાલા નિજ સૌમ્ય સાળુમાં
તું યે ભમી ઉજ્જવલ ભાવિ ઝંખતી.
રાજ્યના મુકુટો આવ્યા, સામ્રાજ્ઞીત્વ પદે પડ્યું,
વિધિના સૂત્રયંત્રે ત્યાં ઘટનાકોકડું ચડ્યું.
એ અંધના ગૌરવઅંધ પુત્રને
હસી રહી તું હસતી અટારીથી,
એ હાસ્ય પડઘા પ્રતિઘોષ પામતા
શમ્યા સહુ રાજ્યની દાહભૂમિમાં.

[અનુસંધાન પૃ. ૧૧૬મે]

❙ દ્રૌપદીના ચારિત્ર્યવિકાસનું આકલન કરતું આ કાવ્ય કદાચ ગુજરાતી ખંડકાવ્યોના મોખરામાં આવીને ઊભું રહેશે. ❙ દ્રુપદે યોજેલા પુત્રકામેષ્ટિ યજ્ઞની જ્વાળાઓમાંથી જન્મેલી દ્રૌપદીનું જીવન આદિથી અંત સુધી અગ્નિશિખા જેવું જ રહ્યું છે. અગ્નિ જેવી ઉગ્ર અને પ્રતાપી એની શક્તિથી દ્રૌપદીએ અંધારામાં મશાલનું, ઠંડીમાં તાપણીનું અને દારૂગોળામાં સળગતી જામગરીનું કામ કામ કર્યું છે, એ એના પ્રબલ જીવનની ઘટનાઓ તપાસતાં જણાયા વિના નહિ રહે. ❙ દ્રૌપદીના એ અગ્નિપણાની આજુબાજુ ફરતાં રહીને કવિની કલ્પનાએ જે અત્યંત મનોરમ ચિત્રો ઉપજાવ્યાં છે તેમાં ખાસ કરીને એણે વિરોધી તત્ત્વોનું કરેલું સુસંવાદી આલેખન સવિશેષ મનોગ્રાહી છે. શરૂઆતમાં 'અગ્નિની ઉગ્ર મંજરી'થી માંડીને અંતના 'અગ્નિની દુહિતા કેરી ચિતા ત્યાં હિમમાં થઇ' સુધીના જીવનની વિરોધી દશાનાં એ ચિત્રો અને કલ્પનો આખા કાવ્યમાં આગળ પડીને ચમકી રહે છે. 'અગ્નિનું પુષ્પ પ્રફુલ્લ', 'યશ-દેહ-ડાળીઓ', 'પાણ્ડવોરૂપી તામ્રકુણ્ડ', 'નવસ્ત્રા કીર્તિ કૌરવી' વગેરે જેવા સંસ્કૃત ઢબના અલંકારોનું સૌંદર્ય પણ સમજવું મુશ્કેલ નથી. ❙ દ્રૌપદીના જીવનની ઘટનાઓને મણકા પેઠે પરોવતું જતું કાવ્ય સ્વાભાવિક સરળ વહેણે વહેતું આપણી આગળ મહાભારતકારના એક અતિ ઉત્તમ પાત્રને જાણે જીવતું કરી જાય છે

મારી નજરે

સત્રાન્ત રજાએ

શાળાજીવનની ધમાલ ભાગતા વિદ્યાર્થીજગતમાં એવી તો ઘર કરી ગઈ છે કે પરીક્ષાને અંતે શાળાઓ બંધ થતાં નવરા પડેલા નિશાળિયાઓને, ગળેલા સમયનું શું કરવું તે સૂઝતું નથી. સોંપાએલા પાઠ પૂરા કરવાને જ હમેશાં ટેવાએલા જીવો રજામાં કશી જ કાર્યવાહી હાથમાં લઈ શકતા નથી. પ્રોફેસરો, હેડમાસ્તરો કે શિક્ષકો એ રજા દરમિયાન વિદ્યાર્થીઓ સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરવાની તક લઈ શકતા નથી યા લેવા નારાજ હોય છે, અને મોટે ભાગે તો એવું જ મનાય છે કે શાળા બહારના વિદ્યાર્થીના જીવન માટે એમની દરમિયાનગીરી કે જવાબદારી હોઈ શકે જ નહિ. એટલે થોથાનો ભાર ભરનારા રજામાં નિદ્રા કે ઘરમાં આરામ લેતા બેઠા હોય છે તે વખતે વિદ્યાર્થી પણ બેકાર જેવો બની ટહેલા મારતો જ રહે છે. માબાપો તેને ઘરના વ્યવહારમાં જોડી શકતા નથી, કારણકે ત્યાં તે નવતર જેવો મૂઢ જણાય છે. ક્રિયાકુશળતા પ્રાપ્ત કરવાના નવા પ્રયોગોમાં અને અભ્યાસમાં દોરનારી સંસ્થાઓ કે વ્યક્તિઓનો ઠામુકો દુકાળ છે, એટલે વિદ્યાર્થીમાં સ્વયંસ્ફૂરણ કે અભ્યાસજીવનની પૂર્તિ કરનારા અનુભવોની જીવનભરની ઉણપ રહી જાય છે.

આ દિશામાં આશા આપનારી, ગ્રીષ્મસંમેલનો, સ્કાઉટ પડાવો કે પગપાળા ટૂંકા પ્રવાસો જેવી નવી પ્રવૃત્તિઓની શરૂઆત થઈ ચૂકી છે; પણ તેમાં એકધારી જમાવટ અને વ્યાપકતા લાવવા વિદ્યાર્થીજગત સાથે સંબંધ ધરાવતા વિદ્વાનો, વાલીઓ અને સંસ્થાઓનાં સમર્થન ને પ્રોત્સાહનની બહુ જ જરૂર છે.

મૅટ્રિક અથવા કૉલેજના વિદ્યાર્થીઓ માટે આ વરસે ઉનાળાની રજામાં બે જગ્યાએ બહુ જ સરસ રીતે ઘડાએલી યોજના પ્રમાણે વર્ગો મંડાશે. એક અમરેલીમાં અને બીજો મુંબાઈ પાસે જુહુમાં. અમરેલીના વર્ગો સારા અભ્યાસ અને સમાજસેવાની પૂર્વ તૈયારી આપનારા છે. જુહુની છાવણી વિદ્યાર્થીને ઉનાળાની રજા નકામી ન લાગવા દે. નવાનવા યુવકોનો પરિચય મળે; સાથે સાંસ્કૃતિક વાતાવરણ પૂરનારાં વ્યાખ્યાનો ને વર્ગોની ગોઠવણ. ખર્ચ અને સગવડની નજરે અમરેલી ઘણાને અનુકૂળ લાગશે, પણ તે સાથે તેમાં ભાગ લેનારનો અધિકાર અને જીવનલક્ષ્યનું ચોક્કસ ધોરણ એમાં જોવામાં આવશે. આ બંને વર્ગોના પ્રયોગો અને પરિણામ સફળ નીવડે અને તે પ્રવૃત્તિનો વિસ્તાર વધતો જ રહે એવો અભિપ્રાય અને પ્રયાસ પ્રત્યેક ભાવિચિંતકે કરવો જોઈએ.

રજાઓનો લાભ લેવાની આવી પ્રવૃત્તિઓમાં બીજી ઘણીનો સમાવેશ કરી શકાય, કેટલાંક મંડળો પોતાના જ ગામમાં સફાઈ, નાટ્યપ્રયોગો અને વિવિધ જ્ઞાનપ્રદ જલસાઓ કે પ્રદર્શનોના કાર્યક્રમો યોજીને જુદીજુદી પંક્તિના વિદ્યાર્થીઓમાં એકતા, ભ્રાતૃભાવ, પરિચય, અને સેવાબુદ્ધિ જગાડી શકે. બાળકોનાં વિનોદ આનંદ ખાતર નાના નાના મંડળોદ્વારા સરઘસ અને સંઘવ્યાયામના વર્ગો ચલાવે અને નગરજીવનમાં એકરૂપતા તેમજ સંસ્કારનું વાતાવરણ ઉત્પન્ન કરી શકે.

બાળકોનાં જીવનમાં રસ અને આનંદ ઉતારવા જેઓ મથે છે તેઓ ભાવિ સમાજની અને દેશની સેવાનો પાકો પાયો નાખી રહ્યા છે. આપણું કામ તેવા મોટા સુધારકો, અધિકારીઓ કે નગરજનો ન આવે; માબાપો ન આવે; છતાં પાંચપંદર બાળકોને ભેગા કરી મળવાની જગ્યા સ્વચ્છ સુશોભિત કરી વાર્તાલાપો, ગીતો, રાસ અને ચિત્રાલયો ગોઠવનારા કુદરતના આંખોવાળા સ્નેહાળ બાળકોને જોઈ સંતુષ્ટ થઈ શકશે તો બીજાં પાંચ વર્ષોમાં તેમાંથી જ વ્યાપક જીવનમાં રસ લેતા ખરા સેવાભાવી નવનાગરિકો સર્જાવી શકાશે. બાળકોને રીઝવવા કે આકર્ષવામાં બર્ચોળપણાની પણ જરૂર નથી. સરસ વાર્તા કથન, ગ્રામોફોનના સરસ ગીતો અથવા ગરબાઓ કે સંઘરેલાં છાપેલાં ચિત્રોનું પ્રદર્શન તેમના માટે તો મોટા જલસો થઈ પડે છે. પૈસા બે પૈસાની ખાવાની સામગ્રીથી દરેકને મોટી મિજબાનીનો આનંદ આપી શકાય છે.

ગમે તેમ કરી ઘરથી અને શાળાથી નવરી પડતી પ્રજાનું જીવન પ્રગતિમાન બને, ભાવિ ઉજ્જવલ બને અને તેમાંનો દરેક જણ કંઈ ને કંઈ જવાબદારી સાથે જગતનો ભાગીદાર છે એવી સમજપૂર્વક ઉત્સાહ અને ઉલ્લાસથી જીવનપંથ ખેડવા તૈયાર કરવાની જરૂર છે.

ઊગમણી દિશે

● મારા જીવનમાં કોઈ વિરલ પ્રસંગે જાપાનનું નામ એક જાદુ સમું ચિરંજીવ કરી મૂક્યું છે. વર્ષોથી મારી દરેક કલ્પનાની પાછળ એ દેશ કોઈ પતંગિયા સમા રંગપટના ઝગારા મારી રહ્યો છે. એથી એના ભલાબૂરા અંશોની વિગતવાર છણાવટ કરવા મારું મન ઠરતું નહોતું. આટલાં વર્ષો વીત્યા બાદ એ પ્રદેશની ઝાંખી કરવાનો મને યોગ મળ્યો છે, આ વાત મારા પ્રિય વાચક મિત્રોને કહેતાં ખરેખર મારું મન મલકે છે. એ કલ્પનાઓ સત્ય ઠરશે કે ભ્રમ નીવડશે તે હું અત્યારે કહી શકતો નથી; પણ મારી પ્રત્યેક દિનની રજેરજ નોંધ કરીને તેનો યથાયોગ્ય સારસંચય તો રજુ કર્યા વિના મને સંતોષ થશે નહિ. હું હિન્દુસ્તાનનો કિનારો છોડું તે સાથે મારા દેશબાંધવોની શુભેચ્છાઓની પ્રેરણા મને મળે એવી વાંછના કરું છું અને ફરીવાર જન્મભૂમિ પર પગ મૂકું ત્યાં સુધીના અનુભવો અને ઊર્મિઓ પ્રત્યક્ષ જીવનના ઓધરૂપે રજુ કરવા સમર્થ થાઉં એવી પ્રભુપ્રાર્થના કરું છું.

હું ઘણો વખત દૂર રહીશ, પણ મને શ્રદ્ધા છે કે કુમાર કાર્યાલયમાંનાં મારા સહયોગી બંધુઓ, લેખકો તેમજ વાચકવર્ગ 'કુમાર'ની પ્રગતિ અને લોકપ્રિયતામાં ઊણપ આવવા

નહિ દે. મારો આ પ્રવાસ માત્ર અંગત વિલાસરૂપ જ ન બને પણ દેશના આવિષ્કરણમાં પ્રકાશ અને પ્રોત્સાહન પૂરે એવા આદર્શો અને અવલોકનો પ્રાપ્ત કરાવનારો નીવડે એ મારી ખાસ મહેચ્છા છે. જાપાન સાથે સંબંધ ધરાવતા વાચકો અથવા પરિચિત મિત્રો, આ પ્રવાસમાં મને માર્ગદર્શક થઇ પડે એવી માહિતી કે પિછાનો પૂરી પાડશે તેમનો હું અંતઃકરણથી આભારી થઇશ. પત્રવ્યવહાર કુમાર કાર્યાલય પર મોકલવાથી મને પહોંચતો થશે. —ર.મ.રા.

અનેક આણધારી અડચણોને કારણે ‘કુમાર’ ઉત્તરોત્તર અનિયમિત થતું ગયું છે, અને આ અંક તો અસહ્યરીતે મોડો પડ્યો છે. ‘કુમાર’ને વધારે સમૃદ્ધ અને રંગીન બનાવવાના અમારા ગમે તેવા સારા પ્રયત્નોની સામે પણ અમારી આ અનિયમિતતા દૂષણ રૂપ છે એ અમે જાણીએ છીએ, ને અમને એ સતત ચિંતા અને દુઃખનો વિષય છે. અત્યારે તો એટલી જ પ્રાર્થના છે કે આવતા બે એક માસમાં ‘કુમાર’ને નિયમિત કરી નાખવાની અમારી ઉમેદ બર આવો. સં૦

નેપથ્યમાંથી

ગયા ફેબ્રુઆરીના ત્રીજા અઠવાડિયામાં અમેરિકાના ફિલાડેલ્ફિયા શહેરના એક મામૂલી મકાનને બીજે માળે એક અજાણ્યા માણસની એંશીમી વર્ષગાંઠ ઉજવાઇ. તમે કહેશો કે એવા અજાણ્યાની નોંધ લેવાનું અહીં પ્રયોજન? હા. એ અજાણ્યો રહે એ એનું કિસ્મત જ. બાકી આજથી સાઠ વરસ પર એણે જે શોધ કરી એ ન થઇ હોત તો આજ આ માસિકમાં છપાતાં ચિત્રો તમે ન જોઇ શક્યા હત. સુંદર ફોટોગ્રાફો, રેખાચિત્રો ને રંગચિત્રો જે આજે દુનિયાભરના વાચકોનું મનરંજન કરે છે, જે કવિ અને કલાકારની કલ્પના-સૃષ્ટિને વાચક સમક્ષ સ્થૂલ રૂપમાં રજુ કરે છે, જે દુનિયાનાં દૃશ્યો, સંસારનાં જ્ઞાન અને જગતના બનાવોને સાક્ષાત તાદૃશ કરે છે. એ રંગરેખાનાં આલેખનો, નકશાઓ, આકૃતિઓ ને ફોટોચિત્રોને સહેલાઇથી મારી, તમારી ને જનસામાન્યની નજર આગળ જે ખડાં કરી શકાય છે તે એ અજાણ્યા માણસની એક અપૂર્વ શોધને પ્રતાપે. અને છતાં આજે કિસ્મતની કમનસીબી એવી છે કે અમારા છાપવાના ને બ્લૉક બનાવવાના ધંધામાં પડેલા સુદ્ધાં એનું નામ જાણતા નથી.

~

એનું નામ ફેડરિક યૂજન આઇવ્ઝ હાફટોન એન્ગ્રેવિંગ પ્રોસેસ (બ્લૉક બનાવવાની પદ્ધતિ)નો એ આદ્ય શોધક. ઇ. ૧૮૭૪માં કૉર્નેલ યુનિવર્સિટીએ પોતાને ત્યાંના સમગ્ર ફોટોગ્રાફી કરવા માટે પહેલવહેલો એને રોક્યો. તે દહાડાનો એ ધંધાનો એને નાદ. અને એ નાદમાંથી જ એની શોધ જન્મી. શોધનું તત્ત્વ જુઓ તો સાવ સહેલું છે. કાચની એક પ્લેટ પર અત્યંત બારીક (એક ઇંચમાં ૧૦૦, ૧૫૦ કે ૨૦૦) રેખાઓ આંકેલી. એવી જ બીજી પ્લેટ પણ આંકેલી. એ બંનેને યોગ્ય ખૂણામાં જોડી એટલે અત્યંત સૂક્ષ્મ ચોકઠ ભાતની જાળી (સ્ક્રીન) વાળી પ્લેટ તૈયાર થઇ. એનું નામ સ્ક્રીન. આ સ્ક્રીન સોંસરો એક ચિત્રનો ફોટોગ્રાફ લીધો, એટલે તે સૂક્ષ્મ જાળીના રૂપમાં છેદાઇને પડ્યો. પણ જાળી એટલી સૂક્ષ્મ કે નરી આંખે દેખાય નહિ. પછી એ ફોટોને જસતના કે ત્રાંબાના પતરા પર એવાં રસાયણોથી છાપ્યો કે એમાંનો સફેદ પ્રકાશનો ખાલી રહેતો ભાગ બધો તેજાબથી કોરી નાખી શકાય, અને છાયાઓવાળા કાળા ભાગમાં પતરું કાયમ રહે. એ રીતે કોરેલા પતરા પર શાહી લાગીને કાગળ પર તે દબાય એટલે ચિત્રની આબેહૂબ છાપ પડે.

ચિત્રો હૂબહૂ કેમ છપાય છે તેની અતિ ભેદી લાગતી આ પદ્ધતિનો મૂળ સિદ્ધાંત આટલો સહેલો છે. એની ખરી ખૂબી પેલા સ્ક્રીનથી પડતા સફેદ પ્રકાશના ચઢ ઉતર પલટાવાળા કાળા આળાઓ (હાફટોન) કોરી કાઢવામાં રહેલી છે. એ રીત (પ્રોસેસ)થી બનેલાં એ ચિત્રોનાં બીબાં તે ‘સ્ક્રીન બ્લૉક’ અથવા ‘હાફટોન બ્લૉક’ કે ‘પ્રોસેસ બ્લૉક’.

~

કૉર્નેલના એક કાતરિયામાં શોધાએલી આ પ્રોસેસને કંપનીએ પહેલવહેલી અમલમાં મૂકી તેણે, એનું રહસ્ય રખેને બીજા જાણીને નકલ કરી નાખે એ બીકે એનું પેટન્ટ ન લીધું. તો યે એનો ભેદ જાહેર તો થઇ જ ગયો, અને કરોડો રૂપિયાની કિંમતની આ શોધના શોધકને બીચારાને ફૂટી બદામ પણ ન મળવા પામી.

~

આજે ફિલાડેલ્ફિયાના એક અજાણ્યા મકાનમાં, વિવિધ રસાયણોના બાટલા ને ટાંચણોના કાગળોથી ભરેલાં ટેબલો, તથા ફોટોગ્રાફીની અવનવી પદ્ધતિઓના નમૂનાથી ખીચોખીચ ભરેલી ભીંતોવાળા એક સામાન્ય ઓરડામાં પોતાની એંશીમી જન્મગાંઠ ઊજવતો એ બાંધીદડીનો જઇફ હવે એક નવી જ શોધ તૈયાર કરી રહ્યો છે, જે વડે હું ને તમે—હરકોઈ હંમેશ વાપરનાર—સાદાને બદલે રંગીન ફોટોગ્રાફો જ પાડતા થઇ જઇશું.—ઈ.ત.

[અનુસંધાન પૃ. ૧૧૩થી]

ખખડ્યા દ્યૂતના પાસા, શિરથી મુકુટો સર્યા,
ઊંચાં એ શિર થ્યાં નીચાં, કરોથી શસ્ત્ર યે સર્યાં.
પાંચાલીની પોક સભા વિષે પડી,
ને નિમ્ન નેત્રે નૃપમંડળી ખડી.
દુઃશાસને વસ્ત્રવિમોચ આદર્યો,
સૌભાગ્ય-તારો પલટા કંઇ ફર્યો.
કૃષ્ણની કુલજા કેરી લજ્જા રક્ષાઈ દૈવથી,
ખેંચાતાં દ્રૌપદી વસ્ત્રો નવસ્ત્રા કીર્તિ કૌરવી.



લઇ પ્રતિજ્ઞા ભડ ભીમ ઉછળ્યો,
આર્યત્વનો રોષ મહાન ઊકળ્યો.
વિનાશની શ્યામળ ઘોર છાયા
સૌ કૌરવો પે ચકરાઈ ત્યાં રહી.
અરણ્યે તૃણશય્યામાં પોઢેલા પાણ્ડુપુત્રના
તળાંસી દ્રૌપદી નિત્યે પોઢ્યા પૌરુષને રહી.
કિરીટીએ ત્યાં રિઝવ્યો કિરાતને,
ને ભીમ વન્યત્વ વધારી ત્યાં રહ્યો,
સૌમ્યપ્રભા ધારત ધર્મકેરી
પ્રજ્વાળી જ્વાલા નિત દ્રૌપદી રહી.
શક્તિ ને તપ, ઉત્સાહ સંવર્ધી પાણ્ડુપુત્ર સૌ
દટાયા વેશ અજ્ઞાતે ધાન્ય શા ફૂટવા ફરી.
સૈરિન્ધ્રીની સોડ ચહંત કીચક
અગ્નિતણી છેવટ સોડ પામ્યો,
ને ઉત્તરાનો ગુરુ મુગ્ધ વ્યંઢળ
સ્વપુત્રની ભાવિ વધૂ જ પામ્યો.
વિષ્ટિની વાત વંઠી ગૈ, ખાંડાં ત્યાં ખખડી રહ્યાં,
મૃત્યુના મોરચાનાં આમંત્રણો વિશ્વમાં વહ્યાં.
તે ભીમની કમ્મરને કસી હશે,
પ્રેર્યો હશે અર્જુનને ય ચુમ્બને.
યુદ્ધે થતા અસ્થિર તે યુધિષ્ઠિર
હશે હલાવ્યા સ્મરણોથી દૈન્યનાં.
મદથી અંધ ઝાઝેરા અંધના પુત્રજૂથની
પાશવી રાજ્યવૃત્તિની સીમા ત્યાં તૂટવા ખડી.
સ્વસ્વસ્થિતિ ન્યાયભરી પ્રમાણતા
અધર્મ પક્ષે ય સ્વધર્મ માનતા,
મહાન પ્રજ્ઞો સ્થિરબુદ્ધિ વિજ્ઞ સૌ
રહ્યા વહાવી નિજ શસ્ત્રસ્રોતને.
ગીતાનો ઘોષ સંગ્રામે શંખભેરી સમો થયો
શત્રુ ને મિત્ર બંનેને પ્રયોજી કર્મમાં રહ્યો.
સમગ્ર સંતપ્ત સુદુઃખી જીવને
ઝંખેલ ઐશ્વર્ય ફળંતું ન્યાળતી
સંગ્રામના તે શિબિરે સુતેલીને
નિદ્રા કદી નેત્રની ઢૂંકતી હશે ?
ભીષ્મના પદ પૂજીને યાચી સૌભાગ્યની સુધા
ભીમનાં ભીમકર્મોની બની એ પ્રેરણા સદા.
ઝઝૂમતા યુદ્ધ વિષે સુયોધથી
ઝાઝેરૂં હૈયે ધરતી જ ધૈર્ય,
સુવીર્યને વીરતણાં ટપી જતી
સંગ્રામની યોજક એ બની રહી.



કોપેલી ભ્રમરે એની કૌરવો રગદોળિયા
ઉગ્ર આવેગથી એના મોડાયાં માન મત્તનાં.
અસ્તે જતા યુદ્ધની એક રાત્રિએ
પાંચે હણાતાં સુકુમાર પુત્રો,—
પંચાંગથી છિન્ન શી માતૃવલ્લરી
બની રહી કાલિ કરાળ કોપતી.



આંતરી અશ્વત્થામા ભીમે ભોગળ શા ભુજે
ઝંટવી તેજ એનું લૈ પાંચાલીને પ્રસન્ની ત્યાં.

સ્મશાનમાં એ કુરુક્ષેત્રકેરા
નિહાળી અગ્નિ શતશઃ ચિતાના,
એ અગ્નિજા કૌરવની નિષૂદની
શોચી રહી કૈં શિબિરાંગણે ખડીઃ

પૃથિવી પ્રાપ્ત થૈ હાવાં, શત્રુનાં શૂળ સૌ ટળ્યાં,
આંગણે આવ્યું ઐશ્વર્ય, હૈયે કાં અશ્રુ ના ઘટયાં?

સ્વપુત્રને યોજી સ્વરાજ્યની ધુરે
પ્રસ્થાન ત્યાં આદરતા જ પાણ્ડવો,
પાંચાલપુત્રી પતિપાય પેખતી,
રહ્યાં વધી સૌ હિમવાનની દિશે.

ભવ્ય એ ગિરિને ભાલે વસેલી વિશ્વશાંતિ ત્યાં
યુદ્ધદાઝ્યા નરોને તે નિમંત્રી શાંતવા રહી.

ત્યાં કંદરાને શિર લાગી કેડીએ
આલંબી અન્યોન્ય વધી રહ્યાં સૌ,
ચોમેર ઊભો હિમથી છવાયલો
મહાદ્રિ સૌનાં પગલાં ઝીલી રહ્યો.

રંગબેરંગી કર્મોની જાગે છે જીવનસ્મૃતિ,
વધતાં પગલાં આગે વિસ્મૃતિ મેર મુક્તિની.

અમૂર્ત ભાવી ગમ મુગ્ધ હૈયે
નિહાળતી ઉત્સુકનેત્ર દ્રૌપદી
સરી પડી જીવન અદ્રિકેડીથી
ઢળી તહીં મૃત્યુ તણી કરાડમાં.

'ક્ષમા....'ના અધુરા વાક્યે સમાતી વાણી કંઠમાં,
પાંચે યે પાણ્ડવો ભાળે હૈયાના રિક્ત રંધ્રમાં.

વસેલી હૈયે મધુરા હુતાશ શી,
તેના જતાં અંતર ખાલી કંદરા
સમાં થયાં,આંધી હિમાળી મૃત્યુની
ઠારી રહી જીવનકેરી ઉષ્મા,

અગ્નિની દુહિતાકેરી ચિતા ત્યાં હિમમાં થઈ,
બળેલાં ઉરની ભસ્મે છાવર્યો અદ્રિને જઈ.

ને જિંદગીની અવશિષ્ટ સંસ્મૃતિ
વાગોળતા પાણ્ડવ પાંચ શોચતા,
સ્વર્ગાભિમૌખ્યે પગ માંડતા શનૈઃ
હૈયું દબાવી હિમનું વધી રહ્યા.

સુન્દરમ

સુ શો ભ ન કા ર · ક નુ દે સા ઈ



ભારતેન્દુ

ગુજરાતમાં જ્યારે 'ડાંડીઆ'ધારી નર્મદે ગુજરાતી ભાષાને અસ્મિતા અપાવવા ઝંડો રોપ્યો હતો અને વિદ્યાસાગર ને બંકિમબાબુ બંગાળીનું મહત્ત્વ સ્થાપવા મથી રહ્યા હતા, જ્યારે શ્રી વિષ્ણુ કૃષ્ણ ચીપળૂનકર મરાઠી ભાષાની સૂતેલી અસ્મિતાને જોરશોરથી જગાડી રહ્યા હતા એ જ વેળા હિંદી ભાષાના શુભ શુકન ભાખતા આ 'ભારતેન્દુ'નો પણ ઉત્તર ભારતમાં ઉદય થએલો.

ઓગણીસમી સદીના આરંભ સુધીમાં તો બ્રિટિશ રાજ્યના પાયા હિંદમાં સુદૃઢ જામી ગયા. એ જમાવટ શક્ય અને સત્ય બનાવનાર મુર્શિદાબાદના નગરશેઠ અમીચંદને તેના કામગીરી બદલ રૂપિયા ત્રીસ લાખ આપવાનું વચન આપ્યા છતાં કંપની સરકારનો પ્રતિનિધિ રૉબર્ટ ક્લાઇવ ફરી બેઠો. એ આઘાતે અમીચંદ પાગલ બની ગયા. ક્લાઇવના સૈન્યે એમના ભુવન પર હલ્લો કર્યો ને પરિણામે બધી સ્ત્રીઓ જીવતે જ ચિતામાં ખડકાઇ બળી. અંતે તેમના પુત્ર ફતેહચંદે મુર્શિદાબાદ છોડયું અને એ અવમાનિત ભૂમિને છેલ્લા રામરામ કરી તે કાશીમાં પોતાના સસરાને ત્યાં જઇ વસ્યા. સસરાને કોઇ પુત્ર નહોતાં તેની મિલકતના વારસદાર પણ એ જ બન્યા.

આ ફતેહચંદના પુત્ર બાબુ હરખચંદ કાશીનરેશના ખૂબ માનીતા હતા. દરબારી ખજાનો પણ એમને ત્યાં જ અમાનત રહેતો ને બદલામાં સારૂં જેવું વેતન તેઓ મેળવતા.

હરખચંદના પુત્ર ગોપાલદાસ કવિ થયા. કવિ નહિ પણ મહાકવિ. કુલ ૨૭ ગ્રંથો રચી તેમણે હિંદી-ભાષીઓ ઉપરાંતના લોકોમાં પણ સારૂં સ્થાન મેળવ્યું છે. કવિ તરીકે તેમણે પોતાનું નામ ગિરધરદાસ રાખેલું. પોતાની સાલસાઇને લઇ જેટલા તેઓ રૈયતના માનીતા હતા. એટલા જ સલ્તનતના પણ બનેલા. ૧૮૫૭ના હિંદીસ્વાતંત્ર્યના પહેલા પ્રયાસ વખતે બનારસ રેસિડન્સીએ પોતાનું બધું જોખમ તેમની કોઠીમાં સંતાડેલું ૧૮૬૦માં જ્યારે શસ્ત્રકાનૂન પસાર થયો ત્યારે પણ ગોપાલદાસને તલવાર, બંદૂક, બરછી વગેરે અડતાલીશ હથિયારો રાખવાની પરવાનગી મળેલી.

ઇ. ૧૮૫૦માં આ ગોપાલદાસને ત્યા સપ્ટેંબરની ૯ મીએ એક પુત્ર જન્મ્યો. તેનું નામ હરિશ્ચન્દ્ર રાખવામાં આવ્યું. સતયુગના હરિશ્ચન્દ્રની સરખામણીમાં જેને ઊભો રાખવામાં જરાયે અઘટિતતા ન લેખાય એવા ભારતના આકાશના એ ભવ્ય ભાવિ સિતારાનું ઉત્ક્રમણ પિતાની વત્સલછાયા નીચે થવા દેવા કુદરત નાખુશ હતી. હરિશ્ચન્દ્ર નવ વર્ષ પૂરાં પણ ન કર્યાં ત્યાં તો માત્ર સતાવીશ જ વર્ષની વયે ગોપાલદાસ દેવલોક પામ્યા.

માતા તો પાંચ વર્ષની વયે જ ગુમાવેલી ને નવ વર્ષે પિતા; એટલે હરિશ્ચન્દ્ર અને તેમના નાના ભાઇ ગુલાબચન્દ્રનો ઉછેર ઘરના વિશ્વાસુ નોકર ગયુના હાથ નીચે થયો. કુટુંબ પહેલેથી જ ધનાઢ્ય હતુ એટલે નિર્વાહ માટે તો કશી ફિકર જ ન હતી; ને પાછી કાશીનરેશની પૂરી મહેરબાની હતી.

હરિશ્ચન્દ્રની પ્રકૃતિ પહેલેથી જ સ્વતંત્ર ને તોફાની હતી. નાનપણમાં ઝાડો પર કૂદાકૂદ કરવી, તળાવોમાં પડયા રહેવું ને ચાલતી ગાડીએ ચડઉતર કરવા કર્યામાં જ તેની મઝા શમાઇ જતી. એક વખત તો કર્દમેશ્વરથી દોટ કાઢી તે ઠેઠ ભીમચંડી પહોંચીને જ શ્વાસ ખાધો. ગલીઓની દિવાલો પર ફોસફરસનાં ચિત્રો ચીતરી રાહદારીઓને બીવડાવવાનો તો તેને અજબ શોખ હતો. શરૂઆતમાં ક્વીન્સ કૉલેજમાં તેઓ દાખલ થએલા પણ પ્રકૃતિ સ્વચ્છંદ હોઇ ક્યારેક જતા ને ક્યારેક નહિ. વળી પાન ખાઇને કૉલેજમાં ન આવવાનો હુકમ છતાં તેઓ પાન ખાઇને જ જતા. પરિણામે તેમને કૉલેજમાં જવું બંધ થયું ને એ જ ઠીક થયું. નહિતર આજની હિંદી ભાષાને જન્માવી, વિકસાવી,

'ભારતેન્દુ' બનનારને બદલે એ કાલંજે એકાદ ગેર-ટંકશાળી સિક્કા જેવો કોઇ અર્ધદગ્ધ ગ્રૅજ્યુએટ જ સમાજને માથે પછાડ્યો હોત!

ચૌદ વર્ષની વયે હરિશ્ચન્દ્રના લગ્ન થયાં. પણ એ લગ્ન બાદ પણ સ્વભાવની સ્વાતંત્ર્યતા તો કાયમ રહી. હવે તેઓ હિંદુસ્તાનના પ્રવાસે નીકળ્યા. આ પ્રવાસે જ તેમને નિશ્ચિત ધ્યેયની સમીપ આણી મૂક્યા. તેમના માનસમાં એ પ્રવાસે ઉત્પાત મચાવી મૂક્યો.

ગુજરાતમાં ત્યારે 'ડાંડીઆ'ધારી નર્મદે ગુજરાતીને અસ્મિતા અપાવવા ઝંડો રોપ્યો હતો. બંગાલમાં તો વિદ્યાસાગર અને બંકિમબાબુએ ભાષાની ભુલાએલી અસ્મિતાને નવા જ અંકુર ફૂટાવ્યા હતા મરાઠી પણ બાકી ન રહી હતી. શ્રી વિષ્ણુ કૃષ્ણ ચીપળૂનકર તેની સુતેલી અસ્મિતાને જોરશોરથી જગાડી રહ્યા હતા. હરિશ્ચન્દ્રે આ બધું નજરો નજર જોયું. ભૂલાએલી પ્રાન્તીય અસ્મિતાને પુનર્જીવન આપવા બધાએ પ્રવૃત્ત થએલા ત્યારે ઉત્તર ભારત તો ખાસી ઊંઘ લઇ રહ્યું હતું. ભણેલા લોકોની ગરદન પર ત્યારે પાશ્ચાત્ય સભ્યતા ચડી બેઠેલી અને તેઓની જીવનસાફલ્યની ભાવના અંગ્રેજોની નોકરી ને ખુશામત કરવામાં જ શમાઇ જતી હતી. દેશ, ભાષા, સાહિત્ય ઉપર વાતચિત કરવાની યે કોઇને ગરજ ન હતી. ઉત્તર હિંદમાં ત્યારે ભાષા જેવું કશું હતું જ નહિ. ધરગથ્થુ હિંદી ભાષા બોલવા ચાલવામાં વપરાતી. અંગ્રેજી ભણેલાઓ ત્યારે જાહેરમાં તે બોલતાં શરમાતા ને સંસ્કૃત ભણેલા ત્યારે 'ભાખા' કહી તેને વગોવતા. એવી ભાષાના સાહિત્યની તો ત્યારે ક્યાંથી આશા રાખી શકાય?

પ્રાન્તેપ્રાન્તની જાગતી અસ્મિતા જોઇ હરિશ્ચન્દ્રને લાગ્યું કે ભાષાના બેડાણ વિના પ્રજાની અસ્મિતા જામવી શક્ય નથી. તરત તેમણે નિશ્ચય કરી લીધો. ઘરગથ્થુ ભાષામાં જ તેમણે લખવું શરૂ કર્યું ને એ નમાઇ હિંદી ભાષાનો પ્રભાવ જમાવવા 'કવિ વચન સુધા' માસિકને પણ જન્માવ્યું. અવમાનિત એ ભાષા કોઇ પણ રીતે સત્કારપાત્ર બને એ ખાતર તેઓ તન, મન, અને તેથી યે વધુ ધન તે પાછળ ખર્ચવા લાગ્યા. તેમનો ભાષાપ્રેમ એટલા પરથી જ સમજાઇ આવશે કે કાશીમાં ગંગા નદી પર બનના પૂલ માટે પ. સુધાકરજીએ હિંદીમાં એક દુહો રચ્યો



ભારતેન્દુ હરિશ્ચન્દ્ર

તે માટે તેને ૧૦૦ રૂપિયા ને એક શાલ તેમણે બક્ષિસ આપેલી અને 'બિહારી સતસઇ'ની સંસ્કૃત ટીકા લખનાર એક પંડિતને તેમણે પાંચસો રૂપિયા આપેલા.

હિંદી બોલી કોઇ પણ રીતે ભાષાના માધ્યમ તરીકે સ્વીકારાય તે માટે ઇતિહાસ, પ્રવાસ, પિંગળ, વિજ્ઞાન, નાટક, સમાજસુધારો, રાજકારણ બધા યે વિષયો પર તેમણે કલમ ચલાવી અને પોતાના વ્યક્તિત્વ, ઉત્સાહ અને પુરસ્કારથી અનેકોને કલમ ચલાવવા પ્રેરી રહ્યા. એ માટે તેઓ નાણું તો એટલી છૂટથી ઉડાવતા કે લખી શકવાની જરાસી શક્તિ ધરાવનારા યુવાનમાં પણ એથી લખવાની પ્રેરણા જાગતી. એક કથાકારને હિંદી ભાષાની ખાલી પ્રશંસા કરવા ખાતર જ તેમણે બસો રૂપિયા આપેલા!

તેમના એટલા બધા ઉત્સાહ અને ઉહાપોહને લઇ જનતા પણ તેમને અપનાવતી ગઇ ને સંસ્કૃત-વિશારદો તથા ઉર્દુહિમાયતીઓના પંજામાંથી રફતે રફતે છૂટી થતી ગઇ. જનતાનો આદર મલતાં હરિશ્ચન્દ્રે એક પછી એક અનેક પત્રો કાઢવા માંડ્યાં, જેમાંના 'હરિશ્ચન્દ્ર ચંદ્રિકા' ઉપરાંત કાશીપત્રિકા, આર્યમિત્ર, ભારતમિત્ર, હિંદીપ્રદીપ વગેરે મુખ્ય ગણાવી શકાય. તેમના તરફથી અપાતા પુરસ્કારથી જ પ્રોત્સાહિત બની એટલા લેખકો ઊગી નીકળ્યા કે

(અનુસંધાન પૃ. ૧૩૧મે)

અમ્માની ગોદ



લ્જીરિયન સહરાના મુખ્યશહેર સમા બાબ–અલ-સરોકની ભાગોળે તાણેલા તંબૂઓમાંના એક તંબૂમાં આ ગુફતેગો ચાલતી હતી.

'અલબત્ત, મિરઝા ફત્તેહખાન જવાન છે, બહાદુર છે, છતાં યે સહરાના આ પ્રદેશ વચ્ચે તેનો સાથ મને નથી ગમતો.' ટૉમ લૅનોએ જણાવ્યું.

'મને તો એ ઇરાની પૂરતો દિલેર લાગે છે' ફ્રેંચ ફોરીન લીજીઅનના નાયક તોસાં લાંઓતીએ જણાવ્યું.

'દિલેર? મને તો તેની મોટી કાળી આંખો સામે જોવું યે નથી ગમતું! પેડરસન તને?' રિટર બોલ્યો.

'I don't like hat guy! મને તો આંખના પાટા જેવો લાગે છે.' પેડરસનનો જવાબ મળ્યો.

અને ખરું જોતાં બધા કરતાં વજનદાર અભિપ્રાય પણ પેડરસનનો જ ગણાય. સહરાના પ્રદેશને ફળદ્રુપ કરવાની ફ્રેંચ યોજનાનો એ સ્વીડ નેતા હતો. ટૉમ લેનો અને રિટર સાથે મિરઝા ફત્તેહખાન પણ તેના હાથ નીચેનો માણસ હતો. છતાં એ ત્રણે જણ મિરઝા પ્રત્યે હમેશાં સૂગથી વર્તતા. તેના માટે કોઇને સારો અભિપ્રાય હોય તો અવાર નવાર એ તંબૂઓની મુલાકાત લેતા ફ્રેંચમૅન તોસાં લાંઓતીનો..'

અલબત્ત, એ ત્રણે જણની સૂગનું કારણ રંગભેદ ન હતું, કારણ સંપૂર્ણ ઇરાની તોખમ ધરાવતો મિરઝા વર્ણમાં તેમનાથી જરાયે ઉતરતો ન હતો. વળી તેનો બાપ ન્યૂયૉર્કમાં કોન્સલ જનરલ હોઇ મિરઝાએ અમેરિકન રીતભાતો સંપૂર્ણ અપનાવેલી. પણ ગોરાઓની એ સ્વભાવગત ખાસિયત જ હોય છે કે હરકોઇ પૂર્વવાસી પ્રત્યે તેમના નાકનું ટીચકું ચડયું જ રહે છે ને જંગલવાસી પક્ષીઓ પાળેલા પક્ષીઓ તરફ જેવી તૃણાની નજર રાખે છે એવી જ તેમની નજર રહેલી હોય છે.

ઓલ પેડરસન શરૂઆતથી જ મિરઝાને પોતાની શેહ નીચે દબાવવાના પ્રયાસો કરતો રહ્યો હતો. મિરઝા કંઇ અણઘડ ન હતો; તેની સુઘડતા તેના કાર્યમાં ખીલી ઊઠતી ને પેડરસનનું હૈયું પણ તે કબૂલ કરતું. પણ તેના હોઠો હકાર ભણવા તૈયાર ન થતા.

(અનુસંધાન પૃ. ૧૩૩મે)

એક સાંજે સહરાની પીળી રેતી પર દિવસ વિદાય લઇ રહ્યો હતો ત્યારે આખી ટોળી તંબૂમાં ખાણું લેવા એકઠી થએલી. મિરઝા ફઝલખાન પણ પોતાના મેજ પાસે ગોઠવાયો અને ઓલ પેડરસનની જબાંદરાઝી ચાલુ થઇ. મિરઝાના દરેક કામની, તેના દરેક શોખની તેણે આલોચના આદરી.

મિરઝાએ કશું લક્ષ ન આપ્યું. સુખડ અને ઓળિયાની સુવાસ ભરી ઇરાનની શેરીઓ તેને સાંભરી. રંગની જમાવટભર્યા મુશાએરા ને દિલેર બુઝુર્ગો તેના અંતરમાં રમવા લાગ્યા, પણ આ પ્રદેશ છોડવા તો તે તૈયાર ન જ હતો. સહરા તેને ગમી ગયું હતું અને તેનું કારણ બાબ-અલ-સરોકમાંનાં નાનાં બાળકો હતાં. સીદીઓ અને આરબો, બદુઓ અને તીરિગોના શહેરમાંના બાળકો સાથે તે ખૂબ હળી ગયો હતો. તેમની સાથેના બાલિશ વાર્તાલાપમાં તેને પોતાની પૂર્વસ્મૃતિઓ જાગતી. અને એટલો સહારો હોવાથી જ તેને કદી કંટાળો ન જણાતો. કામથી છૂટતાં જ તે સીધો શહેરનો રસ્તો લેતો ને દરવાજામાં પેસતાં જ ડઝનેક બાળકો તો તેને વીંટળાઇ જ વળે!

પેડરસનની જબાન હજુયે ચાલુ જ હતી. પોતાથી પાંચ ઇંચ નાના ને વીસથી યે વધુ ઓછી વયના મિરઝાને ચીડવવામાં તેને ઓર આનંદ આવતો. તેવામાં કમનસીબે રિટરે બાળકો પ્રત્યેના તેના ચાહનો સ્ફોટ કર્યો.

'મિરઝા, તું સર્વેમૅન છે કે બાબ-અલ-સરોકનાં બાળકોની નર્સ?' પેડરસન બોલ્યો.

મૂગો ને મૂગો મિરઝા પીરસાએલા ખાણા તરફ જોઇ રહ્યો. જાણે કશું સાંભળ્યું જ ન હોય એમ તે વર્ત્યો પણ ત્યાં તો ટુકડીના બબરચી સૈયદ બિન યુસફના ૭ વરસના લડકા મહમદ ફૈઝલે બૂમ પાડી, 'ચાચા!'

'ઓહો, ફૈઝુ! તારા. . . .'

'મિરઝા, દૂર થા અહિંથી!' વચ્ચે જ પેડરસન બોલી ઊઠ્યો. રિટર ને ટૉમ લેનો રૂમાલમાં હાસ્ય સંતાડવા લાગ્યા.

'પણ મૉંશ્યૂ . . .'

'મિરઝા, મર્દો વચ્ચે તારૂં કામ નથી; ઇરાન જઇ તારી અમ્માની ગોદ પકડ!'

અને ત્રણે ગોરાઓ ખડખડાટ હસી પડ્યા. મિરઝા કશું ન બોલતાં થોડીક ઉધરસ ખાઇ શાંત



પેડરસને પિસ્તોલ ખેંચી

પડ્યો ત્યાં ટૉમ લેનો બોલ્યોઃ 'પેડરસન, તને ખબર છે? મિરઝા એક દિવસ આ નેટિવો જેવો જ ગાંડો ખૂની થશે ને પછી. . . .'

'....ને પછી?' રિટરે પૂછ્યું. ટૉમ લેનોએ આંખથી જ તેનો જવાબ આપ્યો ને ત્રણે જણ ફરી ખડખડાટ હસી પડ્યા.

મિરઝાના ચહેરાએ લાલાશ પકડેલી છતાં તેની જબાન તદ્દન શાંત રહેલી. રિટરે ટૉમ લેનોના કાનમાં કંઇક કહ્યું. મિરઝા એક જ શબ્દ સાંભળી શક્યોઃ 'બીકણ!' છતાં યે તે તો શાંત જ રહ્યો. ધ્રૂજતી આંગળીઓએ રોટી ભાંગી તેણે ખાણું શરૂ કર્યું. જેટલી ધીરજ પૂર્વના લોકો પકડી શકે છે એટલો જ વેરનો દાગ પણ સાબૂત રાખે છે એની કશી યે દરકાર રાખ્યા વગર ગોરાઓએ પણ ખાણું શરૂ કર્યું.

બીજા દિવસની સાંજ પડી ને મિરઝાએ તો ફરી બાબ-અલ-સરોકનો રસ્તો લીધો. તોસાં લાંબોતીને

[અનુસંધાન પૃ. ૧૪૦મે]



સિંહનો ભેરુ

ધખધખતી લૂ વચ્ચે વિસામાનું સ્થાન શોધતી શાહુડી શિયાળની બખોલમાં આવી પહોંચી. શિયાળ ત્યારે શિકાર શોધવા ગએલો, પણ માદા બખોલની અંદર જ હતી. આ નવા આગંતુકને બચ્ચાં વાસ્તે નુકસાનકારક સમજી તે તેનો સામનો કરવા તૈયાર થઇ.

શાહુડી તો તદ્દન નફિકરી જ રહી. જેવી શિયાળવી આવી તેને પંજો મારે કે એકાદ બે સોયા તેના પંજામાં પેસી જ ગયા હોય. શિયાળવીને છેવટે ડહાપણ આવ્યું કે હુમલાને યોગ્ય એ પ્રાણી નથી, એટલે તેને મૂકી દઇ તે બચ્ચાંને સમાલતી બેસી રહી.

હવે શાહુડી પણ બખોલમાં એક ઠેકાણે ખાડો ખોદી પડી. તે કોઇને નુકસાન ન કરતી ને થોડા વખતમાં શિયાળનાં બચ્ચાંઓ સાથે હળી પણ ગઇ.

વખત જતાં શિયાળજોડું શાહુડીનો વિશ્વાસ પણ કરવા લાગ્યું ને પછી તો ઘણી વખત બચ્ચાં તેને વિશ્વાસે મૂકીને શિકારે ઊપડી જતું.

એવી રીતે એક દિવસ શાહુડીને બચ્ચાં સુપ્રત કરી બંને શિકારે ગએલાં; પણ પાછાં વળતાં જ બખોલ આસપાસમાં તેમણે કેટલાક કૂતરા જોયા. કૂતરાઓ તેમની પાછળ પડ્યા પણ ફરીફરીને એ જોડું બખોલ આગળ જ આવી ઊભે. કૂતરાઓને વહેમ પડ્યો કે નક્કી તેમનાં બચ્ચાં બખોલમાં હોવાં જોઇએ, નહિતર શિયાળ જેવી જાત પોતાનો જીવ આમ પ્રરાણે ન મૂકે.

શિયાળનાં નવે બચ્ચાં હજી કાચાં કુમળાં હતાં અને સીમમાં રખડતા આ કૂતરાઓની તો એક જ દાઢ તેમને પૂરતી હતી. નર માદા બંનેના ગભરાટ વચ્ચે તેઓ બખોલને આગળપાછળ ઘેરી વળ્યા.

અજાણ્યું પગેરૂં સાંભળી એકાદ બે બચ્ચાં બખોલને બીજે છેડે દોડ્યાં પણ ત્યાં યે કૂતરા ઊભેલા જણાયા. આગળથી મોત દોડ્યું આવતું હતું, પાછળ મોત રાહ જોતું ઊભું હતું.

પણ એટલામાં તો તેમને મદદ આવી પહોંચી. શાહુડી જે અત્યાર લગી ઊંઘતી હતી તે બહારના ભસભસાટથી જાગી ઊઠી એટલે બધાં બચ્ચાં તેની બાજુમાં આવી લાગ્યાં. કૂતરા આગળ વધી રહ્યા હતા ત્યાં તો શાહુડી હોશિયાર થઇ ગઇ. ફૂલીને બમણા કદની થઈ પડી હોય તેમ પોતાનાં સિસોળિયા તેણે ઊભાં કરી દીધાં અને સુસવાટા કરતી કૂતરાઓ પર ધસી.

સીમના ફરનારા કૂતરાઓ આ સૂસવતા હુમલાથી જાણીતા હતા એટલે હિંમત, ક્રૂરતા, ભૂખ બધું યે ભૂલી તેઓ પાછા હઠી ગયા. એક જુવાન કૂતરાએ જરાક હિંમત કરી, પરંતુ તે પણ શરીરમાં ખૂંચેલા બે સોયા સાથે ચીસ પાડતો બખોલ છોડી ગયો અને એકકે શત્રુ ન રહ્યો હોવાની ખાત્રી કરી શાહુડી પાછી ફરી.

આમ ત્રિપુટીના રક્ષણ તળે ઉછરતાં બચ્ચાં હળવે હળવે મોટાં થતાં ગયાં એટલે મા અને બાપ તેમને જીવન નિભાવવાની જુદીજુદી તરકીબો શીખવતાં ગયાં. ઘણી વખત તેમને કસરત જ કરાવે. ઘણી વખત કોઇ સસલાંનો તેમની પાસે શિકાર કરાવે તો કોઇ વખત પોતાની સાથે યે શિકારે લઈ જાય



સિંહ સીધો સાબરની પીઠ પર બાઝી પડયો

ધીમેધીમે બચ્ચાં સ્વતંત્ર શિકારીઓ બનવા લાગ્યાં. નવે બાંડુઓમાં ગળે લાલચાઠાવાળું બચ્ચું વધુ સાહસી હતું. ઉંમરમાં આવતાં તો તેની જાતનું નામ રાખે એવો ચાલાક શિયાળ તે બની ગયો હતો. તેને જંગલનો એક ખૂણો ઓછો પડવા લાગ્યો એટલે મરજીસર ઘૂમવા તે બીજાં બાંડુઓથી છૂટો પડી ગયો.

તેણે એક નવું સાહસ વિચાર્યું. શિકારે નીકળતા સિંહની પાછળ પડીએ તો શું ખોટું? ઘણાઓ માને છે કે સિંહની પાછળ પાછળ શિયાળ ચાલ્યું જાય છે; પણ એ ભૂલ છે. ખરી રીતે તો માથાનું ફરેલું શિયાળ હોય તે જ એમ કરી શકે છે. તેને કોઇ પણ પળે મોત માટે તૈયાર રહેવું જોઇએ, કારણકે કોઇ વણ-આમંત્ર્યો પરોણો પોતાના શિકારમાં ભાગ પડાવે એ સિંહ જેવું રૂઆબદાર પ્રાણી કેમ સાંખે? એટલે તેની પાછળ ફરનાર શિયાળનું જીવ્યું ગમે તેટલું હોય પણ બાકી કેટલું જીવશે તે તો અચોક્કસ રહે.

છતાં લાલ ચાઠાવાળા શિયાળે પોતાની જિંદગી એ જ ક્રમમાં હોમી.

આવળની કાંટાળી ઝાડી વચ્ચેથી ગૌરવની સાક્ષાત મૂર્તિ શો સિંહ હળવે ડગલે ચાલ્યો જતો હતો. તેનાથી દૂર, છતાં તેને નજરમાં જ રાખતો, પેલો શિયાળ પણ પાછળપાછળ ચાલ્યો આવતો હતો. ઠંડા પાણીના ઝરા પાસે પહોંચતાં સિંહ જરાક ખમચાયો ને તરત માથાપૂર ઘાસ વચ્ચે સંતાઇ ગયો. દૂરના શિયાળે પણ તેનું અનુકરણ કર્યું.

એક સાબર હળવેહળવે ઠંડું પાણી પીવા ઝરા પાસે આવી પહોંચ્યું. તેના હોઠ પાણીને અડયા ન અડયા ત્યાં તો ઘાસમાં સંતાએલો સિંહ કૂદી પડયો. ઘાસ અધસૂકું હતું એટલે કૂદકાનો અવાજ સાબરના સરવા કાને તરતજ પકડી પાડયો અને પાણીનો ઘૂંટડો ભર્યા વિના તે નાઠું. સિંહ પોતાના લક્ષેલા શિકારને એમ જવા દે તેમ ન હતું. તેણે પણ બે-બાકળા સાબર પર દોટ મૂકી. હવે સાબર કેટલે સુધી ટકી શકે? તે બે પગલાં વધે ત્યાં સિંહ ત્રણ ફલંગ વધી ગયો હોય. આખરે છેટું ભાંગી ગયું અને નાસતા શિકાર પર નેમલક્ષી ઝડપે સિંહે કૂદકો માર્યો. સીધો

સાબરની પીઠ પર તે બાઝી પડ્યો. એક જ પંજા વડે તેણે તેની ગરદન ચીરી નાખી અને બીજી જ પળે પોતાનાં જડબાં વડે તેની ધ્રૂજતી પીઠ પરની ચામડીની ખોલ તેણે ઊતરડી નાખી. જીવતુંજાગતું સાબર થોડીવારમાં તેની ઊજાણીનું પીરસણું બની ગયું.

શિકારને થોડીવાર જોતો એ ઊભો. ત્યાં તો દૂરથી શિયાળ પણ ધીમેધીમે ઝાડીથી બહાર સરતો આવ્યો. સિંહે તે જોયું. ક્રોધથી તે ધૂંવાફૂંવા થઇ ગયો. મહેનતનું જોખમ ઉઠાવવાને બદલે ખાલી નફાના જ ભાગીદાર થવા ઇચ્છતા એ શિયાળ પાછળ કાંધ નમાવી તે દોડ્યો, પણ શિયાળ તો તરત જ અદૃશ્ય થઇ ગયો.

ફરી તે શિકાર પાસે આવી પહોંચ્યો. તેની શંકાભરી નજર હવે વધુ ચપળ બની હતી. તરત તેણે ગુમ થએલા શિયાળને ઘાસના છેવાડામાંથી બહાર નીકળતો જોયો. તે આગળ ને આગળ સર્યો આવતો હતો. સિંહે પૂરા ઝનૂનથી ફરી દોટ મૂકી. તેની કેશવાળી વેગને લીધે તેની ગરદન આસપાસ ચન્દ્ર જેમ ગોળાકાર ફેલાઇ ગઇ. મોઢામાંના દાંત દેખાઇ આવે એટલાં પહોળાં જડબાં ફાડી ગર્જના કરતો તે દોડ્યો.

શિયાળ હવે હાથવેંતમાં આવી લાગ્યો હતો અને તરત તેનો ટોટો પીસી નાખવા તૈયાર થએલા સિંહે કૂદકો માર્યો. થોડી જ વારમાં શિયાળ હતો ન હતો થઇ જાત, પણ એ ચાલાક પ્રાણીએ કૂદકાની નેમ જાણી જઈ સીધી દોટ પડતી મૂકી વળાંક લઇ લીધો. સીધા કૂદકામાં સિંહનું શરીર વળાંક પકડવા અશક્ત હતું એટલે તે તરત જ સીધો દૂર જમીન પર પટકાયો.

અને શિયાળે તો હવે આ ગતનું પુનરાવર્તન કરવા માંડ્યું. હાથવેંતમાં આવી પહોચતાં તરત સિંહ તેના પર કૂદે ને ફરીને ફરી લોંચા ખાઇ તે સિંહથી અમુક વાર છેટે નીકળી જાય. રસ્તામાં એવી ઘણી ઝાડીઓ આવતી જેમાં નાસી જઇ શિયાળ નિર્ભય બની જાત; પણ એ સાહસી ભેજાએ જાણે સિંહને હરાવવાનો જ નિશ્ચય કર્યો હોય તેમ તેણે પોતાની રમત રમ્યે રાખી.

છેવટે સિંહ થાક્યો અને આવી ગાંડી રમત રમવા કરતાં તાજા શિકારથી પેટ ભરી લેવામાં તેણે ડહાપણ માન્યું. તે પાછો ફર્યો. તેની પાછળ પાછળ શિયાળ પણ પાછો ફર્યો. કંટાળેલા સિંહે હવે કંઈ વાંધો ન લીધો.

શિયાળની જીવસટોસટની આ રમતથી સિંહના મનમાં તેને માટેનું માન વધી ગયું હતું. બીજાં શિયાળવાંઓ પેઠે હરનિશ પોતાને બચાવવા જ મથતું ડરપોક પ્રાણી એ ન હતો. પોતાની જાણે અનુમતિથી જ હોય તેમ શિયાળને પાછળ આવવા દેવામાં હવેથી સિંહ કશી હરકત ન કરતો.

પણ કદરશનાસ હોવા છતાં સિંહને ઘણી વખત પોતાનું વનરાજપદ સાંભરી આવતું અને ત્યારે એની આંખો ઓચિંતી ફરી જતી. સખ્ય બંધાયું હોવા છતાં સિંહની જાતને પૂરેપૂરી ઓળખતો થએલો શિયાળ પણ પોતાની જાગતી નજર સિંહ પર રાખતો જ રહેતો અને જરાસરખી યે તેની આંખો ફરેલી જણાય કે તરત ડહાપણથી ગચ્છન્તી કરી જતો.

પછી તો વસંત બેઠી. ખુશનુમાઇ વધી ગઇ અને નવાંનવાં ફૂલોના રંગે અને સુગંધે જંગલ ભભકવાળું બન્યું. નિસર્ગદત્ત પ્રેરણાથી શિયાળને લાગ્યું કે પોતાની જીવનસંગાથિની શોધવાની વય અને મોસમ હવે આવી લાગી છે. અને એ શોધતાં એ સાહસી જીવને ક્યાં વાર લાગે એમ હતી?

માણસની નજરે ભલે એ એક કાળચટ્ટી, ટૂંકડી શિયાળવી હોય, પણ શિયાળને મન તો એ સર્વગુણસંપન્ન હતી. તેની સાથે તે પ્રેમચેષ્ટા કરવા લાગ્યો. ઘણી વખત ધરાઇને સૂતોસૂતો તે પોતાની ભાષામાં તેને પ્રેમનાં ગીતો સંભળાવતો અને પ્રેમ સ્વીકારવાની વિનવણીઓ કરતો. ઘણી વખત સિંહ પાછળ ન જતાં પોતાની પ્રેયસીને ભાવતો સસલાંનો શિકાર તે કરી લાવતો ને તેને નજરાણું કરતો. તે નજરાણું એ રાજીખુશીથી સ્વીકારતી પણ પોતાનો મનોભાવ કોઇ દિવસ શિયાળ પાસે પ્રદર્શિત ન કરતી.

સઅદીની ફૂલવાડી

૨

બેદાં કિ સુલ્તાં અઝ બેહરે પાસ રઅય્યત અન્દ;
ન રઅય્યત અઝ બેહરે તા તે મુલ્ક.

'હું જાણું કે માલિક રઅય્યતની રક્ષા સારૂ છે.
રઅય્યત માલિકની ગુલામગીરી કરવા સારૂ નથી.

ગોસ્પન્દ અઝ બહાયે ચોપાં નીસ્ત;
બલ્કે ચોપાં બહાયે ખિદમત ઉસ્ત.

'ગાય ગોવાળ સારૂ નથી; પરંતુ ગોવાળ ગાયની સેવા કરવા સારૂ છે.' —દે.વા.

જંગલના સામ્રાજ્યની અંદર પોતાનો કેટલો પ્રભાવ પડે છે તે બતાવવા શિયાળ એક વખત પોતાની પ્રેયસીને તેના જૂના સખા સિંહ પાસે લાવ્યો. બીતી બીતી તે શિયાળ પાછળ દોરાયે જતી હતી. સિંહ શિકારે ઊપડવાની તૈયારીમાં જ હતો.

ત્રણે જણ ચાલી નીકળ્યાં. ઝરા પાછળ ઘાસની બનેલી વાડ પાસે પહોંચતાં જ ત્રણે અટકી ગયાં. ઝરાના કોરાણ પરથી તેમને માણસની વાસ આવી હતી. પવનનો બીજો ઝપાટો આવતાં તો ત્રણેયે એ વાસ પૂરી કળી લીધી ને સીધી પાછી દોટ મૂકી. કેમકે માણસ એ જંગલમાં સેતાનનો અવતાર ગણાય છે.

વીચ ઝાડી ને મેદાન ઓળંગી તેઓ એક આછી ઝાડી પાસે આવી પહોંચ્યાં. પરંતુ ત્યાં પણ તેમની સામે જબરદસ્ત ભય આવી પડ્યો હતો. તેઓ અટકેલા ત્યાંથી પંદરેક વાર જ દૂર ઘાસમાં એક તોતીંગ અજગર ગૂંચળું વળી પડેલો. એ ગૂંચળાની વચગાળે રહેલી તેની ડોકમાંથી આડી કીકીઓવાળી બે લાલ આંખો અમીટ નજરે તાકતી રહી હતી. એ જાગતો હતો કે ઊંઘતો હતો તે તેની અમીટ આંખો પરથી કળી શકવું મુશ્કેલ હતું. જાગતો હોય તો તો તેનાથી એટલા છેટા રહ્યા છતા બચવું મુશ્કેલ હતું. તેની ઝડપ એટલે પાણીનો રેલો અને તેનો ભરડો એટલે જીવતું મોત. સિંહ જેવું બળવાન પ્રાણી પણ એક વખત તેના ભરડામાં સપડાયું કે મર્યે જ છૂટકો!

સિંહે અજગરની ચૂડમાં ફસાઈ હાડકાંનો માવો બની જતાં ઘણાં પ્રાણીઓ જોયાં હતાં. પોતાની પાછળ એ નથી પડતો એવી ખાત્રી કરી તે નાઠો. કંઇક બીવા જેવું છે એવું જાણી જઈ શિયાળણી પણ ત્યાંથી નાઠી. પણ લાલ ચાઠાવાળો શિયાળ તો ત્યાં જ ઊભો રહ્યો.

આમ શાંત પડેલા અજગર વાસ્તે શિયાળને શંકા થએલી. તે ઠબકારતે પગલે થોડું આગળ વધ્યો. જમીન પરનો દૂરનો પણ સહેજ સરખો ધ્રુજારો અજગરને સાવધ બનાવી મૂકે છે. શિયાળ તે જાણતું હતું, એટલે અચેત પડેલા અજગર ભણી તે વધુ આગળ વધ્યો. છેવટ ગૂંચળાના મધ્ય ભાગ સુધી પહોંચવાની હિંમત તે કરી ગયો.

હજુયે અચેત ગૂંચળા પર અજગરની ડોક જેવી ને તેવી પડેલી હતી. જ્યાં મગજ અને કરોડરજ્જુનું સંધાણ થાય છે, બરોબર એ જ ઠેકાણે શિયાળે પોતાનાં જડબાંમાંની રાક્ષીઓ તિક્ષ્ણ દાંત સાથે જોરથી ભરાવી દીધી.

ભૂખથી આંધળા બનેલા શિયાળે જડબાં પાછાં લેતાં એક ઉઝરડો પાડ્યો ને જેવો બીજો ઉઝરડો પાડવા પંજો લંબાવે છે ત્યાં તો ધડીમ કરતી અજગરની પૂછડી તેના પીઠ પર અફળાઈ. તે સહેજમાં દબાતો બચી ગયો. અજગરનું ગૂંચળું ઉકલી ગયું હતું. શિયાળ ફાવ્યો હતો. અજગર મરેલો ન હતો, પણ ગળાટૂંપ સુધી શિકાર ગળી ગયો હોઈ તેને આફરો ચડ્યો હતો અને એટલે જ તે અચેત જેવો પડ્યો હતો.

શિયાળે તરત દોટ મૂકી. લોહી ઝરતા ડોકે અજગરે પણ પાછળ દોટ મૂકી. પણ ઘા બરાબર મર્મસ્થાને

ટપાલીને



'ઝૂલણા'

સાંજરે ને સવારે દઈ કાગળો
નિત્ય તું માર્ગ તારે સિધાવે
તુજ દીધા પત્રમાં એ લખ્યું શું ભર્યું
કોઇ'દિ તું ભલા! ઉર લાવે?

કેટલી માત કેરી દુવાઓ ભરી
કેટલા પ્રેમીના પ્રેમભાવ?
કેટલા ઉર કેરા નિસાસા ભર્યા?
કેટલા હર્ષ કેરા સમાવ?

કેટલાં નેન તારી પ્રતીક્ષા કરે
કેટલા કર્ણ પદરવ સુણે છે?
'ના નથી પત્ર' એવું કહીને કદિ
શું ભર્યું આંખ, સામે જુએ છે?

જાણતો કેટલા ચાંપતા છાતીએ
પત્રને ચુંબનો કૈક ચોડે!
કૈંક આંખો થકી આંસુડાંઓ વહી
ભીંજતી શુષ્ક એ પત્ર દોડે!

પ્રહ્લાદ પારેખ



વધતી વેદનાને દબાવવા અજગર ફરી ગૂંચળું વાળી બેસી ગયો

થએલો હોઇ અજગરની શક્તિ ઘટતી જતી હતી ને વેદના વધતી જતી હતી. વધતી વેદનાને દબાવવા અજગર ફરી ગૂંચળું વાળી બેસી ગયો.

થોડીવાર બાદ જોઇ શિયાળ ફરી ત્યાં પહોંચ્યું અને ચીરાએલી ડોકીમાં ઊંડે સુધી દાંત પહોંચાડી તેને તદ્દન ચીરી નાખીને ઝડપભેર બેચાર કદમ દૂર જઇ ઊભો રહ્યો.

લટકી રહેલી ડોકે અજગરે આમતેમ ફાંફાં મારતી આંધળી દોટ મૂકી, પણ તરતજ પોતાની તોતીંગ કાયા જમીન પર પાથરી દેતો તે શાંત થઇ ગયો. તેના રામ રમી ગયા હતા.

શિયાળને આ અંજામ કળતાં વાર ન લાગી. તદ્દન શાંત પગલે તે એ શબ પાસે જઇ પહોંચ્યો. તેનો મિત્ર અને તેની પ્રિયતમા દૂરથી કુતૂહલની નજરે તેને જોઇ જ રહ્યા. તેમને જાણે જોતો જ ન હોય એટલી બેપરવાઇથી તે અજગરનો નાસ્તો કરવા લાગ્યો.

શિયાળવી તરત તેની પાસે દોડી ગઇ અને અજગરને પૂંછડીથી ખાવો શરૂ કર્યો. સિંહના મનમાં હજુ કશીક શંકા રહી ગએલી એટલે એ બંને જણના ખાઇ રહ્યા પછી જ તે ત્યાં ખાવા પહોંચ્યો.

શિયાળને માટે તો આજના દિવસે જાણે સોનાનો સૂરજ ઊગ્યો હતો. તેના સાહસથી ખુશ થઇ ગએલા સિંહે પોતાના હમેશના ભેરૂ તરીકે તેને સ્વીકારી લીધો; અને તેની પ્રેયસી તેને ન સ્વીકારે એ તો કેમ જ બને?

હવે તો એ લાલ ચાઠાવાળો શિયાળ પોતાના અનુપમ સખા અને અપ્રતિમ અર્ધાંગના સાથે પોતાનાં નાતીલાંઓની અદેખાઇ વચ્ચે બેપરવાઇભર્યું સુખી જીવન ગુજારી રહ્યો છે.

(અંગ્રેજી ઉપરથી) અશોક હર્ષ

લેખકો અને પ્રકાશકોને વિનંતિ

૧૯૩૬ના વર્ષમાં પ્રગટ થએલા ગુજરાતી વાઙ્મયની સમીક્ષાનું કામ ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફથી આ વખતે શ્રી. ડોલરરાય રં. માંકડને સોંપવામાં આવ્યું છે. તો આથી સર્વ પુસ્તક પ્રકાશન–મંદિરો અને લેખકોને ખાસ વિનંતિ છે કે તેઓએ પોતાનાં પુસ્તકો શ્રી માંકડને નીચેને સરનામે મોકલી આપવા કૃપા કરવી: શ્રી ડોલરરાય રં. માંકડ, ગુજરાતનગર · કરાચી (સદર)

કબા ગાંધી

જીવનનું પરોઢ
એ ચાલુ લેખમાળાનો ચોથો હપતો



રાણી સાથે ખટપટ થયા પછી ઓતાબાપા ફરી પાછા પોરબંદરની નોકરી કરવા ગયા જ નહિ. જોકે રાજ્યના કેટલાક હિતચિંતકોએ તેમને લઈ જવા માટે તજવીજો તો ઘણી યે કરી, પણ નિવૃત્તિમાંથી ફરી પ્રવૃત્તિ આદરવી તેમને ગમી નહિ. પરંતુ હિતચિંતકોની મહેનતને પરિણામે તથા બાપાએ રાણા વિક્રમાજીત પાસે રાજ્યના દફતરમાં લખાવી રાખેલી નોંધને પરિણામે બાપાના બધા યે દીકરાઓને પોરબંદરમાં નોકરીઓ મળી. કહે છે કે જ્યારે રાણા વિક્રમાજીતના છેલ્લા દિવસો હતા ત્યારે સમયસૂચકતા વાપરી ઓતાબાપાએ તેમની પાસે પોતાની નોકરીનું લેખિત પ્રમાણપત્ર માગ્યું; કારણ રાણી કાચા કાનની હોવાથી રાણા પછી પોતાનું ભવિષ્ય જોખમાવાની તેમને પૂરી દહેશત હતી. રાણાએ ઉદારતાથી લખી આપ્યું કે 'ઓતા ગાંધીએ રાજ્યની કીમતી સેવા કરી છે ને માફ઼ તથા રાજ્યનું કામ હમેશાં પૂરી વફાદારીથી કર્યું છે. માટે ઓતા ગાંધીને આંચ ન આવે એ બાબતની સંભાળ મારા ઉત્તરાધિકારીએ રાખવી, એટલું જ નહિ પણ મારા વારસદારોએ ગાંધીના વારસદારોને હમેશાં રાજ્યમાં ઉદારતાથી નોકરી આપવી.' જોકે રાણીના જમાનામાં આ નોંધ નકામી નીવડી, પણ સગીર વયના બાળરાજા મોટા થઈ ગાદીએ બેઠા ત્યારે તેમણે આ નોંધને મહત્ત્વ આપ્યું. જેને પરિણામે બાપાના દીકરાઓ રાજ્યની નોકરીમાં પ્રવેશ પામ્યા.

બાપાને બધા મળીને દીકરા છ: પણ તેમાંના મોટાથી નાના પીતાંબર ગાંધી તો રાણી સાથે બખેડો થયો તે પહેલાં જ વેપાર કરવા કચ્છ ચાલ્યા ગએલા. તેમનો એક દીકરો હતો તેણે પણ કચ્છમાં જ વેપાર કરી જીવન પૂરું કર્યું અને એ શાખા આગળ ન ચાલી. બાકી જે પાંચ રહ્યા તેમાંના સૌથી મોટા વલ્લભજી ગાંધી રાજ્યના બાંધકામ ખાતાના ઇજનેર, ત્રીજા

રતનજી ગાંધી દફતરી, ચોથા જીવનજી ગાંધી છાયા મહાલના મહાલકારી અને પાંચમા તથા છઠ્ઠા કરમચંદ ગાંધી અને તુલસીદાસ ગાંધી એક પછી એક રાજ્યના દીવાન નીમાયા. તુલસીદાસ ગાંધીના વારસો આજે પણ પોરબંદર રાજ્યની ઊંચી નોકરીઓમાં છે.

છ યે ભાઈઓમાં સૌથી વધારે કરમચંદ ગાંધીએ જ ઓતાબાપાનો વારસો મેળવ્યો. વારસો દીવાનગીરીનો નહિ, પણ બાપાની પ્રતિભા, તીક્ષ્ણ બુદ્ધિ, સત્યપ્રીતિ અને બહાદુરીનો. દીવાનગીરી તો બાપાની પેઠે તેમણે પણ સ્વપરાક્રમે જ મેળવી એમ કહી શકાય. કારણકે શરૂઆતમાં તેમને સાધારણ જ નોકરી મળેલી. તેમાંથી પોતાની યોગ્યતા વડે જ તેઓ દીવાનપદે પહોંચ્યા. બીજા ભાઈઓનો માર્ગ સરળ કરી આપવામાં પણ મુખ્ય ભાગ તેમની જ કર્તૃત્વ શક્તિનો હતો.

કરમચંદ બાપા કબા ગાંધી તરીકે ઓળખાતા. મારા દાદાજી તેમને કબાકાકાને નામે સંબોધે છે, એટલે અહીં પણ એ જ નામ વાપરું છું. કબાકાકા કારભારી તરીકે બહુ પ્રશંસાને પામ્યા હતા. સાંભળ્યું છે કે એમની ન્યાયબુદ્ધિ બહુ વિશદ હતી. રાણા તેમની ઉપરવટ થઈ આવનારની અરજી ભાગ્યે જ સાંભળતા. કોઈ પ્રજાજન રાવ લઈને આવે તો કહે 'જા, જા, ગાંધી પાસે જા; એનું સમાધાન કર એટલે તારો ન્યાય બરાબર તોળાશે.' ન્યાયપદ્ધતિમાં પણ આજના જેવી અદાલતબાજી અને મહીનાઓ સુધીની ટાળાટાળીનો તે દિવસોમાં હજુ પ્રારંભ થયો ન હતો. વકીલોની ઇંદ્રજાળ પણ નહોતી ફેલાઈ. ફરિયાદી સીધો મુખ્ય અધિકારી પાસે પહોંચી શકતો અને પોતાનાં દુઃખહાનિ પ્રગટ કરી શકતો.

કબાકાકા બહુ સાદા હતા. એમનો પોષાક અને વર્તન એટલાં સાદાં હતાં કે સાધારણ માણસમાં ને દીવાનમાં કંઈ અંતર ન જણાય. આ સ્વભાવને કારણે એમને ગરીબગુરબાંના યે અંતરંગ બની જઈ તેમના પેટની વાત જાણી લેતાં વાર ન લાગતી.

કબાકાકાનું જ્ઞાન ઊંડું હોવાનાં અનેક કારણ હતાં. એમનું ભણતર થોડું પણ શ્રવણ ઘણું કરતા. આથી વાંચવાની સામગ્રી ઓછી છતાં બુદ્ધિનો અને હૃદયનો વિકાસ સારી પેઠે થતો. ત્યારે સાધુસંતોની જ્ઞાનપ્રચારક સંસ્થા હજી ભાંગી નહોતી પડી. તેમાં યે પોરબંદર તો યાત્રાનું સ્થાન, એટલે દ્વારિકાધામનાં દર્શને જનારા સુદામાજીની નગરીનું તીરથ ભાગ્યે જ વિસારે. દેશ આખામાં રેલવેની જાળ પણ હજુ ગૂંથાઈ ન હતી, એટલે ચારે ધામ કરનારા જાત્રાળુઓ સાવ અલ્પપ્રાણ નહોતા થઈ ગયા. ભટકતા સાધુઓનાં જૂથમાં સાચા મુમુક્ષુ સાધુઓ પણ અવારનવાર નજરે પડતા. એવા સાધુઓ ઓછીવત્તી ધર્મચર્ચા અને પૂજાઅર્ચા ઉપરાંત બહોળું વ્યાવહારિક જ્ઞાન ધરાવતા. પગે ચાલીને ભરતખંડની પ્રદક્ષિણા કરી હોય એટલે તેમને ભૂગોળનું પણ ઠીકઠીક જ્ઞાન હોય જ; એ ઉપરાંત જાતજાતના લોકોના સારામાઠા સ્વભાવનો પણ તેમને સારો એવો અનુભવ હોય. તેમાં યે કથા કરનારા સાધુઓને તો તે વખતના જીવતા જાગતા જ્ઞાનકોષ કહી શકાય. આવા સચ્ચરિત વિદ્વાનોનો સમાગમ કબાકાકાને બહુ પ્રિય હતો. એમ તો કુટુંબના બધા સભ્યો કથાશ્રવણ કરતા, પરંતુ કબાકાકાની શ્રવણભક્તિ ભારે હતી એમ સાંભળ્યું છે. કથામાં સામાન્ય રીતે શ્રીમદ્‌ભાગવત અને તુલસી રામાયણ તો હોય જ. એ ઉપરાંત ગીતા પ્રવચનો સાંભળવામાં તેઓ વધુ રસ લેતા. પાકી ઉમરે મૂળ શ્લોકો શીખવાની પણ તેમણે ઠીક મહેનત કરેલી. આખી રાજ્યવ્યવસ્થાનું કામ કરતાં છતાં રોજ સવારસાંજ બને વખત કલાક દોઢ કલાક સુધી તેઓ કથાશ્રવણ કરતા. ઓછું ભણતર છતાં જીવનની બધી દિશામાં પૂરતો વિકાસ એમણે નિત્યના આ સ્વાધ્યાયમાંથી જ સાધ્યો હશે એમ કલ્પી શકાય છે.

ગાંધી કુટુંબના કૌટુંબિક સુખનો પૂરેપૂરા મધ્યાહ્નનો સમય કોઈ હોય તો તે કરમચંદ ગાંધીનો સમય કહેવાય. કહે છે કે તેઓ જમવા બેસતા ત્યારે ઓછામાં ઓછા વીસ પાટલા એક સાથે મંડાતા. અને વારતહેવારે બધા કુટુંબીઓ સાથે જમવા બેસે ત્યારે પાટલાની સંખ્યા સહેજે સોથી દોઢસો સુધી વધી જતી. કબાકાકાના વિશાળ કુટુંબમાં ભાઈ-ભત્રીજા ઉપરાંત મુનીમો અને નોકરો જેવાનો પણ સમાવેશ થતો. પાંચ ભાઈઓના પરિવાર સિવાય આઘેપાસેનાં સગાંઓમાંથી ઘણા જુવાનિયાઓ કબાકાકા પાસે નોકરી શોધતા આવેલા. દરેકની યોગ્યતા અને શક્તિ પારખી, દફતરમાં, બંદરમાં, મહેસૂલખાતામાં બાંધકામમાં કે

બીજે એમ પંદર વીસથી વધુ જુવાનિયાઓને તેમણે પોતાની નજર નીચે કામે ચડાવેલા. આ બૃહદ્ કુટુંબના દરેકના ઘરના વ્યવહારની અને તેમની વહુદીકરીઓની ઝીણામાં ઝીણી જરૂરિયાતની સંભાળ તેઓ જાતે રાખતા. નાનું માણસ હોય કે મોટું, સૌને કરવાનાં સગાઈ, વિવાહ, છોકરાંની કેળવણી, માંદગી સમયની માવજત, રૂઢીરિવાજ મુજબની લેવડદેવડ વગેરે બધાં યે કામ કબાકાકાની સલાહ પ્રમાણે જ થતાં. પૂતળી મા પણ આખા કુટુંબની માની ગરજ સારતાં. મારાં દાદીમા વાત કરે છે કે 'પૂતળી કાકીજી અમને વહુવારૂઓને જમાડીને તેમજ એક બાળકે ય ભૂખ્યું નથી રહ્યું એ જોયા પછી જ જમવા બેસતાં. ઊંચે સાદે કદી ન બોલતાં. ન કોઇ દિવસ કોઇને તુંકારો કરતાં. એમનામાં ખાનદાની ડગલે ને પગલે નીતરતી. એટલા નોકરો અને વહુદીકરીઓ પાસે છતાં એમને આળસનું તો નામ ન હતું. પરોઢથી અધરાત સુધી ઘરનું ને રસોડાનું કામ કરતાં રહેતાં. ખાવામાં યે સાવ સાદાં. પોતે રહ્યુંસહ્યું ખાઇ લે, પણ કુટુંબમાં કોઇને ઓછું ન આવે તેનું પૂરૂં ધ્યાન રાખે' આમ પૂતળી મા જ ઘરનું કામ કરતા એમ નહિ, પણ રાજ્યના દિવાન અને મોટા કુટુંબના વડીલ હોવા છતાં કબાકાકા પણ ઘરનું કામ કરતાં. ઘેર એટલાં બધાં માણસો જમનારાં હોય તેમનું શાક કંઈ ઓછું ન હોય. આ બધું શાક સુધારવાની કાળજી કબાકાકા રાખતા. સવારે લોકો સાથે ચર્ચા ચાલતી હોય તે સાથે પોતે શાક સુધારતા અને આસપાસ બેઠેલાઓની મદદ પણ લેતા. ટૂંકમાં કહીએ તો પૂતળી મા અને કબાકાકા આદર્શ ગૃહસ્થાશ્રમી હતા. આપણા દેશમા મોટામોટાં સંયુક્ત કુટુંબોની સંસ્કૃતિ પૂર્ણ રૂપે હજારો વરસોથી ખીલેલી છે. એ જ સંસ્કૃતિમાં થઇ ગએલા સારામા સારા કુલપતિઓની શ્રેણીમા કરમચંદ બાપાનું સ્થાન મોખરે શોભી ઊઠે એવું હતું. સારામાં સારો કુલપતિ એ જ ગણાય કે જે પોતે 'ભોક્તા' ન હોય પણ કેવળ 'ભર્તા' જ હોય. પોતાના રક્ષણ નીચેનાંઓને તે બધી રીતે સુખી જોવા આડે પડના ઐહિક સુખનો લોભ ન રાખે, પણ પોતાના એશઆરામને સૂકવી નાખે. વધારેમાં વધારે કમાતા હોવા છતાં પોતાને કાજે નજીવો ખર્ચ રાખે અને થોડામાં થોડું કમાનારને સુદ્ધાં પૂરતું પોષણ અને વિકાસની અનુકૂળતા પહોંચાડવા નિરંતર કાળજી રાખે.

પૂજ્ય બાપુજીની 'આત્મકથા'ના વાચકો જાણે જ છે કે કરમચંદ ગાંધીએ ક્રમશઃ પોરબંદર, રાજકોટ અને વાંકાનેરનું કારભારૂં કરેલું. એટલે એ ઇતિહાસની પુનરાવૃત્તિ ન કરતાં તેમના જીવનમાં ઝળકી રહેલી સતત જાગૃતિ, સત્યનું તેજ અને ધનદોલત પ્રત્યેની નિઃસ્પૃહતાના બેએક વિશિષ્ટ પ્રસંગો આપી આ પ્રકરણ પૂરૂં કરીશ.

•

કબાકાકાનું પુણ્ય-તેજ એટલું હતું કે રાજકોટના ઠાકોરસાહેબ બાવાજીરાજ રાજા છતાં તેમની આમન્યા જાળવતા. પોતાના અમલદારવર્ગ કે ઊતરતી પંક્તિના ગણાતા માણસોના દેખતાં દારૂબારૂ ન પીએ એવા રાજાઓ આજે કેટલા મળશે? અથવા રાજા ઉપર એવો નૈતિક અંકુશ મૂકી શકનારા દીવાનો શોધ્યા મળશે ખરા? કબાકાકા એવા પ્રખર દીવાન હતા. બાવાજીરાજ દારૂ પીવાની તૈયારીમાં હોય અને ખબર પડે કે 'ગાંધી આવે છે' તો તુરત બાટલા આઘાપાછા કરી દેતા; અને જો પીવાઇ ચૂકયો હોય તો ખાનગી ઓરડામા જઇ છાનામાના સૂઇ જતા, પણ કદી પીધેલ સ્થિતિમાં કબાકાકાની પાસે ન ફરકતા. રાજા જેવાને આમ શેહમાં દાબનારૂં ધર્મતેજ જેવુંતેવું ન ગણાય.

કબાકાકા પોતે લાંચ રૂશવતથી સો ગાઉ દૂર ભાગતા અને આખા રાજતંત્રમાં યથાશક્તિ શુદ્ધતા જળવાવતા. એકવાર બાવાજીરાજે એમને જોઇએ એટલી જમીન માગી લેવા કહ્યું. કબાકાકાને એમાં ખોટી ખુશામત અથવા લાંચની ગંધ આવી. મહેનતાણાના બદલામા મળતા પગાર ઉપરાંતના દાનનો એમણે ચોખ્ખો અસ્વીકાર કર્યો. ઠાકોરસાહેબે કબાકાકાને પોતાના વંશજો માટે કંઇક વ્યવસ્થા કરી જવાનું સમજાવ્યું, તોપણ તેઓ એ વખતે એકના બે ન થયા. પછી જ્યારે કુટુંબીઓએ પણ બાપાને થોડીક જમીન લઇ લેવાનો આગ્રહ કર્યો, ત્યારે ઘર બાંધવા પૂરતો નાનકડો જમીનનો કકડો સ્વીકારી તેમણે સૌને સંતોષ્યા. દીવાન ધારે તો ધનનો કેટલો યે સંગ્રહ કરી શકે, પણ રહેવાના એક ઘર સિવાય વારસા માટે તેમની કેળવણી પૂરતું યે ધન કબાકાકા પોતાની પાછળ નહોતા મૂકી ગયા. આકુંચવળું કંઇ સંઘર્યું જ નહિ અને જે થોડુંઘણું કમાયા તે પર કાજે—વિશાળ

કુટુંબ કાજે—ખર્ચ્યું.

સત્ય અને સ્વમાનને ખાતર સોનાના મેરૂને યે ઠોકર મારવાની કબાકાકાની અલૌકિક શક્તિનો પરચો તેમના વાંકાનેરના ઇતિહાસમાંથી મળે છે.

વાંકાનેરનું રાજ્ય ખોખરૂં થઈ ગયું હતું. નોકર અને અમલદારવર્ગની રૂશવતખોરી તેમજ અણઘડતાને કારણે વાંકાનેરના રાજસાહેબ ભવિષ્યની ભારે ચિંતામાં પડ્યા હતા. તેવામાં કોઇ સંભાવિત ગૃહસ્થે તેમને સલાહ આપી કે રાજકોટથી ગાંધીને બોલાવી દીવાની સોંપો તો જોતજોતાંમાં બધી ખરાબીઓ દૂર થશે. રાજસાહેબને આ પ્રસ્તાવ ગમ્યો અને એમણે કબાકાકા સાથે વાટાઘાટ શરૂ કરી. રાજકોટનું કારભારૂં છોડી વાંકાનેર જવાને કરમચંદ બાપા નીચેની શરતે તૈયાર થયા.

પાંચ વરસ સુધી વાંકાનેર રાજ્યે તેમને નોકરીમાં રાખવા; પોતે જે કંઇ પ્રબંધ કરે તેમાં રાજાએ વચ્ચે દખલગીરી ન કરવી; માસિક છસો રૂપિયાનો પગાર આપવો; રાજા વચ્ચે દખલગીરી કરે ને અધવચ કારભારૂં છોડવું પડે તોપણ રાજાએ પાંચ વરસનો પૂરો પગાર આપવો; વરસના બોંતેરસો લેખે પાંચ પાંચ વરસના છત્રીસ હજાર રૂપિયા થાય તે વાંકાનેર રાજ્યે પહેલેથી જ જાણીતા ચાર વેપારીઓને ત્યાં થાપણ રૂપે મૂકવા.

કબાકાકાની બધી શરતો રાજસાહેબે સ્વીકારીને વાંકાનેરના ચાર જુદાજુદા વેપારીઓને ત્યાં નવ નવ હજાર રૂપિયાની થાપણ જમા કરી દીધી. ખરી રીતે આ થાપણ રાજકોટના વેપારીઓને ત્યાં જમા થવી જોઇતી હતી, પણ કબાકાકાનું મન મોટું એટલે આવી ઝીણી રકઝકમાં તેઓ ન ઊતર્યા. રાજકોટમાં રાજીનામું આપી તેઓ વાંકાનેર ગયા ને કામ સંભાળી લીધું.

થોડા મહિનામાં પરિસ્થિતિનો પૂરેપૂરો અભ્યાસ કરી લીધા પછી કબાકાકાએ આંતરિક પ્રબંધમાં આવશ્યક ફેરફારો કરવા માંડ્યા. કેટલાક ફેરફારો રાજસાહેબને આકરા લાગ્યા. તેઓ વચનથી બંધાયા હતા છતાં તેમનાથી ન રહેવાયું, એટલે તેઓએ કબાકાકાને ચિઠ્ઠી લખી: 'ફલાણું તમે ન કર્યું હોત તો સારૂં હતું.' કબાકાકાને એ ખૂંચ્યું, પણ ગમ ખાઇ ગયા. બેએક મહિના વીત્યા ને વળી રાજસાહેબે તેમના ઉપર ઝીણી મોટી ફેરબદલી અને વ્યવસ્થા પર ટીકા કરતો પત્ર મોકલ્યો. કબાકાકા અકળાયા. રાજાને જવાબ વાળ્યો: 'મેં કર્યું છે તે જ હિતકર છે.' રાજસાહેબ એ વખતે તો ટાઢા પડ્યા; પણ ફરી થોડો વખત ગયો ને ત્રીજી વાર રાજસાહેબનો પત્ર આવ્યો: 'ગાંધી, તમે આ ઠીક ન કર્યું; અમુક કરેલું બદલવાની જરૂર છે; ફલાણું પહેલાં હતું એ જ સારૂં હતું; ઇત્યાદિ'. હવે બાપાનો પુણ્યપ્રકોપ પ્રકટ્યો. 'મારી વ્યવસ્થા નથી ગમતી તો મારૂં અહીં રહેવું નકામું છે' એટલો સંદેશો કહેવડાવી સવાર થતાંમાં તો તેઓ રાજકોટ રવાના થઇ ગયા.

પંદર દિવસ વીત્યા પછી વાંકાનેર રાજસાહેબનો કબાકાકા પાસે માફી માગતો અને ફરી કારભાર સંભાળી લેવાનો આગ્રહ કરતો પત્ર આવ્યો. કરમચંદ બાપા પાછા વાંકાનેર ગયા. થોડી વાતચીત પછી તેઓ કળી ગયા કે રાજસાહેબ પોતાના જ કક્કાને વળગી રહેવાના; એટલે તેમણે વધુ નોકરી કરવામાં માલ ન જોયો અને રાજાને કહ્યું: 'મને માફ કરો; મારાથી વધુ નહિ ચલાવાય. શરત પ્રમાણેનો પગાર ચૂકવી આપો એટલે હું રજા લઉં.' રાજસાહેબે કહ્યું: 'ઠીક ત્યારે; રાજીનામું લખી આપો.' કબાકાકાએ રાજીનામું લખ્યું: 'તમે બે વાર મને દગો દીધો છે અને જે વાતમાં તમારે પડવાનું ન હતું તેમાં પડી આપણી શરતનો ભંગ કર્યો છે, એટલે હું કારભારાનું રાજીનામું આપું છું અને શરત પ્રમાણેના મારા પૂરા પગારની માગણી કરૂં છું.' રાજસાહેબે રાજીનામું જોઈ કબૂલ ન કર્યું અને સૂચવ્યું કે શરતભંગની વાત રાજીનામામાંથી કાઢી સાદું રાજીનામું લખી આપો તો હું તમને પૂરો પગાર આપું. કરમચંદ બાપાએ પોતાની વાત બદલવાની ચોખ્ખી ના પાડી અને કહ્યું કે 'જે વસ્તુ છે તેને હું "નથી" એમ કેમ લખું? મારૂં અહીંથી જવાનું કારણ બીજું કાંઇ છે જ નહિ.' રાજસાહેબે તેમને ફરીફરી સમજાવ્યા, પગાર ન આપવાનો ભય પણ બતાવ્યો, પણ કબાકાકા મક્કમ રહ્યા. સત્ય દબાવી ખોટી ખુશામત કરવા સામે તેમણે પોતાનો સખત વિરોધ દર્શાવ્યો.

છેવટે રાજસાહેબ થાક્યા અને કહ્યું: 'ત્યારે રહેવા દો રાજીનામું લખવું, અને આજ સુધી કરેલા કામના બદલામાં દસ હજાર રૂપિયા લઇ જાઓ. કબાકાકાએ એ લેવાની પણ ઘસીને ના પાડી. 'આપવા હોય તો રીતસરનું રાજીનામું સ્વીકારી પૂરેપૂરા આપો, નહિ તો

મારે ફૂટી દમડી યે ન જોઇએ.' રાજસાહેબને કબાકાકાનો પરિચય કરાવનાર અને બંને વચ્ચે મસલત કરાવી આપનાર સજ્જન આ વખતે ઉપસ્થિત હતા. તેમણે પણ કબાકાકાને સમજાવવામાં મણા ન રાખી: 'રાજા રૂઠે તો શું થાય એ જાણો છો ને? દસ હજાર મળે છે એ જ પાડ માનોને? મળે છે એ લઇ લો. દસ હજાર કંઈ નાની રકમ નથી.' કબાકાકા ના પાડતા રહ્યા, અને પેલા ભાઇએ સામે પડેલી દસ હજાર રૂપિયાની થેલીઓ ઉપડાવી બાપાના સગરામ (વાહન) માં મુકાવવા માંડી. ઝટ લઇને બાપા કૂદ્યા, સગરામમાં આવેલી થેલીઓ ઉપાડી ઓટલે મૂકી દીધી અને વાહનમાં બેસી પોતે રવાના થઇ ગયા.

જરાક ઝૂકવાની વાત હતી. તસુભર ઝૂક્યા હોત તો દસ હજાર તો શું પણ તેથી ચારગણું ધન તેઓને સાંપડત, પણ ટેકને છોડી રૂપિયાને નમે એવા તેઓ ન હતા. ટેક અને નાક આણીશુદ્ધ રાખી તેઓ કોરે હાથે પાછા ઘર ભેગા થયા. એટલું ખ્યાલમાં રાખવાની જરૂર છે કે એ વખતના દસ હજારનું મૂલ્ય આજકાલના જમાનામાં પચાસ હજાર જેટલું થાય. પચાસ હજાર સંઘરનારો આસામી આજે જે જાહોજલાલી ન ભોગવી શકે તે એ સમયમાં દસ હજારનો આસામી ભોગવી શકે એમ હતું.

વાંકાનેરથી આવ્યા પછી રાજકોટમાં બાપા નોકરી વિનાના થઇ પડ્યા. રાજકોટનું સ્થાન ગયું જ હતું અને વાંકાનેરનું પણ ખોયું. પરંતુ એજન્સીમાં તેમની પ્રત્યે ગોરાઓની સહાનુભૂતિ હતી એટલે પોલિટિકલ ખાતાના અમલદારોએ તેમને બીજા કોઈ રાજ્યમાં નોકરી મેળવી આપવાની મહેનત કરી. પાલીતાણા, માંગરોળ વગેરે જગ્યાએથી તેમને આમંત્રણ મળ્યાં પણ ખરાં, પરંતુ બાપાને એટલે દૂર જઇ નવેસર વસવાટ માંડવાનો ઉમંગ ન હતો. દરમિયાન તેમને દમ થઇ આવ્યો. ઘણી વાર દમના હુમલા થતા. માંદગી સાંભળી રાજકોટ ઠાકોર બાવાજીરાજ તેમને મળવા આવ્યા. તેમને ખબર તો પડી જ ગએલી કે ગાંધી બીજે નોકરી શોધે છે, એટલે મળવા આવ્યા ત્યારે તેમણે કહી દીધું: 'ગાંધી, તમારે બીજે જવાનું હોય જ નહિ. રાજકોટમાં તમારી જગ્યા આવગી છે. સાજા થાઓ કે તમે કારભારૂં સંભાળી લેજો.' વાત એમ હતી કે કરમચંદ બાપા વાંકાનેર ગયા પછી રાજકોટનો કારભાર ખૂબ ઢીલો પડી ગયો હતો; તીજોરી ખાલી થઇ ગઇ હતી; પોલીસ ખાતામાં પણ છ છ મહીનાના પગાર ચડી ગયા હતા.

કબાકાકા સાજા તો થયા, પણ ઠાકોર સાહેબ જાણે કરેલી વાત ભૂલી જ ગયા! ઘણા દિવસ ગયા તો યે તેમના તરફથી કંઇ વાત જ ન આવી. આથી તેઓ થાક્યા ને વળી બીજે કારભારીની જગ્યા મેળવવાના પ્રયાસ માંડ્યા. જૂનાગઢ જવાનું ઠર્યું પણ ખરૂં, પણ જવાની તૈયારીમાં હતા ત્યાં ફરી દમ ઊપડ્યો. કબાકાકાની માંદગી સાંભળી રાજકોટ ઠાકોર સાહેબ ફરી મળવા આવ્યા. કુશળ સમાચાર પૂછ્યા પછી તેમણે બાપાને કહ્યું: 'તમારી પાસે કામ નથી એટલે ફરીફરી રોગ તમને ઘેરી લે છે. એટલે આ હુમલો સહેજ મોળો પડે કે તુરત ખબર આપશો; હું તમને કામ સોંપી દઇશ.' આમ કહીને ગયા અને બીજે દિવસે રીતસર હુકમ કાઢી કબાકાકાને કારભારૂં સોંપ્યું.

આ પછી થોડે વખતે, બાપુજીએ આત્મકથામાં લખ્યા પ્રમાણે, કબાકાકા તેમના વિવાહમાં દોડતે સગરામે પોરબંદર ગયા ને રસ્તામાં અકસ્માત નડ્યો. આ અકસ્માત પછી કરમચંદ બાપા માંડ રાજકોટ આવ્યા, પણ પથારી વશ જ રહ્યા. એમની માંદગીમાં ઠા૦ બાવાજીરાજે પોતે દીવાનનો ચાર્જ સંભાળ્યો ને અને કબાકાકાને પૂરો પગાર આપ્યે રાખ્યો. છ છ મહીના સુધી આવો ઉપકાર કબાકાકાને ભારે લાગ્યો, તેથી તેમણે ઠાકોર સાહેબને પોતાનું રાજીનામું સ્વીકારવા કહ્યું. પણ ઠાકોરે કહ્યું ભલે બે વરસ લાગે; એની ફિકર તમારે ન કરવી. આ મુજબ બીજા છ મહીના નીકળી ગયા, પણ ભગંદર એવું કારમું હતું કે કબાકાકા કામે ચડી ન શક્યા. દરમિયાનમાં ઠા૦ બાવાજીરાજ અને તેમના ભાયાતો વચ્ચે કંઇક તાણાતાણી ચાલી, એમાં કબાકાકાએ ન્યાય ભાયાતોના પક્ષમાં જોયો એટલે તે પ્રમાણે તેમણે ઠાકોર સાહેબને નમતું આપવા વીનવ્યા. ઠાકોર સાહેબ કચવાયા. તેમણે કહ્યું: 'આપણો આટલો સંબંધ છતાં તમે સામો પક્ષ તાણો છો?'

પોતાનો પ્રામાણિક મત દબાવી દેવાની કાયરતા કબાકાકામાં હતી જ નહિ. આ સંવાદ પછી તરતજ

તેમણે ઠાકોર સાહેબને જણાવ્યું: 'હવે આપ કોઇ બીજો કારભારી શોધી લો. હું આપની સેવા વધુ કરી શકું એમ નથી. મારી શારીરિક સ્થિતિ સુધરવાને બદલે બગડતી જ જાય છે.' આમ લગભગ વરસ સુધી માંદગીને ખાટલે પૂરો પગાર અપાયા પછી બાપાનું રાજીનામું સ્વીકારાયું. ત્યાર બાદ પેન્શનરૂપે મહીને પચાસ રૂપિયા ત્રણ વરસ સુધી એટલે કે અંતકાળ સુધી એમને મળતા રહ્યા.

માંદગી દરમિયાન કબાકાકા ખૂબ શાંત, સ્વસ્થ અને ભક્તિપરાયણ રહેતા. બાપુજી (મહાત્માજી) તેમની ખૂબ સેવા કરતા, જેનું ભાવભર્યું વર્ણન આત્મકથામાં છે. કબાકાકા બાપુજીને મનુ કહી બોલાવતા. તેમને કંઇ જોઇએ કરે કે પહેલો સાદ મનુને જ કરે, અને મનુ હાજર જ હોય. સવારે ઊઠીને મનુ પિતાને દાતણ કરાવે, દિશાએ બેસાડે, પગ ધોવડાવે, નવડાવે અને દવા વાટીને પીવડાવે. ત્યાર પછી પોતાને અભ્યાસે વળગી જાય. પૂતળી કાકી પણ કબાકાકાની બહુ જ સેવા કરતાં, તેમના ખાનપાનની ખૂબ કાળજી રાખતાં. ઘડીએ ને પળે રસોડામાંથી સાદ કરે: 'મના, જા ખબર કાઢ જોઇએ, તારા બાપાને શું જોઇએ છે?' મનુ તુરત દોડી જઇ ખબર કાઢી આવે અને બાપાને પૂછી આવી માને ખબર આપે. મા ગમે એટલા આંટા ખવડાવે તો યે મનુને કંટાળો ન આવે.


મનુને અને કરમચંદ બાપાને એકબીજા પર અખૂટ શ્રદ્ધા હતી. છેલ્લા દિવસોમાં કોઇએ કબાકાકાને પૂછ્યું: 'કાકા, તમારી પછી કોણ?' તેમણે ગંભીર વદને જવાબ વાળ્યો: 'મારું નાક આ મનુ સાચવશે. એ કુળને ઉજાળશે.' અને ખરેખર એમ જ થયું. કરમચંદબાપાને કદી દિવાસ્વપ્ન પણ નહિ આવ્યું હોય એવી ઉત્તમમાં ઉત્તમ રીતે મનુએ તેમનું નાક રાખ્યું. નાક શું રાખ્યું—પિતાને અમર કરી દીધા. જો દેહાંત પછી પણ પુત્રની કારકિર્દીની ખબર પિતાને પહોંચતી હશે તો કરમચંદ બાપાનો આત્મા પળેપળે કેટલો પુલકિત થતો હશે?

પિતાની આ સેવાથી પોતે કૃતાર્થ થયાની વાત બાપુજીએ મને એક વાર કહેલી તે અહીં નોંધવાનો લોભ નથી છોડી શકતો: 'આજકાલ શિક્ષણનો પ્રવાહ જે રીતે વહે છે તેની વ્યર્થતા લોકો સમજશે ત્યારે ખરા. ખરું શિક્ષણ સેવામાં રહ્યું છે એ તો જાણે ભુલાઇ જ ગયું છે. આપણે આશ્રમના વિદ્યાર્થીઓને મોટેરાની સેવા તરફ વાળવા જોઇએ. શિક્ષકની અને માબાપની સેવા હજારો પાનાંના વાચનથી વધુ છે એ સમજાવવું જોઇએ. હું આટલે લગી ચડ્યો છું તે મારા પિતાની સેવાને પ્રતાપે જ. મારું વાચન તો તારા જેટલું યે નથી. * મારી બુદ્ધિનો—મારા હૃદયનો વિકાસ, મારા ચારિત્ર્યનું સંગઠન અને મારી સતત પ્રગતિ એ કેવળ બચપણમાં મેં કરેલી પિતૃસેવાને જ આભારી છે. જેને કરવો હોય તે આ વાતનો અનુભવ કરી જુએ અને તેને સેવામાં પોતાનો બધી રીતે વિકાસ થતો જણાઇ આવશે.'

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

---

* આ વિધાનમાં બાપુજીની અપાર નમ્રતા અને શ્રદ્ધાનું દર્શન થાય છે; બાકી તેમનાં જ્ઞાન, વાચન અને મનન પાસે બળતા સૂર્યની સમીપમાં પવનમાં ફફડતા કોડિયાના દીવા જેટલું યે મારું વાચન ન ગણાય.



મેંદીનાં પાન

જેનો ખરો રંગ જો લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.

જેટલી ઊંચી ટોચે તમારે ચડવાનું હોય એટલી ધીમી ગતિએ તમે ચડવાની શરૂઆત કરજો.

માનવતાને પણ પૂરી સમજ્યા પહેલાં જે પ્રભુતાનો આશક બને છે તે બંને રસ્તા વચ્ચે કંટકરૂપ બને છે.

ખાલી વાંચવું એ મજૂરી છે; વાંચીને મનન કરવું એ એક કલા છે.

એકાંત સાથે બુદ્ધિની સ્થિરતા પણ રહે તો જ માણસ દેવ બની શકે છે; નહિતર સેતાનનો સગો ભાઇ.

કવિ અને સંત

એ બંનેની વાણીના આપણે ત્યાંની પ્રણાલીઓમાંથી કાવ્યનું ખરૂં રહસ્ય શોધવાને પ્રવૃત્ત કરતો મનનીય લેખ



જૂના વખતમાં ભક્તિમાર્ગી અને યોગમાર્ગી સંતો સારા પ્રમાણમાં કવિતાઓ કરતા. સંતોની કૃતિઓમાં કવિતા તો આવે જ. બધા સંતોની કવિતામાં કાવ્યગુણ કે પ્રસાદગુણ હોય જ છે એમ નથી; પણ જેનું જીવન પવિત્ર છે, જેણે પોતાનું જીવન ઈશ્વરને ચરણે અર્પણ કર્યું છે તેની છંદોબદ્ધ વાણી પવિત્ર અને બોધામૃત પાનારી તેમજ અનુભાવમૂલક હોવાથી તેને પ્રાસાદિક ગણવી અને તેમા કાવ્ય જોવું એવું, ભાવિક લોકોના મનનું ઘડતર કહો વા તેમના મનની પૂર્વતૈયારી કહો, ચાલતી આવી છે. એટલે તેમણે કાવ્યનું ખરૂં લક્ષણ કયું તે ન જોતાં જેમાં સંતવાણીનો સમાવેશ કરી શકાય એવી જ કાવ્યની વ્યાખ્યા કરવાનું નક્કી કર્યું.

આ થઇ સંતોની વાત. ઇતિહાસ, પુરાણો અને પૌરાણિક કાવ્યો લખનારા કવિઓ બધા સંત હતા એવો જોકે દાવો કરવામાં આવતો નથી તોપણ તેઓ ધર્મગ્રંથ લખે છે, ઈશ્વરી લીલાનો વાઙ્મય-વિસ્તાર કરે છે અને ધર્મબોધને દૃઢ કરે છે, એટલે તેમની છંદોબદ્ધ રચનાને પણ કાવ્ય જ કહેવું જોઇએ એમ લોકોને થતું. છંદરચના એ જ કાવ્ય એવી આજે પણ સામાન્ય લોકોની માન્યતા છે. પૌરાણિક કથાઓ અને અવતારી પુરુષોનાં લીલામૃતો વર્ણનાત્મક હોવાને લીધે તેમાં કાવ્યગુણને સારી પેઠે અવકાશ રહેતો. આવી રચનાઓમાં કાવ્યગુણ અવારનવાર ચમકે તો યે તેના વાતાવરણમાં રચનાનો રૂક્ષ ભાગ પણ વસ્તુના કે વાર્તાના પ્રવાહમાં રોચક લાગે છે અને ગમે તેટલી લાંબી કૃતિ પણ વાંચવાયોગ્ય બને છે.

કેવળ શૃંગારિક કે અશ્લીલ 'લાવણીઓ' અથવા શૃંગારશતકોની વાત સાવ જુદી જ છે. એમની રચનામાં કાવ્યગુણ હો વા ન હો, કામુકતાને ઉદ્દીપિત કરવાની સોંઘી શક્તિ તેમનામાં હોવાથી વિલાસપ્રિય માણસને તેમાં સહજે જ કાવ્યગુણ દેખાવાનો. જ્યારે બીજી તરફથી શિષ્ટ સમાજને કે દાંભિક પ્રતિષ્ટાને આવા રંગીલાપણામાં સાચો કાવ્યગુણ હોય તોપણ તે નીતિવિઘાતક હોવાને લીધે તેની નિંદા જ કરવી રહી. અને તેથી જ 'આ શ્લોક અશ્લીલ હોવા છતા રમ્ય છે' એવી ટીકાકારો ટીકા કરે છે! (ખરૂં જોતાં શ્રી એટલે રમણીયતા; અશ્રી એટલે રમણીયતાનો અભાવ. અને અશ્રી ઉપરથી જ અશ્લીલ એ વિશેષણ બન્યું છે. અશ્લીલ શબ્દ સદાચારવાદીઓએ જોડી કાઢેલો નથી પણ તે સુરૂચિવાદીઓએ—કલાકોવિદોએ બનાવેલો છે; એટલે જે અશ્રી—અશ્લીલ હોય તે રમ્ય કે રમણીય કેમ હોઇ શકે?) અશ્લીલ પદ્યરચનામાં કાવ્યગુણ ન હોય તો યે તે રંગીલા લોકોમાં અત્યંત પ્રિય થાય જ. અને અશ્લીલતાનું વાતાવરણ ભેદીને તેમાંથી કાવ્યરસના ફુવારા ઊડે તો યે શિષ્ટ કે સમાજહિતૈષી લોકો તેને માન્ય ન જ રાખે.

જૂના વખતની પરિસ્થિતિ આ જાતની હતી. ચાલુ જમાનાના સંતો કાવ્યો બહુ થોડાં કરે છે. જૂનાં કાવ્યો ઘણાં હોવાને લીધે તેમનું કામ તેનાથી સરે છે અને આધુનિક યુગ સંત-કાવ્યોનો ન હોવાથી (એને માટે અનુકૂળ ન હોવાથી) આધુનિક સંતો વ્યાખ્યાનો, પ્રવચનો, બોધવચનો કે સુભાષિતો દ્વારા જ પોતાનું હૃદય, પોતાની શ્રદ્ધા તથા પોતાનો અનુભવ વ્યક્ત કરે છે, જ્યારે બીજી બાજુએ હરહમેશ સંતપણામાં જ ગરકાવ થઇ રહેવાની આવશ્યકતા ને જવાબદારી હવે કવિઓને લાગતી ન હોવાથી તેઓ ગમે તે વિષય ઉપર, ગમે તેવી વૃત્તિમાં આવી જઈ કે તે ધારણ કરી કાવ્યો રચતા થયા છે.

શું સંતો કે શું કવિઓ, બંનેને અનંત પ્રકારની વૃત્તિઓ કે ભાવનાઓ (moods) સ્ફૂર્યા જ કરતી હોય છે. જે વખતે જે ભાવના પ્રબળ હોય તે વખતે તે જ ભાવના તેમના પૂરતી સાચી હોય છે. કેટલીક વખત આ ભાવનાઓમાં ઉચ્ચ કોટિની ઉત્કટતા હોય તો યે તેમાં સ્થિરતા, વીર્ય કે જુસ્સો હોતાં નથી. જેમ નાટકમાં નટ વીરરસનો ગમે તેટલો આવિર્ભાવ કરે તો યે આપણે તેની પાસેથી વીરોચિત જીવનની અપેક્ષા રાખતા નથી, તેમ કવિ જુદાજુદા ભાવ પ્રકટ કરે તો યે તેની પાસેથી તે ભાવોને અનુકૂળ એવા વર્તનની અપેક્ષા આપણે રાખતા નથી. પણ સંતોનું તેમ નથી. સંત એક પરમ પારમાર્થિક પ્રાણી છે એમ આપણે માની જ લઇએ છીએ. 'સંત બોલે તેવું ચાલે' એવી આપણામાં એક અપેક્ષા હોય છે અને તેથી સંતોને અનેક જાતની ભાવનામાં વિહાર કરવાની, ઊંચા ઊડવાની અને આશાનિરાશા, સંતોષ-અસંતોષ, સંભોગ-વિપ્રલંભ ઇત્યાદિના આરોહ-અવરોહ કરવાની પૂરેપૂરી છૂટ હોવા છતાં યે તેમને અનુભવના તંબૂરાનો સૂર કાયમ રાખી તેને વિસંવાદી ન થાય એવી રીતે જ બધા આલાપ અથવા પ્રલાપના તાર છેડવા પડે છે. અને જો કદાચ શબ્દાર્થને જ વળગી રહેનાર કોઇ દુર્દૈવી ભક્ત મળી જાય તો પોતાનાં પરસ્પર વિરોધી વચનોની એકવાક્યતા કરી બતાવવાની તેના પર કે તેના અભિમાની વિવેચક પર જવાબદારી આવી પડે છે. [આમાં ન જ ફાવે તો ગૂઢવાદ (mysticism)નો આશ્રય લેવાની સગવડ છે ખરી. પણ અનુભવમાત્ર પારમાર્થિક ને પરમ સત્ય હોવાથી વિરોધનો પરિહાર કરવાની જવાબદારી કોઇ દિવસ ટાળી શકાતી નથી.]

કવિ તો આખરે નિરંકુશ ખરો જ. તે કહેશે, એકવાક્યતા વળી કેવી? જડ તથા મૂઢોનાં વચનોમાં એકવાક્યતા હો તો ભલે હો; હું તો મારી પ્રતિભા મને જેમ બોલાવે તેમ બોલું છું. હું એક વ્યક્તિ છું એવી મારે વિષે તમે ભૂલભરેલી કલ્પના જ શામાટે કરી બેસો છો? મારૂં ચિત્ત એક આકર્ષક ધર્મશાળા છે. ત્યાં કેટલા યે નમૂનેદાર લોકો આવી વસે છે અને જાય છે. તમારા ટેબલ પરનો ટેલીફોન એક જ જાતનું બોલ્યા કરે, તમારૂં ગ્રામોફોન એક જ પ્રકારનું સંગીત ગાય, તમારી પાર્લામેન્ટ કે ધારાસભા પરસ્પરસંવાદી એવા જ ઠરાવો ઘડે ને પસાર કરે, તમારી મ્યુનિસિપાલિટી એક જ ધર્મ પાળે એવું તમને કોઇ દિવસ થયું છે? હું એક નથી પણ અનેક છું: હું કોઇ વ્યક્તિ નથી પણ સમુદાય છું. સમુદાય તરફ જે દૃષ્ટિથી તમે જુઓ તે જ દૃષ્ટિ તમે મારે વિષે રાખો. ઉત્કટ ભાવનાઓને વશ થવાની અનાગ્રહીતા passivity મારામાં છે. આ બધું તમને સમજાતું ન હોય તો હું શું કરૂં? હું તો આવો છું તેવો છું. મારૂં જે કાંઇ તમારે કરવુ હોય તે કરો. મારા તરફ દુર્લક્ષ કર્યે નહિ ચાલે. મોહક સુંદર બાળક અડપલાં કરી તમને પજવે તો યે તે બધું જેમ તમને પ્રિય લાગે છે તેમ મારા પરસ્પરવિરોધી બોલ તમારા હૃદયમાં જબરદસ્તીથી ઘૂસી જ જાય છે અને તમને પરાણે અભિમુખ કરે છે; તેને તમે યે શું કરો અને હું યે શું કરૂં? મારે મારૂં અસ્તિત્વ સિદ્ધ કરવું પડતું નથી અને તેનો બચાવ પણ કરવો પડતો નથી. તો પછી નકામો ઝઘડો શા સારૂ કરો? મને પોતાનો સાથી ગણો યા એક વ્યસન ગણો. હું તમને વળગ્યો તો છું જ, એટલી વાત સાવ શંકા વગરની છે.

શું સાચે જ કવિઓ આપણી દુર્બલતાનો ગેરલાભ લે છે? આપણું જીવન વ્યવસ્થિત નથી, મોટા સમૂહને જેમ કોઈ સ્થાયી આદર્શ અગર હેતુ નથી હોતો તેવું જ આપણું જીવન છે, એટલે શું તે તેનો ગેરલાભ લે છે, કે કવિની સાધનાશૂન્ય સાધનાવિહીન ભાવનાઓમાં બુદ્ધિથી પર એવું કોઇ એકતાનું તત્ત્વ સાચે જ છૂપું રહેલું હોય છે? કે પછી સંત અને કવિ એ બંનેની વચ્ચે આખરે કોઇ અંતિમ ભેદ જ નથી! સંતો

એટલે સાધનાને ઉત્કટ ભાવનાથી વરેલા લોકો અને કવિઓ એટલે અનંત પ્રકારના સાધનપ્રવાહમાં અવશ થઇ તણાતા વિચિત્ર સમુદાયો એટલો જ બેમાં ફેર છે? ગમે તેમ હો, પણ બધા સંતોનાં વચનો એકત્ર કરતાં તેમાં પણ અરસપરસ વિરોધ કાંઇ ઓછો નથી મળી આવતો. જે બધા કવિતા સંતવાણીને નામે ખપે છે તે બધી અનુભવવાણી જ હશે એવી શ્રદ્ધા બેસતી નથી. અનુભવનો છાંટો સરખો યે ન હોય તોપણ જૂના સંતોની પરિભાષા વાપરી સંતવાણી જેવી કવિતા સહેજે તૈયાર કરી શકાય છે. સંતવાણીનું એક તંત્ર ઘડાઇ ચૂક્યું છે, અને એટલું સાચવીને કવિતા રચીએ તો પછી કોઇ ટોકે એનો ડર રાખવાનું કારણ ન રહે. અને માની લો કે થોડોક અનુભવ હોય તો યે તે જીવનના પરમ રહસ્યની દૃષ્ટિએ સાચો છે એમ કોણ કહી શકે! એવું સાબિત કરવાની જવાબદારી પણ કોણ કબૂલ રાખે છે? એક બાજુથી સંતવાણીમાં અરસપરસ મેળ હોવો જ જોઇએ, તે નીકળાવો જ જોઇએ, એવો આગ્રહ રાખવામાં આવે છે તો બીજી બાજુએ ગમે તે રીતે આવો મેળ ઘટાવી આપનાર તર્કવીરો કે બુદ્ધિની કસરત કરનારા નટ ગમે તેટલા પડ્યા છે.

હવે તો એવો વખત આવ્યો છે કે સંતવાણીમાં ખપતી બધી કવિતામાં પરમ રહસ્યનો અનુભવ છે જ એમ માની ન લેતાં સામાન્ય કવિના કાવ્યની જેમ તેમને ગણીને સત્ય અને સમૃદ્ધ એવી જીવનફિલસૂફીની દૃષ્ટિએ તેનું સંશોધન થવું જોઇએ. જે ભાવનાઓ આત્મિક વિકાસને પ્રતિકૂળ છે તેમને સાવચેત કરવી જોઇએ અને પ્રસંગવશાત્ તેના કાન પણ આમળવા જોઇએ; અને સંતવાણીનો પાસપોર્ટ (પરવાનો) લઇ જે કલ્પનાઓ આજે સમાજમાં છૂટથી ફેલાઇ છે ને વિચાર તથા ભાવનાઓનું અરાજક પ્રવર્તાવીને સમાજને બુદ્ધિદુર્બલ, વિચારદુર્બલ અને પ્રયત્નશિથિલ બનાવી રહી છે તે બધી કલ્પનાઓને ભેગી કરી, અશોકના વખતમાં જેમ બૌદ્ધ ભિક્ષુઓની પરીક્ષા કરવામાં આવી હતી, કયાં વચનો ધર્માનુકૂળ છે અને કયાં ધર્મબાહ્ય છે તે ધર્મસંગીતિમાં નક્કી કરવામાં આવ્યું હતું, તેમ અત્યારે પણ કરવાનો વખત આવ્યો છે. આ સંગીતિમાં કોને નીમવા અને કોને નહિ તેમજ સાચું સમૃદ્ધ તત્ત્વજ્ઞાન કોને કહેવું એ ઠરાવવાનું કામ અઘરૂં છે એટલી જ એક મોટી મુશ્કેલી છે.

સ્વામી દયાનંદજીએ બહુ સંકુચિત કસોટી લઇ તેના ઉપર પ્રાચીન ધર્મગ્રન્થો કસી જોયા અને તેમનું પ્રામાણ્ય-અપ્રામાણ્ય નક્કી કર્યું. જીવન કંઇ એટલું તર્કસંકુચિત નથી હોતું. જગતમાંના બધા ચિન્તનરાશિને વિચાર કરી, ભિન્નભિન્ન સંસ્કૃતિઓની વ્યાપક દૃષ્ટિ ધારણ કરી, દરેક મંડળે કંઇ નહિ તો પોતા પૂરતું પણ આવું સંશોધન કરવાની જરૂર છે જ.

સંતવાણીમાં મળી આવતી જુદીજુદી ભાવનાઓની એક પછી એક કસોટી કરી બતાવીને જ ઉપર કહેલું સ્પષ્ટ કરી શકાય. આ કસણી કરવાના શાસ્ત્રનું કે સંશોધનશાસ્ત્રનું આલોચન અને સંતવાણીમાં અવગાહન જેમ વધારે કર્યું હોય તેમ આ કામ સારી રીતે પાર પડવાનું છે. પણ કોઇકે તો આ દિશામાં પ્રયાણની શરૂઆત કરવી જ જોઇએ.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

ભારતેન્દુ

[અનુસંધાન પૃ. ૧૧૯થી]

'હિંદી સાહિત્ય'નું સ્વપ્ન તેમણે સાર્થક બનાવ્યું. આવી અથાક જહેમત ને અપ્રમેય સખાવત વાપરનાર બાબુ હરિશ્ચન્દ્રને ઋણી પ્રજા 'ભારતેન્દુ'નો ઇલકાબ આપે તેમાં કશી નવાઇ નથી. ૧૮૮૦ની જ સાલમાં બાબુજીના એક મિત્ર પં. રામશંકર વ્યાસે તેવો પ્રસ્તાવ છપાવેલો જે બધા પત્રકારોએ સહર્ષ અપનાવી લીધેલો. સરકારે પણ છેવટ એ ઇલકાબ સ્વીકૃત કર્યો.

સ્ત્રીશિક્ષણના તેઓ જબરા હિમાયતી હતા અને તે માટે 'બાલા બોધિની' નામક એક પત્રિકા પણ કાઢતા. જ્યારે સ્ત્રીઓને અક્ષરજ્ઞાન અપાવવામાં પણ પાપ સમજાતું ત્યારે પોતાના કુટુંબની એક કન્યાને તેમણે પાઠશાળામાં ભણવા મોકલેલી. મુંબઇ, મદ્રાસ કે બંગાળ કોઇ પણ પ્રાન્તમાં પરીક્ષા પસાર કરનાર સ્ત્રીને તેઓ પોતાતરફથી બનારસની સાડી ભેટ મોકલાવતા.

તેમના જમાના સુધી અતડાં રહેલાં ગદ્ય ને પદ્ય બંનેને તેમણે માનવજીવનમાં ઓતપ્રોત કર્યાં. તેઓ ખાલી માર્ગદર્શક જ ન રહ્યા, બલ્કે સેંકડો ને હજારોના પૂજનીય પણ બની રહ્યા. ભોપાળનાં બેગમ હિંદી પદ્યો બનાવી તેમને મોકલવા લાગ્યાં હતાં જે 'રૂપ-રતન'ના તખલ્લુસથી છપાતાં. રેવા, માંડા, છત્રપુર,

ત્રાવણકોર, ભરતપુર, ઉદેપુર આદિના મહારાજાઓએ પણ તેમને પોતાના મિત્ર બનાવ્યા હતા.

પોતાના પ્રવાસ દરમિયાન જ બંગાલી ભાષા તેમણે શીખી લીધેલી ને ત્યાર બાદ દક્ષિણ હિંદની તામીલ અને તેલંગી સિવાય બધી ભાષાઓનું જ્ઞાન તેમણે મેળવી લીધેલું. પ્રવાસમાં જ્યાં ને ત્યાં અંગ્રેજી શિક્ષાના પરિણામો નજરોનજર જોઇ તેમનું મન ઘણું બળી ઊઠેલું. એ બાબે તેમણે ઘણું જ લખેલું છે. નમુના તરીકે 'ગ્રૅજ્યુએટ' પરનો એક દુહો ઠીક થઇ પડશે.

તીન બુલાએ તેરહ આવે, નિજ નિજ વિપના રોઇ સુનાવે;
આંખોં ફૂટેં ભરે ન પેટ, સખિ સજ્જન? નહિ ગ્રૅજ્યુએટ!

હદ ઉપરાંત ધન ઉડાવવાના રહેવાથી પાછલી અવસ્થામાં તેઓ બહુ તંગીમાં આવી પડ્યા હતા. તેમના ધનના પોણોસો ટકા પુસ્તકો છપાવવામાં, તેમાંનાં ઘણાંખરાં મફત વહેંચવામાં, શાળાઓ ખોલવામાં ને પુરસ્કારો આપવામાં જ વપરાએલા. બલિયા ઇન્સ્ટીટ્યૂટને એક વખતે તેમણે બસો રૂપિયાનાં પુસ્તકો ભેટ આપેલાં. તંગીમાં આવ્યા છતાં તેઓની સખાદિલી કેટલી હદ સુધી ટકેલી તેનો આ એક દાખલો છે.

એક વખત કકડતી ઠંડીમાં ગરમ શાલ ઓઢી તેઓ ફરવા નીકળેલા ત્યાં કોઇ ગરીબ માણસને ઠંડીથી થરથરતો ટૂંટિયું વાળી સૂતેલો દીઠો. તરત પોતાની શાલ તેને ઓઢાડી દીધી. નોકરે કહ્યું. 'શાલ તમો ઓઢી રાખો, હું ઘેરથી કામળી લાવું છું' ત્યારે તેમણે જવાબ આપ્યો, 'કામળી તો આવે ત્યારે, પણ તેનું દુઃખ તો હું હમણાં જ જોઉં છું.'

બીજા એક વખતે તેઓ કાશ્મીરી શાલ ઓઢી, ગળામાં મોતીની માળા પહેરી, પાન ખાઈ રહ્યા હતા ત્યાં તેમનો એક મિત્ર તેમને મળવા આવ્યો. 'ખૂબ બની ઠની બેઠા છો?' તેણે મજાક કરી ને ઉત્તરાર્ધમાં જણાવ્યું કે, 'આવા તંગીના વખતમાં આવું ન છાજે.' એ વખતે તો તેઓ કંઇ ન બોલ્યા પણ સાહિત્યિક અનેક ચર્ચાઓ કરી જ્યારે પેલો મિત્ર ઊઠ્યો ત્યારે તરત પેલી શાલ ને મોતીની માળા તેના હાથમાં સોંપી દીધાં. મિત્ર શરમાયો ને ખૂબ આનાકાની કરવા લાગ્યો. છેવટે હરિશ્ચન્દ્રે નાતો તોડી નાખવાની ધમકી આપીને પણ તેને પીગળાવ્યો ને માળા ને શાલ તેને આપી દીધાં.

આમ દિવસોદિવસ વધુ તંગીમાં આવી પડ્યા. છેવટે મકાન વેચી નાખી તેમણે કાશીના ગોપાલ મંદિરમાં રહેવાનું રાખ્યું. પણ ત્યાંયે પાછી હાથ આવતી લક્ષ્મીને લૂંટાવવાનું તો ચાલુ જ રહ્યું. એક દિવસ એવું બન્યું કે ટપાલ બધી લખી રાખી ત્યાં કાગળો પર ચોડવાની ટિકિટો જેટલા પૈસા પણ પાસે ન રહ્યા. તેઓ વિચારતા બેઠા હતા ત્યાં તેમના મિત્ર બાબુ બલદેવપ્રસાદનો નાનો ભત્રીજો ત્યાં જઇ પહોંચ્યો. કાગળો જોઇ તેણે પૂછ્યું, 'ચાચાજી, આ કાગળો ટપાલમાં નાખવા કેમ નથી મોકલતા?'

'હવે મોકલાવીશ બેટા!' હસતાંહસતાં બાબુજીએ જવાબ આપ્યો.

'તો લાવોને હું પોતે જ નાખી આવું!' બાલકે કહ્યું.

જવાબ સાંભળતાં જ બાલકની સરળતા પર તેઓ ખૂબ હસી ઊઠ્યા ને બોલ્યા, 'અરે, પૈસા નથી રે!'

બાબુજી કંઇ બોલે તે પહેલાં તો એ કાગળો લઇ ઊપડી ગયો. પોતાને વાપરવા મળેલા બધા પૈસાને ખપાવી તે પાછો આવ્યો.

'બધા કાગળો પર જરૂરિયાત પ્રમાણે ટિકિટો લગાડી દીધી છે અને આ રજીસ્ટર્ડ કાગળોની પહોંચ!'

ભીંજેલી આંખે ને રૂંધેલે ગળે, 'સારૂં કર્યું, બેટા!' એટલું જ તે બોલી શક્યા.

પણ હરિશ્ચન્દ્ર એ બાલકનો આ ઉપકાર જિંદગીભર નહોતા ભૂલ્યા. પૈસા હોય ત્યારે રસ્તામાં જ્યાં એ બાલક મળે ત્યાં પોતાનું ખીસું તેને ખાલી કરી આપે. બાલકે આ બધો ક્રમ પોતાના કાકાને કહી સંભળાવ્યો એટલે એક દિવસ બલદેવપ્રસાદ હરિશ્ચન્દ્રને ત્યાં જઇ તેમને ઠપકો આપવા લાગ્યા ત્યારે તેઓએ કહેલું; 'તમને ખબર છે? એણે મારા પત્રો એવા તો મોકાસર પોસ્ટ કરેલા છે કે તેનો બદલો હું લાખો રૂપિયાથી પણ ન વાળી શકું. એના દયાળુ હૃદયના ઊંડાણનો અંદાજ તો કાઢી જુઓ! અફસોસ! હરિશ્ચન્દ્ર આ સમે ભિખારી છે, નહિતર તેને રાજા બનાવીને જ છોડત!'

બાબુજીનું આવું ઉડાઉપણું કાશીનરેશને પણ સાલતું હતું. એક વખત વાત પર વાત નીકળતાં તેમણે કહ્યું, 'બાબુજી, તમોએ પ્રતિષ્ઠા મેળવી, કુટુંબનો મોભો વધાર્યો, પણ લક્ષ્મી તો ઘટાડી જ!'

હસતાંહસતાં બાબુજીએ ઉત્તર આપ્યો; 'મહારાજ, એ લક્ષ્મી એક પછી એક ગારા પૂર્વજોને ખાતી આવી છે. કુટુંબમાં કોઇ એવો યે પાકવો જોઇએ જે એને પણ ખાઇ જાય.'

નાણાં પ્રત્યેની તેમની નિઃસ્પૃહતા આ ઉદાહરણ પરથી જણાઇ આવે છે.

એકલી ભાષાને નવપલ્લવિત કરીને જ 'ભારતેન્દુ' નહોતા અટક્યા. રાજભક્તિને પણ પુનઃપલ્લવિત કરવા તેઓ મથ્યા રહેતા. સરકારી અમલદારોના માનીતા હોવા છતાં શાસનમાં જરાસરખા યે ગેરવાજબીપણા પર ટીકા કરતાં તેઓ ન અચકાતા. માદક દ્રવ્યોના નિષેધ અને શહેરસુધારાઓને માટે પણ તેમણે જબરી ઝુંબેશ ચલાવેલી. મહાસભા તેમના કાલ સુધીમાં હસ્તીમાં નહોતી આવી, નહિતર તેને પણ તેઓ ચોક્કસ સાથ આપત. હિંદીના સમુદ્ધારનું કામ જો તેમને જ કરવું પડ્યું ન હોત તો ચોક્કસ તેઓ એક દેશનેતા તરીકે જ ઝળકી ઊઠત, ને 'ભારતેન્દુ'ને બદલે કદાચ 'ભારતભાસ્કર'ની કક્ષાએ પહોંચત!

અથાક શ્રમ તો હંમેશનો હતો છતાં રમુજની વૃત્તિ તેમનામાંથી નહોતી ગઇ. એપ્રિલની પહેલી તારીખ જે Fools' day ગણાય છે તે દિવસે તેઓ હરકોઇ બહાને બધાંને બનાવતા. એક વખત એ દિવસ આવતાં તેમણે જાહેરખબર છપાવેલી કે એક મેમસાહેબ ચાખડીઓ પહેરી ગંગાજીનાં પાણી પર એક કિનારેથી બીજા કિનારે ચાલી જવાનો પ્રયોગ કરી બતાવશે. હળવેહળવે આખું ગામ કિનારે એકઠું થઇ ગયું પણ દિવસ આથમ્યા છતાં યે મેમસાહેબનાં તો ક્યાં યે દર્શન થયાં નહિ! પાછળથી ખબર પડી કે એમને April fool બનાવવામા આવ્યા છે. આવા દાખલા તો તેમના હાથે અનેક બન્યા હતા. ગમમાં રહેવાનું તો એ શીખ્યા જ ન હતા. ગમે તેવી વિપદમાં પણ ચહેરો તો હસતો જ હોય!

બાબુજીનું મિત્રમંડળ પણ બહુ જબરૂં હતું ને તેમાંના કેટલાક તો તેમની પેઠે જ મહાન ગણાઇ ચૂક્યા છે. ઇશ્વરચન્દ્ર વિદ્યાસાગર, કેશવચન્દ્ર સેન, રાજેન્દ્રલાલ મિત્ર, બંકિમચન્દ્ર ચટ્ટોપાધ્યાય, ક્રિસ્તોદાસ પાલ, હેમચંદ્ર બંદોપાધ્યાય ને ગણેશ વાસુદેવ જોષીનાં નામો તેમાં મુખ્ય ગણી શકાય.

ઇ. ૧૮૮૫નું વર્ષ બેસતાં જ તેમની તબિયત લથડવા માંડી ને થોડાક દિવસો બાદ જ જાન્યુઆરીની છઠ્ઠી તારીખે વિદાય લેતાં એ 'ભારતેન્દુ' હરિશ્ચન્દ્રનો પણ અસ્ત થઇ ચૂક્યો. માત્ર પાંત્રીશ જ વર્ષનું ત્યારે તેમનું વય હતું. તેમના પૂર્વગુરુ રાજા શિવપ્રસાદ 'સિતારે હિંદ' તો તેમના ઘરમાં આવી રડી ઊઠ્યા, 'હાય, આપણો મુકાબલો કરવાવાળો ચાલી નીકળ્યો!' હિંદીભાષી જનતાએ તેમના નામે અનેક સ્મારકો ઊભાં કરી તેમની સેવાની યાદ તાજી રાખી છે એટલું જ નહિ પણ તેમના નામનો સંવત પણ ઇ. ૧૮૮૫થી ચાલુ કરી 'ભારતેન્દુ'નું યોગ્ય તર્પણ કર્યું છે.

પોતાના રચેલા 'ભારતદુર્દશા નાટક'માં બાબુજી વિલપતા ગયા છેઃ

રોવહુ સબ મિલિ કે આવહુ ભારત ભાઇ;
હા! હા! ભારત દુર્દશા દેખી ન જાઇ!
સબકે પહિલે જેહિ ઇશ્વર ધનબલ દીનો,
સબકે પહિલે જેહિ સભ્ય વિધાતા કીનો;
અબ સબકે પીછે સોઇ પરત લખાઇ,
હા! હા! ભારત દુર્દશા ન દેખી જાઇ!

પણ એમને તો પોતાથી શક્ય એટલો ભારતનો ઉદ્ધાર કર્યાનો સંતોષ હતો, જ્યારે આપણે તો મૂંગે મોંએ ને સૂની આંખે વધતી જતી તેની દુર્દશા હજુ યે નિહાળી રહ્યા છીએ એ આપણી શરમ નથી!

અશોક હર્ષ

'અમારા પાડોશી પાસે કાગળોની ખૂબ આવજા થાય છે. રોજના ચારસે પાંચસો કાગળોની વ્યવસ્થા તેને કરવાની હોય છે.'

'એ કોઇ જબરો વેપારી છે શું?'

'ના રે, ટપાલી.'

નટ—ખાણાંપીણાંને લગતા પ્રવેશમાં રીતસર દારૂ પીવાની છૂટ હોય તો હું કામ કરીશ.

મેનેજર—કબૂલ છે પણ જે પ્રવેશમાં આપઘાત કરવાનો હોય ત્યારે સાચેસાચ ઝેર પીવું પડશે, એ કબૂલ છે કે?

દેવાદાર (લેણદારને):—ભલા માણસ, રોજ ને રોજ શા માટે આવી તકાદો કરો છો? તમને સવળ પડતો દિવસ નક્કી કરો અને આવો. બોલો કયો દિવસ ઠીક પડશે.

લેણદારઃ બુધવાર.

દેવાદારઃ ચાલો ત્યારે તેમ. દર બુધવારે આવતા રહેજો!



વ ન વ ગ ડા નાં વા સી

ધૉકડાં અને ફાટીચાંચ

'બા, બા, આ ભાઇ કયાંથી આવ્યો ?' નવા ભાઇના જન્મ વિષેના બાળકના કુતૂહલભર્યા આવા પ્રશ્નનો ઉત્તર આપણે ત્યાં આપતાં અનેક મૂંઝવણો માબાપને થાય છે, અને એને ટાળવા માટે તેઓ જે ફાવે તે કારણો બનાવી બાળકને અનુત્તર જિજ્ઞાસા કે ખોટી કલ્પનાની ભૂલામણીમાં અટવાતું છોડી દે છે.

પણ પ્રિસ્તી પ્રજામાં આ મૂંઝવણનો ઉકેલ ઘણી સરસ રીતે અને સરળતાથી કરવામાં આવ્યો છે. ત્યાં મા ઝટ લઇને કહે છે કે 'ભાઈ રાતમાં પેલું Stork આપી ગયું' 'ક્યાં થઇને?' તો કહે કે 'રસોડાની ચીમનીમાં થઇને.' બાળકને મન પ્રજોત્પત્તિની સમસ્યાપૂરક આ કલ્પના સુરુચિની અભિવ્યંજક અને સમાધાનકારક છે. એમાં એને કવિતા અને કથા બંને જડે છે. એટલે પછી લાંબા પ્રશ્નો પૂછી માબાપને એ મૂંઝવતાં નથી.

આ માન્યતા એટલી તો ઘર કરીને ત્યાં બેઠી છે કે જર્મની જેવા દેશોમાં તો ઘરને છાપરે ચીમનીના પોલાણમાં જો Storks માળા બાંધે તો અહોભાગ્ય મનાય છે. અને ત્યાંનાં Storks પણ ત્યાંની ઠંડી ઋતુના કારણે એવાં હેવાયાં થઇ ગયાં હોય છે કે ચીમનીના શિખરની ઓથે ગરમીની હૂંફમાં માળા બાંધે છે. આવા માળા એકનું એક Stork કુટુંબ દર વરસે વરસો સુધી વાપર્યે જ જાય છે.

સૃષ્ટિના આદિકાળથી માનવસમાજને મૂંઝવતી પ્રજનનની કૂટ સમસ્યા આટલી સરળતાથી સમજાવવાનું જેને આભારી છે એ 'મહાન વ્યક્તિ' Storkની પિછાન કરવી જોઇએ. ચાલો ત્યારે.

કોઇ તળાવ-કિનારે જાઓ. એના ગંધાના કાદવવાળા પાણીમાં એક બેડોળ પંખી રખડતું નજરે પડશે. દોઢ ગજ લાંબો દેહ. એકાદ ફૂટની, નારંગી જેવા રતુમડી, ભાલા જેવી અણીદાર, જાડી, છેડેથી સહેજ નમેલી ચાંચ. કડછીના ચાડા જેવું ગોળ બોડકું માથું (दर्वितुण्डः). ઘેરા બદામી રંગના લાંબા પગ. શરીરનો રંગ મેલો સફેદ. છાતી પર પહોળો કાળો પટો. પાંખો કાળી. પાંખોને છેડે, પૂછડી પર આછાં ગુલાબી પીછાં. પાણીમાં ઊંડે સુધી ફરતું જાય. ખચખચ આખી ચાંચ પાણીમાં બોળાતું જાય અને કાદવમાંથી જીવાત પકડતું જાય. ફરતાં થાકે નહિ. આખો દિવસ આમ પાણી ખૂંદ્યાં કરે, પણ મોંમાંથી એકે ય શબ્દ ન કાઢે. મૂંગુંમંતર. કવચિત એકલું ફરતું હોય; વખતે પાંચદસ ટોળે વળી પાણી ડહોળતાં હોય. ધરાય ત્યારે ભેગાં થઇને સ્થિર ચિત્તે ધ્યાનમગ્ન દશામાં પાણીમાં કે કિનારે ઊભાં રહે.

આ અજબ પક્ષી તે, ગુજરાતમાં સર્વ સ્થળે નજરે પડતું અને અત્યંત વ્યાપક સ્ટૉર્ક–Painted Stork કે Pelican, Ibis[1]: આપણું 'ઘાંવકડું' કે 'ઘૉકડું'. ઉત્તર ગુજરાતમાં તો નાનાં ખાડાંખાબોચિયાં પણ એના વિના સૂનાં નથી હોતાં.

બીજી બે જાતનાં ઘૉકડાં

પણ બીજું એક રૂપાળું સ્ટૉર્ક ગુજરાતમાં જોવામાં આવે છે. એનો આકાર ઘૉકડા જેવો; પણ દેહનો વર્ણ જુદો. માથું, કપાળ, ગળું, ગરદન તથા ખભા સાવ ચળકતા કાળા રંગનાં. પીઠ અને પેટનો ભાગ શ્વેતરંગી. પાંખો સફેદ અને કાળી—ગંગાજમની. ચાંચ દોઢ વેંત લાંબી કાળી, ભાલા જેવી અણીદાર; સીધી. ઘૉકડા જેવી વળેલી નહિ. પગ લાલચોળ મજીઠીઆ. આ Black-necked સ્ટૉર્ક.[2] હિન્દી लोहारजंघ. સંસ્કૃતમાં कालकंठः. ઘૉકડા કરતાં મોટું, પણ રૂપાળું લાગે. એ હમેશાં દ્વન્દ્વચર. પણ કોઇક જ જળાશયમાં નજરે પડે છે.

છેલ્લું આવ્યું White-Necked સ્ટૉર્ક.[3] અંગ્રેજો એને Beef-Steak પંખી પણ કહે છે. હિન્દી लगलग. એનો દેખાવ અત્યંત વિચિત્ર ચાંચ લાંબી સીધી કાળી. પગ આછા લાલ રંગે. શરીર મોટે ભાગે કાળું. પેટ

---

૧ પ્રાણીવિદ્યામાં નામ: Pseudotantalus Leucocephalus.
૨ તજ્જ્ઞો એની Xenorhynchus Asiaticus સંજ્ઞા આપે છે.
૩ વૈજ્ઞાનિકોનું Dissura Episcopus.

અને પૂંછડી નીચેનાં પીંછાં સફેદ. આખી ગરદન શ્વેત વર્ણની: જાણે ગળામાં ધોળી ઊનનો ગલપટો કૅાલર ન પહેર્યું હોય ! આઘેથી જોતાં ગળામાં હાંસડીઓ પહેરેલી, લાંબી ડોકવાળી આફ્રિકન સ્ત્રીઓ જેવું લાગે. એ ટોળે વળીને રહે છે: પણ ઘૅાકડાં જેટલું વ્યાપક નથી. ઘણાં તળાવ હું ભમ્યો છું, પણ એ ભાગ્યે જ નજરે પડ્યું હશે. ગોભળાજ જેવામાં પણ એકાદ વખત જોએલું. અમદાવાદમાં ચંડોળા-માં એ નથી દેખાતું. માત્ર સુએજ ફાર્મનાં ખાબોચિયાંમાં એ મને રોજ—જ્યારે જાઉં ત્યારે નજરે પડે છે. અમદાવાદની ગટરોના ગંધાતા કહોવાતા પાણીમાંથી જ આહાર શોધવાની એમની પરાયણતા જોઇ એમને પાણીનાં ગીધ કહેતાં આંચકો ન આવે.



સફેદ ગરદનવાળું ઘૅાકડું White-necked stork

ઉત્તર ભારતમાં સ્થળેસ્થળે નજરે પડતાં આટલાં આપણાં પાકાં ગુજરાતી. બીજાં એકબે Adjutant અને Common સ્ટૅાર્ક જેવાં યાયાવર સ્ટૅાર્ક વિશિષ્ટ ઋતુમાં જ અલ્પ સંખ્યામાં આવતાં હોઇ, એની સાથે આપણને લેવાદેવા નથી.

Cranes અને Storksનો તફાવત

સારસ અને એનાં સગાં (Cranes) તથા ઘૅાકડાં અને એનાં કુટુંબી (Storks) એ બંને ઉપરનજરે એક જેવાં અને જેવડાં દેખાતાં છતાં, બંને જાતનાં રૂપરંગ, આહારવિહાર, જીવનચર્યા અત્યંત વિરોધી છે. બંને ભારે દેહવાળાં: પણ સારસ મોટામાં મોટું. બંને પાણી ખૂંદનારાં: પણ સારસને ખુલ્લાં મેદાનો અને કિનારા ગમે, ક્વચિત નીચા પાણીમાં પણ ફરે: જ્યારે ઘૅાકડાં વગેરે તો કેવળ ઊંડા પાણીનાં જ શોખીન. એથી જ સારસની ચાંચ માથાના પ્રમાણમાં ટૂંકી: ઘૅાકડાં વગેરે સ્ટૅાર્કની ખૂબ લાંબી, ઊંડા પાણીમાં બોળી શકે એવી.[1] સારસ વિશેષ કરીને વનસ્પતિનો આહાર કરે; ચણાના પોપટા, મૂળિયાં, વગેરે ખાય: ઘૅાકડાં વગેરે સ્ટૅાર્ક ચોખ્ખાં માંસાહારી. એટલે જ સારસને કોઇ ખેતરમાં કોઇ ઊભું રહેવા ન દે. એ પાકનો ઘાણ કાઢી નાખે: સ્ટૅાર્ક એ રીતે તો તદ્દન નિરુપદ્રવી. સારસ ઝાડ પર ન બેસી શકે: એને ડાળી પકડવામાં આવશ્યક પાછળની આંગળી અપૂર્ણ હોય છે. સ્ટૅાર્કને ઝાડ પર બેસતાં ફાવે, એનાં બધાં આંગળાં સંપૂર્ણ ખીલેલાં હોય છે. એથી જ સારસ વગેરેના માળા હમેશાં જમીન ઉપર નજરે પડે છે: જ્યારે ઘૅાકડાં, વગેરેના માળા ઝાડમાં બાંધેલા જોઇએ છીએ. આ વિશેષતાથી, સારસનાં બચ્ચાં જન્મે કે તરત ચાલે એવાં નિરાલંબ: સ્ટૅાર્કના નિરાધાર. સારસ વગેરે ઊડે કે બેસે ત્યારે મોટા ગંભીર અવાજે બોલે છે: (ગોનર્દ:) સ્ટૅાર્કને વાચા જ નથી. એમને બોલતાં જ નથી આવડતું. ક્વચિદ્ ચીડાય કે ખૂબ ખુશ થાય ત્યારે 'ઘૅા' કરીને ગળા-માંથી અવાજ કરે. આથી એ ઘૅાકડાં કહેવાયાં છે.

આવા નૈસર્ગિક ભેદને લીધે જ એ બંને પંખીઓના ભિન્નભિન્ન વર્ગ પડ્યા છે.

ફાટીચાંચ

સ્ટૅાર્કના સ્વભાવને મળતું અન્ય એક પંખી છે. એનું નામ Open Bill.[1] આપણે એને 'ફાટીચાંચ' કહીએ તો ચાલે. હિંદી ગુંગલા. દોઢેક હાથ લાંબું આ પંખી દેખાવે ઘૅાકડા જેવું. શરીરનો વાન ફિક્કો પીળો, આછો આસમાની. ખભા અને પાંખો કાળાં. પૂંછડી કાળી, પગ મેલા રાતા રંગના. ચાંચ ભેંસના શીંગડાના રંગની,

---

૧ ઈસપ નીતિકથામાંની 'શિયાળ અને બગલા'ની વાતમાંનું લાંબી ચાંચાળું 'બગલું' તે આ સ્ટૅાર્ક જ.

૧ શાસ્ત્રીય અભિધાન Anastomus Oscitans



Open-bill : ફાટીચાંચ

કાળાશપડતી, લાંબી; પણ ઘૉકડાના જેવડી નહિ: એકાદ વેંતપૂર. પરંતુ એનાં બંને પાખિયાં, બીજાં પંખી પેઠે, એકબીજા પર ચપ્પટ બેસતા નથી, પણ બંને વચ્ચે થોડીક ખાલી જગ્યા–પોલાણ રહી જાય છે. એને લીધે એનું નામ ઓપન–બિલ. પાણીની જીવાત એનો આહાર. વખતે એકલું, કવચિત પાંચપચાસ ભેગાં થઇ ચરતાં હોય છે. ગુજરાતમાં એ સ્થાયી પંખી.

સ્ટૉર્ક અને ઓપન બિલ ચોમાસામાં, કિનારા પર કે પાણીની વચ્ચે ઊગેલાં કાંટાળાં ઝાડમાં વિશાળ માળા બાંધે છે. એમનાં બચ્ચાં જન્મે ત્યારે સાવ અપંગ, નાગાં. પીંછાં વિનાનાં. એમને ઊડતાં વખત લાગે: ત્યાં સુધી એમને પાળવાની ચિંતા નરમાદાને ખરી. એટલે અંશે, સારસ અને બીજાં Crane કરતાં સ્ટૉર્ક વગેરેની જવાબદારી વધારે હોય છે.

એક વિશિષ્ટ તફાવત

સારસ તથા ઘૉકડાં ઊડે ત્યારે ડોક આગળ અને પગ પાછળ સીધા લાંબા કરીને: બગલાં પેઠે ગરદન ખભા વચ્ચે દબાવીને નહિ. સારસ ટોળે વળીને ઊડતા હોય ત્યારે ત્રિકોણની બે બાજુઓ જેવા આકારે: મોખરે નાયક, એની પાછળ બે તરફ બે લાંબી હાર એ રીતે ઊડતાં સારસનો દેખાવ અત્યંત મનોહર લાગે છે.

અમ્માની ગોદ . . . [અનુસંધાન પૃ. ૧૨૧થી]

આગલા દિવસના બનાવની ખબર પડતાં તે પણ એ જ રસ્તે ઉપડ્યો હતો. દરવાજા પાસે જ બંનેનો ભેટો થઇ ગયા.

'મિરઝા, મારે તને થોડીક શીખામણ આપવી છે!'

'સુણાવો તો?'

'જો, હું મિરઝા હોઉં ને,' ફ્રેંચમૅન બોલ્યો; 'તો હૂં તો આ સ્થાન છોડી ચાલ્યો જાઉં!'

'પણ મારૂં કામ. . . .'

'મિરઝા, કામ તો તને ગમે ત્યાં મળી રહેશે. જોને, મિસરમાં નહેરોનું કામ ધમધોકાર ચાલે છે. દક્ષિણ અમેરિકામાં પણ ચાલે છે. તું કહે તો હૂં જાતે તારા માટે પ્રયાસ કરૂં.'

'એહસાન તમારો! પણ મને અહિં રહેવાનું વધુ પસંદ છે.'

'પણ' લાંઓતીએ બધી હિંમત એકઠી કરી કહ્યું; 'અહિં તને બીક બહુ રહે છે. પેલા પેડરસન. . . .'

'હા, હા! હું પેડરસનથી બીઉં છું અને એટલે તો અહિંથી ક્યાં યે ખસવાની હિંમત નથી કરતો' હસતાં હસતાં મિરઝાએ જવાબ આપ્યો.

'પણ પેડરસન સામે તું શું કરી શકીશ? એ ગઠ્ઠાબાજ પહાડ સામે તું તદ્દન નાચીઝ છે.'

'હું જાણું છું' મિરઝાએ ઠંડો જવાબ આપ્યો.

લાંઓતી જરાક મુંઝાયો પણ તરત પોતાનો દાવ અજમાવ્યો. 'મિરઝા, ધાર કે એકાદ દિવસ ઓચિંતો તારો પિત્તો ઉકળી ઊઠ્યો; ધાર કે તેં પેડરસન પર ધા કર્યો; તો?' સવાલ સાથે લાંઓતી મિરઝાના ચહેરાના પલટાતા ભાવો જોવા લાગ્યો.

'તો બરાબર મોકો મળ્યો કહેવાય!' મિરઝાએ લાલ ચહેરે મુક્કીઓ ભેવડી વાળતાં જવાબ આપ્યો. 'નબળા માણસોને પણ ધા કરવાનો એક મોકો ચોક્કસ મળે છે. તમે તે જાણતા જ હશો.'

'ઓહ!' એટલા ઉદ્‌ગાર સિવાય તોસાં લાંઓતી કશું ન બોલ્યો. કાયર ભાસતા ઇરાનીનું તોખમ સાવ નહોતું પરવાર્યું એટલો આત્મસંતોષ એ ફ્રેંચમૅનને થયો એટલે વધુ કંઇ ન બોલતાં મિરઝા સાથે જ તે પણ શહેરમાં દાખલ થયો.

ઇદે મિલાદનો દિવસ હોઇ બાઝારમાં તો આજે જાણે જલુસ એકઠું થયું હતું. કાવાખાના, શરબત-

ખાના ને તવાયફોના તંબૂઓ, ફકીરો, મદારીઓ ને નઝુમીઓનો જાણે શંભુમેળો !

મિરઝાને દેખતાં જ 'ચાચા, ચાચા !' કરતાં બાળકો તેને વીંટળાવા લાગ્યાં. તોસાં લાંઓતી પ્રેમભરી નિગાહે એ વત્સલમિલનને જોઇ રહ્યો. તેવામાં જ સામેથી ઓલ પેડરસન, લેનો ને રિટર આવતા જણાયા. બેફામીથી પગ મૂકતા ચાલતા પેડરસનના પગો વચ્ચે ગીર્દીમાં એકલવાયી પડી ગએલી એક નાની છોકરી આવી ગઇ. 'દૂર થા, કુક્કરની જણી ?' એ કુમળી બાળકીનું બાવડું ઝડપી તેને દૂર ફેંકતો તે બોલ્યો.

બાળકી સીધી મિરઝા ફતેહખાનના પગો પાસે પડી. 'ચાચાજાન !' મિરઝાના પગો પકડતી તે રડી ઊઠી. તોસા લાંઓતીનું હૃદય પણ કકળી ઊઠયું.

પેડરસન સહિત ગોરી ત્રિપુટી હવે મિરઝા સામે આવી પહોંચી. 'મૉસ્યૂ પેડરસન ?' મિરઝાએ બરોબર તેની સામે ગોઠવાતાં વાત કરવાની શરૂઆત કરી.

'ઓહ ! કોણ ? બાબ–અલ–સરોકની નર્સ કે ? હું બાયલાઓનું કંઈ સાંભળતો જ નથી. આ બાળકીનું નર્સિંગ કર, નર્સિંગ !' પેડરસન મોટેથી હસ્યો. લેનો ને રિટરે પણ તેમાં સાથ પૂર્યો.

'પણ આજે સાંભળવું જ પડશે !' મિરઝાના અવાજની દૃઢતા વધતી જતી હતી. આ બાળકી પ્રત્યે થએલી ગેરવર્તણુકનો હું જવાબ લેવા માગું છું !'

'અરે, જોયા લેનારા હવે, ઈરાની ટટ્ટુ !' કહેતા પેડરસને જાણે કોઇ અડીએલ ટટ્ટુને ઠોકતો હોય તેમ ધ...મ કરતી એક થાપી મિરઝાની કાંધ પર મારી ને લથડતા પગે ફરી હસી ઊઠયો.

એટલી ગોલાચાલીમાં લોકોનું ટોળું તો જામી જ ચૂકયું હતું. પેડરસનની છેલ્લી વર્તણુકથી જાગેલો ગરબડાટ હજુ શાંત પણ નહોતો થયો ને મિરઝા યે હજુ તો દિઙ્મૂઢ ઊભેલો ત્યાં તો ટોળા પાછળથી ધક્કામુક્કી ને હોકારો કરતો છ ફૂટ ઊંચો એક બદુ ખુલ્લી છરીએ પેડરસનની સામે આવી લાગ્યો. ઘડીભર વાતાવરણ અવાક્ ને મૂઢ જેવું બની રહ્યું. બરાબર પેડરસનની છાતી સામે તોળાએલી બદુની છરી આથમતા તડકામાં આંજતા કિરણો ફેલાવવા લાગી.

રિટરે રિવૉલ્વર કાઢી. પેડરસને પણ રિવૉલ્વર પર હાથ નાખ્યો. હમણાં જ હુલ્લડ જામશે એવો ભય સૌને લાગવા માંડયો. ત્યાં તો એ જ ઘડીએ મિરઝા ફત્તેહખાન પેડરસનને પડતો મૂકી અચાનક એ બદુ સામે ફર્યો. બાળકીને ધ્રૂજતી મૂકી, બદુનો છરીવાળો હાથ સાહતો તે બોલ્યો, 'મરઝુક...'

'મિરઝા, કસમ છે તને આડો પડયો તો. ખુદાના ઘરથી યે ન ડરતાં એ બેરહમ રૂમીએ મારી નાજુક બચ્ચીને લાતે ફટકારવાની બેહયાઇ કરી છે. રસુલિલ્લાહના કસમથી કહું છું કે એ સજાને લાયક જ છે !' પહેલે જ શબ્દે મિરઝાને અટકાવી બદુ બોલ્યે ગયો.

'દરિયેશક ! સજા તેને થવી જ જોઇએ !' મિરઝાએ જવાબ આપ્યો. તેના હોઠ વધુ દબાયા. તેના ચહેરાએ વધુ લાલાશ પકડી. 'પણ એ સજા એવી તો થવી જોઇએ કે જે તેની જિંદગીભરની યાદગીરી બને !'

અને તરત કોઇ જુએ, જાણે કે વચ્ચે પડે તે પહેલાં તો પેડરસનના ગાલ પર ધડ લઇને એક તમાચો પડયો. એ તમાચો ચોડનાર હાથ પોલાદી ન હતો. તમાચો પણ એટલો સજ્જડ ન હતો છતાં એ તમાચો અપમાનની કાળી ટીલીની ચિરંજીવ યાદગીરી હતી. કોઇ પણ માનનીય અમલદારને મોતથી પણ વધુ સાલતી કોઇ ચીજ હોય તો તે અપમાન છે. મિરઝા તે સમજતો હતો અને એટલે જ આજે સરેબાઝારમાં તેણે એ પ્રયોગ અજમાવ્યો. ગોરા, કાળા ને રંગીન બધા આદમીઓ વચ્ચે ચોડાએલા આ તમાચા કરતાં બીજી કોઈ સરસ રીત વેર વાળવાની ન હતી.

પળભર તો પેડરસન જાણે જમીન સાથે જ જડાઇ ગયો. જિંદગીભરમાં આવા અપમાનને પાત્ર ન બનેલા એ સ્વીડ ઇજનેરના શરીરમાં એક વેગભરી કંપારી વછૂટી ગઇ. ઘડીમાં લાલ તો ઘડીમાં સફેદ રંગ તેના ચહેરા પર તરી આવવા લાગ્યો. થોડીવાર તો તે દિઙ્મૂઢ બની ગયો પણ પછી તો એરણ જેવી મુક્કીઓ ઉગામી તે મિરઝા પર ધસ્યો. રિટર અને લેનોની તો જીભ સાથે જાણે અંગેઅંગ પણ જકડાઈ ગયાં હતાં.

મલેકુલ મોત જેમ હમણાં જ પેડરસન મિરઝા પર તૂટી પડત પણ એ પળ આવતાં પહેલાં જ તોસાં લાંઓતી વચ્ચે આવી ઊભો રહ્યો. પેડરસનને તેણે અદ્ધર જ બચાવી લીધો ને કહ્યું, 'મૉસ્યૂ ! એ પળ વીતી ગઇ; હવે ખામોશ રાખો !'

'શું કહ્યું ? હું બદલો લઇશ જ !' લાંઓતીની

બાથમાંથી આંચકો મારી બહાર પડતાં પેડરસન બોલ્યો.

'અને હું પણ! પેડરસન, મરદ થઈને બદલો લેજે; આજનો દિવસ આખરી જ છે!' જૂના દાગથી અંગેઅંગ કંપતા મિરઝાએ જવાબ આપ્યો, ને બંને એક બીજાને બાઝી પડ્યા. પરિણામ આણવા એક જ મિનિટ બસ હતી પણ એ એક જ મિનિટે માણસ પોતાના અસલ ઝુંડ પર જતાં જે ઝનૂન પર ઉતરી પડે છે તેનો હુબહુ ચિતાર ખડો કર્યો હતો.

એ એક મિનિટ જ વીતી ને કોઇ જાણવા પામે તે પહેલાં તો જે થયું તેનું પરિણામ આવી ગયું હતું. પેડરસન બેહોશ બની દૂર ઉછળી પડ્યો હતો. રિટર અને લેનો તેની તરફ વળ્યા અને મિરઝા અને લાંઓતીએ છાવણીનો રસ્તો લીધો.

'મૉંઘૂ, મૉં. પેડરસન!' બીજે દિવસે સવારે ખાટલામાં પડેલા પેડરસનની મુલાકાત લેતાં મિરઝાએ કહ્યું; 'આવતી કાલથી બે મહિનાની રજા લઇ હું ઇરાન ઉપડું છું, મારી અમ્માની ગોદ મેળવવા. બે મહિને હું પાછો આવું ત્યારે તમારી સહીસહી મર્દાનગી મને જરૂર દેખાડજો! મર્દો વચ્ચે રહેવા થોડોઘણો યે લાયક તો બનું?!'

પેડરસને આંખો આડે હાથ દેતાં પડખું બદલાવી નાખ્યું.

અશોક હર્ષ

અહમદ અબ્દુલ્લાની એક અંગ્રેજી વાર્તા ઉપરથી

બાંડો વાંદર

બાંડો વાંદર બાજઠ ઉપર
ખુરશી નાખી બેઠો'તો
સામે ઊંચું ટેબલ રાખી
ઇંડિપેને લખતો'તો.

શિયાળવું ત્યાં આવી પૂછે,
'દાદા! બાંડા કેમ થયા?
કોણ મળ્યા'તા તમને એવા
પૂછડી કાપી લેઇ ગયા?'

બાંડો વાંદર શિર ઉછાળી
બોલે, બંદા બી.એ. થયા,
કૉલેજમાં સૌ બાંડા માણસ:
બાપૂ, બાંડા એમ થયા.'

રમણલાલ સોની

વીસમી સદીનું

(૧) ઉપજ અને ઇતિહાસ

ખનિજ તેલ અથવા સાધારણ રીતે ઓળખાતા પેટ્રોલિયમનો ઉપયોગ આજે એટલો તો વધી ગયો છે અને આ સંસ્કૃતિયુગનું જીવન તેના પર એટલું બધું આધાર રાખતું થયું છે કે, જો કદાચ પુરાણકારોના વખતમાં એની ઉપયોગિતા હસ્તીમાં આવી હોત તો સૂર્ય, અગ્નિ અને વાયુ વગેરેનાં પુરાણો જેવું એ તેલનું પણ એક પુરાણ તેઓ બનાવત.

પણ ખરૂં જોતાં એ ખનિજ તેલોનો ઉપયોગ જ નવો છે. હસ્તી નવી નથી. એ તો વર્ષોજૂની છે. પૃથ્વીના પટમાં એ હસ્તીએ કાયમનું સ્થાન કેમ મેળવ્યું તે આપણે પહેલાં તપાસીએ.

પૃથ્વી સૂર્યથી છૂટી પડી અને ઠરી. અનેક વરસાદો તે પર વરસી ગયા બાદ વૃક્ષજીવનની પહેલી જ શરૂઆત સમુદ્રના તળીએથી થઇ. પ્રાણવાયુનો તો એ તળીઆઓમાં અભાવ જ હતો.

ભૂસ્તરશાસ્ત્રમાં કૅમ્બ્રિયન નામે ઓળખાતા યુગની શરૂઆતમાં સમુદ્રતળની એ લીલોતરી પર નભતાં પ્રાણીઓ હસ્તીમાં આવ્યાં. એમાના કાર્બન ડાયોક્સાઇડ તથા પાણી પર જ તેઓ ઘણુંખરૂં નભતાં; પણ ઘણી વખત તો એકબીજાને ખાઇને પણ નભી રહેતાં.

પૃથ્વી વધુ ઠંડી પડતી ગઇ તેમ જીવસૃષ્ટિ નિભાવવાને તે વધુ અનુકૂળ થતી ગઇ. સમુદ્રને તળીએ જ જીવનાં જીવડાંને બદલે હવે પાણીમાં તરી શકે તેવા અને તે પછી છીપાળા જીવો પેદા થતા ગયા. વનસ્પતિનો પ્રકાર પણ વધ્યો. દરિયાની કંઠારનાં છીછરાં પાણીમાં ઊગતાં બરૂઓ અને પછી હંસરાજ વગેરે હસ્તીમાં આવ્યા. ભૂસ્તરનો ત્યારે સિલુરિયન યુગ હતો.

સમુદ્રનું પાણી એ વખતે મીઠું હતું. એ મીઠા પાણીથી પેદા થતા કીટાણુ (bacteria) એ વૃક્ષજીવન ઉપર બહુ કેર વર્તાવ્યો. વૃક્ષોનો બધો રસકસ તે ચૂસી લેતા અને પછી વૃક્ષો સડી જઇ કોહી જતાં. નદીઓ જે કચરો ઘસડી લાવતી તેમાંનાં યે ઝાડો, ડાળાંડાંખળાં બધાંને તે આમ દોહાવા દેતા. આ કેર

પ્રવાહી સોનું પેટ્રોલિયમ

ઘણો વખત ચાલુ રહ્યો. પણ પછી નદીઓએ ઘસડી લાવેલા ક્ષારોથી જેમજેમ સમુદ્રનું પાણી ખારૂં થતું ગયું તેમતેમ તે કાંટાળુ વર્ગ નાશ પામતો ગયો.

નદીઓનો ઘસડી લાવેલો બધો કચરો દરિયાના મો આગળ જ જમા થતો. વજનના પ્રમાણમાં પછીથી તે પડબંધ થતો ગયો. રેતી, કાંકરીઓ વગેરે ભારે પદાર્થોનું પહેલું પડ બંધાયું માટોડીનાં ઝીણાં કણોનો પડ તે ઉપર બંધાયું ને તેની ઉપર પેલા કાંટાળુંએ વૃક્ષોના કોહવાવી નાખેલા કાર્બનવાળા કાદવનું પડ બંધાયું.

ત્યારે દરિયામાં ને દરિયાકિનારે રાક્ષસી જાનવરો ફરતાં. એ મરી જતાં તેમનાં અને માછલીઓ, મચ્છો વગેરેનાં તથા નદીઓ ઘસડી લાવતી તે મડદાંઓના તેલીઆં શરીરો પેલા કાર્બનવાળા કાદવના પડ પર જમા થતાં ગયાં, જે સડતા જતાં તેનો તેલીઓ કાદવ બન્યો.

આ ક્રમ સતત ચાલુ રહેતાં પડોની પરંપરા પણ ચાલુ રહી. પૃથ્વી જેમજેમ નક્કર થતી ગઇ, રાસાયણિક પ્રક્રિયાઓથી જેમજેમ નવા પદાર્થો તેના પૃષ્ઠ પર ઉદ્ભવતા ગયા ને જીવસૃષ્ટિને જેમજેમ મોકળો અવકાશ મળતો ગયો તેમતેમ પડોની જાતો પણ નિરાળી થવા લાગી. નવાં પડોનું દબાણ આવતાં માટોડીઓ કાદવ ભૂખરિયા પત્થર (sand stone)નાં પડમાં ફેરવાયો. કાર્બનવાળા અને તેલીઆ કાદવમાંથી કોલસાનું પડ બન્યું અને તેમાંથી છુટાં પડેલાં તેલ અને પાણીએ માર્ગ કરતાં કરતાં છિદ્રોવાળાં રેતીનાં પડોમાં આશરો લીધો. એક ઉપર એક જામતાં જતાં આવાં પડોથી દરિયો પણ દૂર હઠતો ગયો.

ખનિજ તેલ પૃથ્વીના પડમાં કેમ પેદા થયું

સોનું—એ પીતરંગી ને પ્રકાશમાન ખનિજ આજ સદીઓ થયાં માનવજાત પર આધિપત્ય ભોગવતું આવ્યું છે;

પણ આ વીસમી સદીમાં એની હરીફાઇ કરતું એક ખનિજ ઝપાટાબંધ અગ્રસ્થાન લેતું જાય છે;

એની માલિકી માટે પ્રજાઓ ખુન્નસ સેવે છે; મહાન રાષ્ટ્રો પરસ્પર સામે ઘુરકિયાં કરે છે ને શસ્ત્રો ખખડાવે છે;

સોનાની ખાણો કરતાં પણ એના કૂવાઓની કબજાગીરી આજે વધુ મહત્ત્વની લેખાય છે;

૧૯૧૪ના મહાન જગતયુદ્ધનું છૂપુ એક કારણ એ પણ હતું; ને ભાવિ જગતયુદ્ધની કારણપરંપરામાં મુખ્ય કારણ કદાચ એ હશે;

છેલ્લા ઇટલી–આબીસીનિયા જંગ વેળા મદાંધ ઇટલીને ડારવાનું એ એક જ શસ્ત્ર પ્રજાસંઘ પાસે હતું;

સંસારની સંપત્તિમાં સુવર્ણ કરતાં પણ શ્રેષ્ઠ ને સમર્થ મનાતું ખનિજ તે આ વીસમી સદીનું પ્રવાહી સોનું **પેટ્રોલિયમ.**

સૃષ્ટિક્રમમાં એ કેમ રચાયું;
એ ક્યાં મળે છે ને કેવી રીતે મળે છે;
કેવી જબ્બર એની શક્તિ છે અને શી શી એની શક્યતાઓ છે;
જગતના ઉપયોગની કેટકેટલી ચીજો એમાંથી નીકળે છે;
એની રસમય સરળ અને છતાં અભ્યાસમય માહિતી ત્રણ લેખકોએ ત્રણ વિવિધ દૃષ્ટિએ આ લેખમાં આપી છે:
ઇતિહાસની દૃષ્ટિએ કુમારે;
વિજ્ઞાનની દૃષ્ટિએ દ્વારકાનાથ ગુપ્તેએ;
હિંદની નજરે ડુંગરશી ધરમશી સંપટે

તે બાબતમાં હજુ કશો ચોક્કસ નિર્ણય નથી થયો. અનેક સિદ્ધાંતો તેને માટે રજુ કરવામાં આવે છે. એ બધાને આપણે મુખ્ય બે સિદ્ધાંતોમાં ફાળવી શકીએ: જડ પ્રક્રિયા અને સજીવ પ્રક્રિયા. તેમાંની સજીવ પ્રક્રિયા આપણે ઉપર વર્ણવી ગયા.

જડ પ્રક્રિયાનો સિદ્ધાંત એ છે કે તેલ એ પૃથ્વીના પેટાળમાં રહેલા પાણી—કદાચ એના વરાળ સ્વરૂપ—પર થતી ધાતવી (metallic) કાર્બાઇડોમાંના કાર્બનની પ્રક્રિયાથી હસ્તીમાં આવ્યું છે. આમે પણ આપણે જોઇએ છીએ કે ચૂનાના કાર્બાઇડ પર પાણીની અસર થતાં સળગી ઊઠે તેવું જ એસેટિલીન પેદા થાય છે.

પણ પૃથ્વીના પેટાળનું આપણું જ્ઞાન બહુ ઓછું છે અને ત્યાં કાર્બાઇડ હોવાની હસ્તીની પણ શંકા રહે છે. તે ન હોય એમ આપણે નથી કહેતા, પણ ત્યાં તેના હોવાનાં ખાત્રીબદ્ધ પ્રમાણો હજુ રજુ નથી થયાં. એટલે ખનિજ તેલની પેદાશ માટે મોટે ભાગે તો સજીવ પ્રક્રિયાને જ કારણભૂત ગણવામાં આવે છે.

પૃથ્વીના પેટાળમાં તેલ હોવાનાં પ્રમાણો તો પ્રાગૈતિહાસિક કાળથી પણ મોજૂદ હતાં પણ ત્યારના અસંસ્કૃત લોકોને જમીનમાંથી ઓચિંતી ફૂટી નીકળતી જ્વાળાઓ કુતૂહલનો વિષય નહિ પણ ભય અને દૈવ-કોપનું કારણ બનતી અને તેથી તેની શોધ માટે કશા પદ્ધતિસર ઇલાજો લેવાયા વિના રહી ગયા.

ઇ.સ. ૧૮૪૭માં ઇંગ્લંડમાં ડર્બીશાયર પાસે જમીનમાંથી ઝમતું તેલ નજરે પડ્યું. તપાસ કરતાં તે કાર્બોનિફરસ યુગના કોલસાના પડમાંના શેલમાંથી ઝમતું દેખાયું. લ્યુબ્રિકન્ટ તરીકે તે ઉપયોગી જણાયું ને સ્કૉટલૅન્ડમાં બાથગેટ પાસે તેને માટે એક કંપની ઊભી કરવામાં આવી. ત્યારપછી જર્મની અને અમેરિકા પણ ખનિજ તેલોની શોધો પાછળ પડ્યાં પણ એ સૌથી પહેલું ઉપયોગમાં લાવવાનું માન તો એક રશિયનને ફાળે જાય છે. જમીનમાંથી નીકળતા એ તેલને પેટ્રોલિયમ નામ તેણે પહેલવહેલું જ આપ્યું. આજે બધા પ્રકારના ખનિજ તેલ માટે એ નામ વપરાય છે.

ખનિજ તેલ જોકે જમીનના જુદાંજુદાં પડોમાં મળી આવે છે, પરંતુ ખાસ કરીને તો ભૂસ્તરના ડેવોનિયન અને કાર્બોનિફરસ યુગના પડોમાં જ વિશેષ મળી આવે છે. એક બાજુથી દરિયાનું અને બીજી તરફથી પર્વતનું એમ બે પ્રકારના દબાણોની વચ્ચે ઊંધા વાળેલા પ્યાલાના આકારના બની ગએલાં એ પડોના પોલાણમાં સૌ નીચે પાણી, પછી તેલ અને ઉપર ગૅસ એમ આવેલાં હોય છે.

પૃથ્વીના પૃષ્ઠના ફેરફારથી તેલ ઘણી વખત સ્થલાંતર (migration) પણ કરે છે. ઘણી વખત તો ઓચિંતો તેનો ગૅસ જ થઈ જાય છે અને તેને લીધે ઘણી વખત તેલનાં બોદાણોમાંથી એ ગૅસની અસરને લઇ તેલના જબરા ફુવારા ઊડી નીકળે છે જે ભયંકર આગ પકડે છે.

દુનિયાના તેલપ્રદેશોમાં મોટામાં મોટો ભાગ યુનાઇટેડ સ્ટેટ્સનો છે. બાકીનામાં મૅક્સિકો, કૅનેડા, વેસ્ટ ઇન્ડીઝ, ગેલિશિયા, રૂમાનિયા, હંગરી, રશિયા, કૉકેસસનો પ્રદેશ, ઇરાન, મૅસોપોટેમિયા, જાવા, સુમાત્રા, બોર્નિયો અને બ્રહ્મદેશ ગણી શકાય. ઑસ્ટ્રેલિયા, ન્યુઝીલૅન્ડ અને આફ્રિકાના કેટલાક ભાગોમાંથી પણ તે મળી આવે છે. આ નામાવલિ સંપૂર્ણ નથી, છતાં કેટલી વિશાળતામાં દુનિયાના પટમાં તેલ પથરાએલું છે તેનો એ પરથી ખ્યાલ આવશે.

આજે સોના કરતાં પણ વધુ શોધાતી જો કોઇ ખાણો હોય તો તે પેટ્રોલિયમની. વાહનોને ગતિ આપવા માટે વપરાતું પેટ્રોલ તેમાંથી જ નીકળે છે. એ પેટ્રોલનો ઉપયોગ શરૂ થયાને હજુ ચાળીસ વર્ષો માંડ થયાં છે ત્યાં તો જગતના રાજકારણમાં તેનું મહત્ત્વ ખૂબ આગળપડતું થઇ પડ્યું છે, અને હવે પછી થનારાં જગતયુદ્ધોનું આદિકારણ પણ હવે કદાચ પેટ્રોલ જ રહેવાનું; કારણકે રોજિંદા વ્યવહારમાં પણ હવે યાંત્રિક શક્તિનો ઉપયોગ શરૂ થઇ ગયો હોઈ રાષ્ટ્રીય જીવન માટે પેટ્રોલ આવશ્યક વસ્તુ બની ગયું છે.

જર્મનીને તેલની ખાણો સોંપવાનું વચન દેવા છતાં તુર્કસ્તાને બ્રિટિશ-ડચ-શેલ ઑઇલ ગ્રૂપ અને ટર્કિશ નૅશનલ બૅંકને એ ખાણો ઇ.સ. ૧૯૧૨માં સોંપી દીધી એ જ ખરી રીતે જોતાં ૧૯૧૪ના મહાયુદ્ધનું મૂળ એક રીતે લેખી શકાય.

જાપાને પૂર્વના દેશોમાં જે પગપેસારો કરવા માંડ્યો છે તેનું યે મૂળ કારણ તો પેટ્રોલ જ છે. મંચુકુઓમાં તેલના કૂવા હોવાથી જ એ પ્રદેશમાં તેણે પોતાનો પગપેસારો કરી દીધો છે.

'કુમાર'

(૨) વિજ્ઞાનની નજરે

ઘરમાં ઘાસતેલનો દીવો હોય એ ગામડામાં તો મોટી મગરૂરીની વાત ગણાય છે. ઘાસતેલના એ દીવા આજે શહેરોમાંથી ભલે અલોપ થતા જતા હોય, પણ ઘાસતેલનું મહત્ત્વ તો દરેક ઠેકાણે હમેશાં વધતું જ જાય છે. શહેરોમાં વિજળી આવ્યાથી ઘાસતેલની વપરાશ ઓછી થઇ એમ કહેવાય નહિ, કારણકે વિજળી ઉત્પન્ન કરવા માટે સામાન્ય કારખાનાંઓમાં ઘાસતેલ કે એવા જ ખનિજ તેલ બાળતાં એન્જિન વાપરવાં પડે છે. ઘાસતેલ એ આજકાલનું બહુ જ ઉપયોગી બળતણ છે. આજે કોલસાના ઉદ્યોગને પણ ઘાસતેલ અને બીજા ખનિજ તેલોની આ ઔદ્યોગિક પ્રગતિની ખૂબ ધાસ્તી પડી છે.

આપણામાંના ઘણાખરા હવે પેટ્રોલ વાપરતા થઇ ગયા છે; અને ઘાસતેલ તો હવે આપણું ચાલુ બળતણ (fuel) જ ગણાય. આ પેટ્રોલ અને ઘાસતેલ વચ્ચે સગા ભાઇઓનો સંબંધ છે, એ થોડાઘણા તો જાણતા જ હશે. પેટ્રોલ અને ઘાસતેલ એક જ પદાર્થ—પેટ્રોલિયમ—માંથી બને છે. આ પેટ્રોલિયમને યુક્તિથી ઉકાળીને તેના જુદાજુદા ઉષ્ણતા અંશે પેટ્રોલ, કેરોસીન, ફ્યુઅલ ઑઇલ, વગેરે તેલો છૂટાં પાડે છે. જમીનમાં એ તેલ ક્યાં હોય છે ને ભૂસ્તરશાસ્ત્રીઓ તે કેવી રીતે શોધી કાઢે છે એ આપણે જોઇએ.

પેટ્રોલિયમનો અર્થ 'સીધું જમીનમાંથી નીકળતું તેલ' એટલે ક્રૂડ ઑઇલ કે રૉક ઑઇલ એમ આપણે કરવાનો.

ઘાસતેલના 'કૂવાઓ' હોય છે એમ આપણે સામાન્ય રીતે કહીએ છીએ. પણ ખરીરીતે તેમનું ઉત્પત્તિસ્થાન કુદરતી કૂવાઓના રૂપમાં હોતું નથી, પણ 'બોરિંગ'ના રૂપમાં હોય છે. વળી આ રીતે આ કૂવાઓ દ્વારા જમીનમાંથી નીકળે છે એ ઘાસતેલ નહિ પણ 'પેટ્રોલિયમ'—એટલેકે પેટ્રોલ, ઘાસતેલ વગેરે તેલોનું ભૂગર્ભ-મિશ્રણ.

આ પેટ્રોલિયમ કેટલી અઢળક સંપત્તિ આપી શકતું હશે એ તેનો ધંધો ન જાણનારને કલ્પવું બહુ મુશ્કેલ છે. એનાં કેટલાંક બોરિંગો કરવામાં તો દરેક બોરિંગ પાછળ સહેજે પાંચપાંચ લાખ રૂપિયા જેટલી રકમો વેડફી નાખવામાં પણ પેટ્રોલિયમ કંપનીઓએ જરીકે આંચકો ખાધો નથી. વળી એમાંનાં કેટલાંક બોરિંગો નિષ્ફળ પણ જાય છે. છતાં યે પેટ્રોલિયમ કંપનીઓ અઢળક નફો કરી શકે છે!

આ પેટ્રોલિયમને જમીનમાંથી કાઢવાનું બધું માન ભૂસ્તરશાસ્ત્રીઓને જ જાય છે. પેટ્રોલિયમ કંપનીમાં મુખ્ય મહત્ત્વની વ્યક્તિ તે ભૂસ્તરશાસ્ત્રી. બોરિંગમાંથી કેટલું પેટ્રોલિયમ નીકળશે એ પર જ કંપનીના વેપારનું ધોરણ બંધાએલું હોય છે. નિષ્ફળ જતા બોરિંગથી કંપનીને થતી નુકસાની ઉપરથી ભૂસ્તરશાસ્ત્રીનું આટલું મહત્ત્વ સમજાશે. જમીનમાં પેટ્રોલિયમનું અસ્તિત્વ એ કેવી રીતે શોધી કાઢે છે એ જાણવા માટે પેટ્રોલિયમના જમીનમાંના બંધારણ વિષે વિચાર કરવાથી બધું સમજવું સરળ થશે.

પેટ્રોલિયમના બંધારણ વિષે ભિન્નભિન્ન મતો છે પણ મુખ્ય તો બે પ્રકારના કહી શકાય. એક રસાયણશાસ્ત્રીઓનો અને બીજો ભૂસ્તરશાસ્ત્રીઓનો. પેટ્રોલિયમનાં જુદાંજુદાં દ્રવ્યો હાયડ્રો કાર્બન્સ છે. ફેરીવાળાઓની પાસે ખૂબ પ્રકાશવાળા પણ ખરાબ વાસવાળો ધૂમાડો આપતા કાર્બાઇડના દીવાઓ ઘણાએ જોયા હશે. આ દીવાઓમાં બળતા ઍસીટીલીન ગૅસનું બંધારણ રસાયણિક દૃષ્ટિએ પેટ્રોલિયમના અવયવોના બંધારણને મળતું છે. ઍસીટીલીન-ગૅસ કૅલ્શિયમ-કાર્બાઇડ અને પાણીના યોગથી ઉત્પન્ન થાય છે. આ ઉપરથી કેટલાક રસાયણશાસ્ત્રીઓનું માનવું છે કે ભૂગર્ભમાં પણ પાણીના ઝરાઓ આવાં કેટલાંક કાર્બાઇડ જોડે સંયોગમાં આવવાથી જુદાજુદા પ્રકારના હાઇડ્રો-કાર્બન્સ બન્યા જે કાલક્રમે ઉપરના દબાણને લીધે, વાયુરૂપમાંથી પ્રવાહી રૂપમાં બદલાયા અને આજે પેટ્રોલિયમના રૂપમાં છે. આવી જ જુદીજુદી માન્યતાએ કેટલાક રસાયણશાસ્ત્રીઓ ધરાવે છે. પણ ઉપરની માન્યતાઓ સિદ્ધ કરતી વિગતો ક્યાં યે મળી આવતી નથી. આજ સુધી કોઇપણ બોરિંગ કરતાં કાર્બાઇડના પડ મળી આવ્યાં નથી. ભૂસ્તરશાસ્ત્રીઓનું પોતાના અનુભવ ઉપરથી જુદું જ માનવું છે, અને એમનો મત જ આજે પાયાદાર ગણાય છે.


પેટ્રોલિયમ પાણીમાં બંધાએલા પત્થરો (sedimentary rocks)માં જ મળી આવે છે. પૃથ્વીના આદ્ય સર્જન વખતે ધગધગતા પ્રવાહીમાંથી જે પત્થરો

(igneous rocks) બન્યા તે કાલક્રમે હવાના, પાણીના વગેરે આક્રમણથી ખૂબ ઘસાયા અને એમના બંધારણમાં પણ ફેર થવા પામ્યો. આમ ઘસાઇઘસાઇને છેવટે નદીઓનાં પાણી આ કચરાને (sediment) પોતાના પ્રવાહના બળે સમુદ્ર કે સરોવર જેવાં શાંત જળાશયોમાં ઘસડી લઇ ગયાં. શાંત પાણીમાં આવતાં આ રેતી, કાદવ વગેરે કચરાને ઠરીને બેસવાનો અવકાશ મળ્યો અને આ રીતે પડ ઉપર પડ બંધાઇને વખત જતાં રેતીનાં (sand-stone), કાદવના (shale) કે ચૂનાના (lime-stone) પત્થરો બંધાયા. આવી રીતે પાણીથી બંધાએલા પત્થરોને (sedimentary rocks) કહે છે. આવા કચરાથી સમુદ્ર ધીમેધીમે પૂરાતો જાય છે અને જમીનથી આઘે ને આઘે ખસતો જાય છે અને છેવટે આ બંધાએલા પત્થરો જમીનના જ એક ભાગ થઇને રહે છે.

આ બધી ક્રિયા દરમ્યાન જ્યારે કાદવકચરો ઠરીને બેસે છે ત્યારે એના ઉપર આજુબાજુથી ઘસડાઇ આવેલી વનસ્પતિ પણ ઠરીને બેસે છે; સાથેસાથે બીજા કેટલા યે અસંખ્ય નાનામોટા જીવો ત્યાં પોતાનાં ઘર કરી રહે છે. પણ જામેલા એ થર ઉપર જ બીજા થર કે પડ થવાના, અને આ રીતે જીવરાજ્ય દટાઇ જવાનું. હવે આ દટાએલા થરમાંની વનસ્પતિમાંની કેટલીક તેલી (oily) પણ હોય; દબાણથી એમાંનું તેલ જુદું પડે છે. પ્રાણીઓમાંથી યે કેટલાંક માછલાં કે એ જાતનાં પ્રાણીઓ પણ હોય; અને આપણે જાણીએ છીએ કે માછલાંઓમા ખૂબ તેલ હોય છે. સાધારણ રીતે કહેવાતી વનસ્પતિમાંથી કાર્બન ડાયોકસાઇડ અને પાણી જુદાં પડે છે, પણ ઉપરના કચરા કે બંધાએલા પત્થરોનું દબાણ ખૂબ હોય તો કાર્બન ડાયોકસાઇડનો કાર્બન અને પાણીનો હાઇડ્રોજન સંયુકત રૂપમાં રહી જુદાજુદા હાઇડ્રો-કાર્બન્સ બને છે અને આપણા પેટ્રોલિયમના બંધારણનું કારણ પણ આ જ છે. આ રીતે વનસ્પતિ તથા પ્રાણીઓમાંથી હાઇડ્રો-કાર્બન્સ પ્રવાહી તથા ગૅસના રૂપમાં છૂટા પડે છે. આ પ્રવાહીમાંથી કાલાંતરે પેટ્રોલિયમ થાય છે. આ પ્રવાહીમા કેટલાંક ઘન હાઇડ્રો-કાર્બન્સ (bitumen) પણ સંમિશ્રિત હોય છે. ગૅસમાં મુખ્ય તો માર્શ-ગૅસ (CH_4) હોય છે, જેને કુદરતી ગૅસ (natural gas) કહે છે. કોલસાની ખાણોમાં મળી આવતા ગૅસનું કારણ પણ આ પ્રમાણે કોહવાતી વનસ્પતિનું જ છે.

આદ્ય પત્થરો (igneous rocks) ધગધગતા પ્રવાહીમાથી થયા હોવાને કારણે એમાં કોઇ વનસ્પતિ કે પ્રાણી જીવી શકે નહિ, અને એથી એવા પત્થરોમાં પેટ્રોલિયમની આશા રાખી શકાય નહિ. કોલસો પણ પડબંધ પથરાઓ (sedimentary rocks)માં જ મળી આવે છે. આ પડબંધ પથરાઓનું વિશિષ્ટ લક્ષણ પડાંતર છે—એટલે કે પાણીને લીધે એમનાં એક ઉપર બીજા એવા થર કે પડ નજરે પડશે.

આ પત્થરો પડવાળા હોવા ઉપરાંત, સમુદ્ર કે નદીના પ્રદેશમાં બંધાયા હોવાથી એ અમુક દિશામાં ઢાળ (dip)વાળાં હોય છે. એ ઉપરાંત પૃથ્વીના પડની સ્થિતિમાં હમેશાં ફેરફારો (diastrophism) થતાં જ રહે છે. એથી આ મૂળ ઢાળમાં ફેરફાર પડવા ઉપરાંત આ પત્થરો જુદાજુદા આકારનાં થાય છે. નદી



તેલપટના ત્રણ વિભાગમાં દોરેલા આ રેખાંકન પરથી તેલ ધરાવતા પટ અને તેના થરોના પ્રકાર સાથે જે રીતે તે જમીનના પેટાળમાં પથરાએલું રહે છે તેનો ખ્યાલ આવી જશે.

દ્વારા ઘસડાઇ જતી રેતી, માટી વગેરે સમુદ્રમાં દિન પ્રતિદિન વધતી જઇ એના વજનનું દબાણ થાય છે, પણ આ દબાણની દિશા પહેલાંના દબાણથી ઉલટી દિશામાં હોય છે. પર્વત અને સમુદ્રની વચમાં આવેલા પત્થરો ઉપર આ રીતે બે ઉલટી દિશાએથી દબાણ આવે છે, એટલે કોઇ પાથરેલા કપડાને સામસામી દિશાએથી દબવતાં તે પર જેમ કરચલીઓ પડે તેમ આ પત્થરાઓ ઉપર પણ જુદા જુદા આકારો અંકાય છે. કેટલાક શકોરાના આકારના (sincline) અને કેટલાક તેથી ઊંધા આકારના (anti-cline) બને છે.

હવે આ આકારોનું મહત્ત્વ પેટ્રોલિયમમાં શું છે એ સમજીએ. વનસ્પતિ અને પ્રાણીઓમાંથી છૂટું પડેલું તેલ, જે માટીમાં વનસ્પતિ ઊગેલી તે માટીમાં ફેલાઇ જવાનું, પણ ઉપરનું દબાણ વધી જવાથી અંદરનું તેલ માટીમાંથી નીચોવાઇને ઉપરના અને નીચેના રેતીના પડોમાં પ્રવેશ કરવાનું. માટીની તેલ સમાવવાની શક્તિ ઓછી છે, પણ રેતી વધારે છિદ્રોવાળી હોવાથી, એની તેલ સમાવવાની શક્તિ વધારે છે. આ રીતે તેલ સર્વ ઠેકાણે ફેલાએલું ન રહેતાં, ફક્ત રેતીના પડોમાં જ ફેલાએલું રહે છે. અને આ પેટ્રોલિયમના ઉદ્યોગમાં મુખ્ય મહત્ત્વની બાબત છે. જે પેટ્રોલિયમ સર્વત્ર ફેલાએલું રહીને નિરૂપયોગી નીવડત તેજ પેટ્રોલિયમ રેતીના પડોમાં આવીને જમા થવાથી ઉપયોગી ઠરે છે.

બીજી વાત. રેતી છિદ્રોવાળી હોવાથી પોતાના કણોની વચમાં પાણી પણ સમાવે છે. આથી તો પાણી અને પેટ્રોલિયમ વચ્ચે એક પ્રકારનો કલહ ઉત્પન્ન થવા પામે; પણ પેટ્રોલિયમ પાણી કરતાં હલકું હોવાને કારણે તે પાણી ઉપર જ તરે છે. આ રીતે રેતીના પડોમાં સૌથી ઊંચામાં ઊંચું સ્થાન પેટ્રોલિયમ માટે નિર્ણિત થઈ ગએલું હોય છે. તેના જમાવ માટે આપણે પત્થરોમાં ઉપજતા જુદા જુદા જે આકારો જણાવ્યા તેમાંથી ઊંધા વાળેલા શકોરાનો આકાર (anti-cline) સૌથી ઉત્તમ છે કારણ કે પેટ્રોલિયમને એથી ઊંચે ચઢવાનું મળી રહે છે. આ રીતે પેટ્રોલિયમની શોધ માટે ભૂસ્તરશાસ્ત્રીને મુખ્ય જરૂરિયાત ત્રણ વાતોની છેઃ

(૧) પડવાળા પત્થરો (sedimentary rocks) ની જરૂર હોવા ઉપરાંત, એ બંધાયા તે વખતે વનસ્પતિ અને પ્રાણીઓ અસ્તિત્વમાં આવ્યાં હોવાં જોઇએ. જીવન-ની શરૂઆત થઇ એ પૂર્વના પત્થરો આ રીતે નકામા છે.

(૨) માટીના (shale) અને રેતીના કે ચૂનાના પત્થરો એકબીજા ઉપર અનુક્રમે આવેલા હોવા જોઇએ, જેથી પેટ્રોલિયમ ખૂબ મોટા વિસ્તારમાંથી છિદ્રોવાળા (porous) રેતીના કે ચૂનાના પત્થરોમાં જ જમા થાય. એ ઉપરાંત, આ પત્થરોમાં ઊંધા વાળેલા શકોરાનો આકાર (anti-cline) થયો હોવો જોઇએ જેથી પેટ્રોલિયમ ત્યા જ જમા થાય અને બોરિંગ કરતાંની સાથે બહાર નીકળે

(૩) રેતીના કે ચૂનાના પત્થરો ઉપર માટીના કે એવાજ કઠણ (impervious) પત્થરો આવેલા હોવા જોઇએ કે જેથી આજુબાજુ ભેગું થએલું પેટ્રોલિયમ ઉપરના કે નીચેના પત્થરોમાં ફેલાઇ જઇને થએલો જમાવ બગાડી મૂકવા ન પામે.

ગૅસ અને પેટ્રોલિયમ કોહવાતી વનસ્પતિ વગેરે-માંથી જુદાં પડે છે. આ ગૅસ (natural gas) પેટ્રોલિયમની સાથે હમેશાં નીકળે છે. કેટલીક વાર એકલો ગૅસ જ નીકળે છે. આવી જગ્યાઓમાંથી પેટ્રોલિયમ મળવાની ઘણી વકી રહે છે. ગુજરાતમાં આ પ્રકારનો ગૅસ વડોદરા રાજ્યમાં વડોદરા, કોડીનાર, તથા ઘોઘા વગેરે ઘણી જગ્યાઓમાં બોરિંગ કરતા મળી આવ્યો છે. કોઇ સાહસિક વ્યાપારી કંપનીએ ત્યાં પેટ્રો-લિયમની શોધનું કામ ઉપાડી લેવું જોઇએ; એમાં ફત્તેહમંદ થવાય તો કંઇ આશ્ચર્ય નહિ. પંજાબમાં 'જ્વાળામુખી' નામના ઠેકાણેથી પણ આવો જ ગૅસ નીકળે છે, અને ત્યાં એક મંદિર બાંધી લીધું હોવાથી કેટલી ય સદીઓ થયાં એ ગૅસ તેમાં બળ્યા કરે છે. કેટલીક વાર આ ગૅસ પોતાની સાથે કાદવવાળું ખારૂં પાણી લઇ આવે છે અને તેથી એમાં મોટામોટા પરપોટા થાય છે જે mud volcanoes કહેવાય છે. આ પણ પેટ્રોલિયમ માટે સારી નિશાની છે. કેટલીક વાર પત્થરોની તડોમાંથી પેટ્રોલિયમ સુકાઇ ગયા પછી મીણ જેવો પદાર્થ (bitumen) પાછળ અવશેષ રૂપે રહી જાય છે. આ પેટ્રોલિયમ માટે સૌથી સારામાં સારી નિશાની છે.

આ રીતે જમીનમાં પેટ્રોલિયમ છે કે નહિ એ માટે ભૂસ્તરશાસ્ત્રી ઉપરની મુખ્ય બાબતો તરફ જોતો રહે છે. આ ઉપરાંત ભૂભૌતિક (geo-physics)

ની પણ ઘણી મદદ લેવાય છે. આ શાસ્ત્ર છેલ્લાં થોડા વર્ષો થયાં જ હયાતીમાં આવ્યું છે અને એને જાણનારા પણ ગણ્યાગાંઠ્યા જ છે. તેમાં પેટ્રોલિયમ શોધવાની એક રીત એ છે કે જમીનની અંદર સુરંગ ખોદી ડાયનેમાઇટથી તેને ઉડાવી દેઈ ને નાનાનાના ધરતીકંપના આંચકા જે આંચકા ઉત્પન્ન થાય તેમનો વેગ માપવો. સાધારણરીતે પેટ્રોલિયમવાળી જગ્યામાં સામાન્ય જગ્યા કરતા ૭-૮ ગણો વધુ વેગ હોય છે.

આ રીતે ભૂસ્તરશાસ્ત્રી જમીનમાંથી પેટ્રોલિયમ નીકળશે કે નહિ, કેટલે અંતરે નીકળશે, કેટલા જથ્થામાં નીકળશે વગેરે ઘણી બાબતો જમીન ઉપર રહ્યો રહ્યો જ કહી શકે છે. હવે તો પેટ્રોલિયમની શોધ માટે વિમાનમાંથી હજારો ચોરસ માઇલોના વિસ્તારના નકશા (geological maps) ઉપરથી જ નીચેના પથરાઓની પરીક્ષા કરી શકાય છે અને આ રીતે અભેદ્ય પ્રદેશો પણ પેટ્રોલિયમ માટે ખેડી શકાયા છે.

દ્વારકાનાથ ગ. ગુપ્તે

(૩) હિંદનો ફાળો

હિંદુસ્તાનમાં તેલના કૂવાઓનું મોટામાં મોટું પ્રમાણ ક્યાંયે હોય તો તે બ્રહ્મદેશમાં. ચોખા અને લાકડા સાથે તેલની પણ એ દેશ મોટા જથ્થામાં નિકાસ કરે છે. તેલના મુખ્ય કિનારો રંગુનથી ત્રણસો માઇલ દૂર આવેલા યનાન્જો અને સીંગુશીલ્ડ છે. બ્રહ્મી લોકો મજૂરીનું કામ નાપસંદ કરતા હોવાથી ઘણાખરા મજૂરો દક્ષિણના તેલુગુ પ્રાંતોમાંથી લાવેલા છે. તેમને માટે પાકાં મકાન બાંધેલાં છે.

અગાઉ અહીં તેલની લીલીપીળી જ્વાલાઓ નીકળતી. લોકો તેને ભુતાવળ સમજતા. પોણોસોએક વર્ષ ઉપર એક અંગ્રેજ ભૂસ્તરશાસ્ત્રીએ એને તેલપટ તરીકે પારખી. તરતજ લંડનમાં એક મોટી સિંડિકેટ ઊભી થઇ એ જમીનનો પટો મેળવાયો ને કામકાજ ચાલુ થયું. પહેલાં તો ત્યાં સ્વયંભૂ તેલનો ફૂવારો વહેતો, પણ ધીમેધીમે તેલ નીચું ઊતરતું જતાં આજે હવે તે પંપ દ્વારા ખેંચી કાઢવામાં આવે છે. 'બર્મા ઑઇલ કંપની' નામે ઓળખાતી એ કંપનીના હાલ ત્યાં પચાસેક કૂવા છે.


આ તેલપ્રદેશોની માલિક 'બર્મા ઑઇલ કંપની'એ યનાન્જેથી ઠેઠ રંગુન સુધી મોટા નળ નાખેલા છે. ત્રણસો માઇલ લાંબા અને ઊભો માણસ ચાલ્યો જાય એવડા કુશાદે એ નળો યનાન્જોની જબરી ટાંકીઓમાંથી તેલનો જથ્થો રંગુનની રિફાઇનરીમાં વહી જાય છે. રસ્તામાં ઘણે ઠેકાણે તે જમીનની અંદરથી લઇ જવામાં આવે છે. નદીઓ અને તળાવો ઉપર એ નળો માટે પૂલ બાંધવામાં આવ્યા છે; રસ્તામાં આવતા પહાડોને ડાયનેમાઇટથી ફોડી તેમના માટે ખાસ બુગદા બાંધેલા છે. કેટલાં યે વર્ષો આ 'પાઇપ લાઇન' બાંધતાં લાગેલાં અને એંશી લાખ રૂપીઆનો તો તે પર ખર્ચ થએલો.

એકંદરે જોતાં આ 'પાઇપ લાઇન' સરવાળે તો સસ્તી જ નીવડે છે. તેલનો પ્રવાહ તેમાંથી હમેશાં એકધારો વહી શકે છે. રેલ્વેનાં વૅગનો, તેલની સ્ટીમરો વગેરેમાં તેલની બદલી કરવાનો ખર્ચો પણ એથી બચી જાય છે અને તેલનો બગાડ પણ ઓછો થાય છે.

તેલના આ કૂવાઓ માત્ર સાંચાકામથી જ ખોદવામાં આવે છે. તેની અંદર માણસો ઊતરી શકતાં નથી, તેમ નીચે નજર નાખીને જોઇ પણ શકાતું નથી. મશીનરી નીચે ઉતારવા માટે પહેલાં કૂવાના મોઢા ઉપર એક મોટો માંચડો ઊભો કરવો પડે છે. તે લાકડાનો અગર લોઢાનો હોય છે જેને 'રિગ' કહેવામાં આવે છે. કૂવાનું મોઢું બાવીસથી ચોવીસ ઇંચ એટલે કે માત્ર બે ફૂટ જેટલું જ પહોળું હોય છે. તેની અંદર મોટી સારડી નાખીને બોરિંગ કરવામાં આવે છે. જેમજેમ એ બોરિંગથી જગ્યા થતી જાય છે તેમ તેમ તેમાં લોઢાના નળ ઉતારવામાં આવે છે. આ નળ એકબીજાની સાથે જોડાએલા હોય છે. શરૂમાં બાવીસ ઇંચ પહોળાઇના ગોળ નળ અંદર ઉતારવામાં આવે છે. અમુક ઊંડાઇએ ગયા પછી અઢાર ઇંચની પહોળાઇના અને ત્યારપછી ચોદ ઇંચી, દસ ઇંચી, આઠ ઇંચી, છ ઇંચી, સાડાચાર ઇંચી એ પ્રમાણેના નાના થતા જતા નળ ઉતારવામાં આવે છે.

કૂવાઓ જેમ ઊંડા તેમ નાના નાના કદના નળ વધારે જોઇએ. એટલે શરૂઆતમાં બની શકે ત્યાંસુધી મોટા નળ નીચે ઉતારવામાં આવે છે, જેથી પાછળથી બહુ નાના કદના નળ વાપરવાની જરૂર ન રહે. સારડીથી જમીન જેમ ખોદાતી જાય તેમ તેની માટી ઉપર આવતી જાય છે. તે માટી પરથી અંદરનું પાણી, ગૅસ કે તેમનાં ચિહ્નો કેવાં છે તે સમજી શકાય છે.

કૂવામાંથી લઈને તે વપરાશ યોગ્ય બનતાં સુધીની પેટ્રોલિયમની ચિત્રકથા



કૂવામાંથી નીકળીને તે ઠેઠ મોટરના ઉપયોગમાં લેવાતાં સુધીની તેલની કથા અહીં ચિત્રોમાં આપેલી છે. ભૂસ્તરશાસ્ત્રીઓએ તેલની નીપજ માટે જે જમીન યોગ્ય ઠરાવી તે પર પહેલાં તો બોરિંગ કરી કૂવો ખોદવામાં આવે છે. પછી ત્યાં એક માંચડો ઊભો કરી લોખંડનો એક નળ નીચેના ખડકો સુધી ઉતારવામાં આવે છે. માંચડાઓનાં ઉપરનાં પેડાંઓમાં દોરડાથી ધારવાળાં ઓજારોનું જોડાણ કરવામાં આવે છે અને ગરજ મુજબ ખડકોમાં ખોદાણ કરવામાં આવે છે. જેમ કાણું ઊંડું થતુ જાય છે તેમ વધુ ઓજારો જોડવામાં આવે છે. નવાં નવાં ખડકો ભેદતું જતું કાણુ ચિત્રને ડાબે ખૂણે બતાવેલું છે. પૃથ્વીના દબાણથી તેલ પોતાની મેળે જો બહાર નથી ધસી આવતું તો પંપો વડે તે કાઢવામાં આવે છે. ચિત્રનો બીજો ભાગ દડાદાટાવાળા પંપથી કામ કરતું એંજીન બતાવે છે. નીચેના તેલ-ધરામાંથી એ વતી બદણોવાળુ કાણુ તેલ બહાર નીકળી પડે છે જે તેલનો સંગ્રહ રાખનારી ટાંકીમાં ભરવામાં આવે છે. ત્યાંથી એ તેલ પંપો વડે મોટા નળો મારફત સ્ટેશનો પર પહોંચાડવામાં આવે છે. સ્ટેશનેથી ટ્રેન કે સ્ટીમર મારફત તે લઈ જઇ રીફાઇનરીઓમાં ગાળી શુદ્ધ કરવામાં આવે છે એટલે સળગી ઊડતાં, પ્રકાશ આપતાં અને ચિકાશભર્યાં તેલો જુદાં પડી જાય છે. આમ તૈયાર થએલા તેલોને નિકાસ માટે તૈયાર રાખેલી ટાંકીઓમાં ભરવામાં આવે છે અને ત્યાંથી જોઇતે સ્થળે તેની નિકાસ કરવામાં આવે છે.

ખોદતાં ખોદતાં કુવામાં પાણી તો નીકળે જ. તેને બંધ કરવા માટે સીમેન્ટનો ઉપયોગ કરવામાં આવે છે; કેમકે તેને જો બંધ કરવામાં ન આવે તો તેનું નીચે જતું વ્હેણ નીચેના ભાગમાં જે તેલની સરવાણી નીકળવાની હોય તેને નુકસાન પહોંચાડે છે. એટલે દરેક કૂવામાં પાણી દેખાયા પછી અમુક આંતરે તે પાણી નીચે જવા ન પામે તેવી રીતે બંધ કરવું પડે છે. તેને માટે સરકારી કાયદાઓ છે કે પાણી બરાબર બંધ ન થાય ત્યાં સુધી વધારે ઊંડું ખોદકામ થઇ શકે નહિ. પાણી બંધ કરવામાં સીમેન્ટ વતી નીચેના નળ જમીન સાથે મજબૂત ચોંટાડી દેવામાં આવે છે. આવી રીતે સીમેન્ટ થએલા નળ તે કૂવામાંથી પાછા કાઢી શકાતા નથી. તેની ઉપરના નળને કાઢીને બીજા કૂવામાં ઉપયોગમાં લઇ શકાય છે.

સીમેન્ટ બરાબર સુકાયા પછી તેની વચમાં (એટલે નળના અંદરના ગાળામાં) સારડીથી જગ્યા કરી તેમાં ઉપરના કદથી નાના કદના નળ નાખવામાં આવે છે અને જ્યાં સુધી સારા પ્રમાણમાં તેલ ન મળે ત્યાં સુધી એ નળ નાખીને ઊંડા ને ઊંડા જવું પડે છે. કેટલાક કૂવાઓમાં નીચે મળતા તેલના ઝરાઓ એટલા બધા જોરવાળા હોય છે કે તેલ પોતાની મેળે નળ વાટે એકદમ ઉપર ધસી આવે છે. આવા કૂવાઓને 'ફ્લોઇંગ વેલ' (વહેતા કુવા) કહે છે, જ્યારે બીજા કૂવાઓનું તેલ નળ વડે ઉપર ખેંચી લાવવામાં આવે છે.

આ તેલ કાળું અને એકદમ ડહોળું હોય છે અને તેને ક્રૂડ ઑઇલ (કાચું તેલ) કહેવામાં આવે છે. છતાં આ તેલ પણ સળગેલી દીવાસળી અગર તણખો અડતાં સળગી ઊઠે છે. આ કાચું તેલ એકદમ બાળવાના ઉપયોગમાં લઇ શકાતું નથી, પરંતુ તેને રીફાઈનરીમાં શુદ્ધ કરી તેમાંથી અનેક જાતની બાળવાની ચીજો બનાવવામાં આવે છે. કંપનીઓ તેમના મોટા બજરા (barges) ભરીને રીફાઇનરીમાં પહોંચાડે છે.

રીફાઇનરીમાં પહોંચ્યા પછી આ કાચા તેલમાંથી પહેલવહેલું તો જેટલું મળી શકે તેટલું પેટ્રોલ (જે મોટર, લૉરી, હવાઇ જહાજ વગેરેમાં વપરાય છે તે) કાઢી લે છે. સામાન્ય રીતે સેંકડે ત્રીસ ટકા જેટલું પેટ્રોલ આમ મળી શકે છે એટલે કે સો ગૅલન ક્રૂડ ઑઇલમાંથી રીફાઇન કરીને અંદાજે ત્રીસ ગૅલન જેટલું પેટ્રોલ કાઢે છે. (જુદી જુદી જગ્યાના તેલમાં પેટ્રોલનું પ્રમાણ ઓછુંવધતું હોય છે.) ત્યાર પછી કેરોસીન તેલ, મોટરઑઇલ, લ્યુબ્રિકેટિંગ, ફ્યુઅલ, મીણ, ગ્રીઝ, રસ્તા ઉપર નાખવામાં આવતો આસ્ફાલ્ટ ડામર વગેરે ચીજો તેમાંથી બનાવવામાં આવે છે. સો ગૅલન ક્રૂડ ઑઇલમાંથી ૫૦ થી ૬૦ ગૅલન લગભગ તો કેરોસીન મળે છે.

કેરોસીન પણ બે જાતનાં હોય છે. એક પીળા રંગનું હોય છે જે સસ્તું હોવાથી ગરીબ માણસો વધારે વાપરે છે. બીજું સફેદ હોય છે. બીજા નંબરનું (સફેદ) કેરોસીન બત્તીમાં વાપરવાથી ધુમાડો ઓછો નીકળે છે; પેટ્રોલમાં પણ બે જાત હોય છે. એક નંબરનું વિશેષ કરીને હવાઇ જહાજ (એરોપ્લેઇન)માં વપરાય છે. લ્યુબ્રિકેટિંગ ઑઇલ મશીનરી (સાંચાકામ)માં ઊંજવામાં વપરાય છે. ફ્યુઅલ ઑઇલ એન્જીન બૉઇલરોમાં બળતણ તરીકે બાળવામાં વપરાય છે, જ્યારે મીણમાંથી મીણબત્તી બનાવવામાં આવે છે.

બ્રહ્મદેશના તેલમાંથી ઉત્પન્ન થતી ચીજોનો મોટો ભાગ હિંદુસ્તાનમાં જ આવે છે. કેરોસીન તો ત્યાં એક જ ભાગ ખપે છે, જ્યારે નવ ભાગ હિંદુસ્તાનમાં આવે છે. પેટ્રોલનો એક ભાગ બ્રહ્મદેશમાં ને પાંચ ભાગ હિંદુસ્તાનમાં ખપે છે. દુનિયા આખાની પેદાશમાં બ્રહ્મદેશના તો સેંકડે બે ટકા જ આવે, છતાં એ દેશ સમૃદ્ધ બન્યો હોય તો તેલના કારણે જ.

ડુંગરશી ધરમસી સંપટ

સુભાગ્ય

ત્યારે મારી ઉમર આઠેક વરસની હશે. અમારા ઘરમાં નાગપાંચમને દિવસે નાગદેવની પૂજા થતી. અમારા પુરોહિત છગન મહારાજ આવીને સવારથી ચંદન ઘસવા માંડતા. ચંદન ઘસીને એક વાટકીમાં ભરી પછી એક પાતળું દાતણ છૂંદી તેની પીછી બનાવતા, અને એ પીછી વડે એક મોટા લીંપેલા ગોખલામાં નાગનાં ચિત્રો ચંદનથી ચીતરતા. ચિત્રો પૂરાં થઇ રહ્યા પછી પૂજા થતી. ઘરની કોઈ સૌભાગ્યવતી આ પૂજા કરતી. પહેલાં તો મારી બા આ પૂજા કરતી. પછી મારા બાપુ મરી ગયા અને બા વિધવા થઇ



એટલે મારી બ્હેને પૂજા કરવા માંડી; અને બ્હેન પણ પ્લેગમાં અમને મૂકીને ચાલી ગઇ એટલે પછી પુરોહિતે એવું ફરમાન કાઢ્યું કે કુટુંબનું નાનામાં નાનું બાળક પૂજા કરે. આમ પૂજાનો ભાર મારે માથે આવ્યો.

બા પૂજા કરતી ત્યારથી મને આ નાગદેવની પૂજાનું કુતુહલ હતું. પણ એથી યે વધારે કુતૂહલ તો હતું એ કે મારી બા સવાશેર દૂધ ગરમ કરી, એમાં સાકર, કેસર અને ઇલાયચી નાખીને એક સુંદર વાસણમાં અમારા ત્રીજા માળના એક ઓરડામાં મૂકી આવતી અને બારણે સાંકળ વાસી આવતી. બીજે દિવસે સવારે એ વાસણ ખાલી થતું એટલે માંજવામાં જતું. આ દૂધ કોણ પીએ છે, બા શા માટે દર વરસે ત્યાં જ દૂધ મૂકી આવે છે એની મને ખૂબ જિજ્ઞાસા હતી. મેં ત્રણ ચાર વખત મારી બાને પૂછ્યું પણ હતું કે 'બા, આ દૂધ કોણ પીએ છે?' પણ બા એ જવાબ ઉડાવી દેતી. બાળકને એની જિજ્ઞાસા ન સંતોષાય એના જેવું બીજું કારમું દુ:ખ એક પણ નથી એ વડીલો નથી સમજતાં.

એક નાગપાંચમે તો મેં નક્કી કર્યું કે હું છાનોમાનો જોઇશ કે એ દૂધ કોણ પીએ છે. પણ નાગપાંચમ આવતી ને હું ભૂલી જતો. પણ જે વરસે મારો વારો પૂજા કરવાનો આવ્યો ત્યારે તો મારી ઉમર ચૌદપંદર વરસની હતી. હું હાઇસ્કૂલમાં ભણતો હતો. નિયમ પ્રમાણે અમારા છગન મહારાજ આવ્યા, ચંદન ઘસાયું, પાતળા દાતણની પીંછી તૈયાર થઇ ગઇ અને નાગદેવતાનાં ચીતરામણ થયાં. પૂજા શરૂ થઇ અને પૂરી થઈ. મેં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. મારી બાએ કહ્યું કે માગી લે કે મને પરીક્ષામાં પાસ કરજો. હું મોઢેથી ન બોલ્યો પણ અંતરે એ જ શબ્દો કહ્યા. પછી એ જ નિયમ પ્રમાણે બા દૂધ મૂકી આવી. પણ આ વર્ષે સવા શેરને બદલે સવા પાંચશેર દૂધ મૂકવામાં આવ્યું હતું. અંદર સાકર, ઇલાયચી ને કેસર તો ખરાં જ. આ વખતે મારૂં કુતૂહલ ન રોકાયું. મેં બાને પૂછ્યું 'બા, આ દૂધ કોણ પી જાય છે!'

બાએ માન્યું હશે કે હવે છોકરો સમજણો થયો છે. કહેવામાં વાંધો નથી. હવે નહિ ડરે. એટલે વહાલથી બોલી, 'બેટા, એ તો આપણા કુળમાં એક નાગદેવ થયા છે. તે દર વરસે આપણી સંભાળ લેવા આવે છે અને આપણે આપણી શ્રદ્ધા પ્રમાણે પૂજાઅર્ચા કરીએ છીએ અને દૂધ પીવડાવીએ છીએ.'

'અરે શું બા? એ તો બિલાડું પી જતું હશે! તું યે શું પુરાતન કાળનાં ગપ્પાં મારે છે!' એ વખતે મને નવા યુગની નાસ્તિકતાનો પવન લાગી ચૂક્યો હતો.

બા ચોંકી પડી. દુ:ખી થઇને બોલી: 'દીકરા, એવું ન બોલીએ. એ તો આપણા વેળાના વડીલ છે.'

બાનું દુઃખ જોઈને હું ચૂપ થયો અને ગંભીર બની ગયો. ધીરેથી બીજો પ્રશ્ન પૂછ્યો, 'પણ બા, આ સવા પાંચશેર દૂધ કેમ મૂકવા માંડ્યું?'

બાના મુખપર પ્રસન્નતા આવી. મારો વિષાદ પણ ઘટી ગયો. બાએ કહ્યું, 'મને ગયે વર્ષે એ નાગદેવ સપનામાં આવ્યા હતા અને કહ્યું હતું કે દૂધ સવા શેરને બદલે સવા પાંચ શેર મૂકજે. એટલે મેં ગયા વરસથી સવા પાંચશેર દૂધ મૂકવા માંડ્યું છે.' કહેતાં કહેતાં બાએ મારા માથા પર હાથ ફેરવ્યો અને બોલી, 'એ સપના પછી જોને તને કંઈ પણ થયું છે? ન તાવ કે ન તરિયો. એ બધા એમના રૂડા પ્રતાપ.'

બાની સામે અણગમતું બોલીને ફરીથી એને દુભવવાની મારી હિંમત ન ચાલી, એટલે હું ઊઠીને ચાલ્યો ગયો અને નાગદેવને જે પાંચ પતાસાનો પ્રસાદ ધરાવ્યો હતો તેમાંથી બે પતાસાં ઉડાવી ગયો.

સાંજ પડી. પણ મારું કુતૂહલ શમ્યું નહોતું. એક તો ચૌદ વરસની ઉમર, પછી કુતૂહલ અને જિજ્ઞાસા સાથે આટલી બધી ગાઢ દોસ્તી હોય એમાં ઓછી નવાઈ છે? એટલે હું ઉપર જઈને પેલા ઓરડામાં જોઈ આવ્યો. બાએ સાંકળ વાસી હતી તે ઉઘાડી અને ચોરની જેમ અંદર પેઠો. પણ દૂધ તો ભરેલું જ હતું. ધીરેથી મેં એક બારી અરધી ઉઘાડી દીધી અને બહાર નીકળીને બારણું વાસી સાંકળ પૂરી દીધી. બારણાં ઉઘાડીને જોઉં અને બા આવી પહોંચે તો પકડાઈ જાઉં એ ડરથી પેલી બારી થોડી ઉઘાડી દીધી અને રાત્રે આવીને એ બારીમાંથી જોવાનો નિશ્ચય કર્યો.

રાત પડી દસ વાગી ગયા હશે. ઘરમાં સૌ સૂઈ ગયાં હતાં. બા પણ નિરાંતે ઘરના બારીબારણાં બરાબર જોઈને સૂતી હતી. સૌને ઊંઘી ગયેલાં જોઈને હું ધીરે પગલે દાદરો ચડ્યો અને ત્રીજે માળ ગયો. એક નાની સરખી બૅટરીની બત્તી સાથે લીધી. ત્રીજે માળ આવ્યો ત્યાં હૈયું ડરવા માંડ્યું. બા જાગી જશે તો વઢી નાખશે એ ભય અને બીજો અજ્ઞાત ભય નાગની કલ્પિત મૂર્તિનો. પણ ભયની સામે ન થાય તો એ બાળકની જિજ્ઞાસા નહિ. હું તો ઉપર ગયો. પેલી થોડી ઉઘાડી બારી પાસે ડોકું ઊંચું કર્યું અને બૅટરીનો પ્રકાશ અંદર ઓરડામાં ફેંક્યો. પ્રકાશમાં જે જોયું તે જોઈને આંખો ફાટી જ રહી ગઈ. શરીરમાં રોમાંચ થઈ ગયાં અને પગ ધ્રૂજવા માંડ્યા. એક મોટો કાળો નાગ કૂંડા ઉપર જઈને દૂધ પીતો હતો. પ્રકાશ પડતો જોઈને એણે મોઢું બહાર કાઢ્યું અને મારી તરફ ફેણ માંડી ત્રણચાર વાર હલાવી. ગળે સુંદર બે આંખોવાળું ચિત્ર હતું. પણ બૅટરી આપોઆપ જ બંધ થઈ ગઈ અને હું ધીરેધીરે ચોરની જેમ નાઠો. આવીને પથારીમાં સૂતો પણ ઊંઘ ન આવે. અંતે ભયથી ન રહેવાયું એટલે બાની પથારીમાં જઈને એનું ગોદડું ઊંચું કરી એની સોડમાં ભરાઈ ગયો. બા સમસમીને જાગી. મને સોડમાં ધ્રૂજતો જોઈને એને અમંગળ શંકાઓ થઈ હશે એટલે પૂછ્યું, 'કેમ બેટા, આટલો ધ્રૂજે છે કેમ? શું થયું? કંઈ સપનું આવ્યું?'

'ના બા.' મારી ધ્રુજારી ચાલુ હતી.

'ત્યારે શું થયું? કહે બેટા. હું નહિ વઢું.' બાએ પોતાની છાતી સરસો મને ચાંપીને માથે હાથ ફેરવવા માંડ્યો.

'બા!' એટલું જ બોલીને મારાથી રડી પડાયું.

બાને હવે સાચે જ લાગ્યું કે છોકરાએ કોઈ ભયંકર સપનું જોયું છે. વહાલથી એ બોલી: 'શું થયું બેટા? કોઈ ભયંકર સપનું જોયું? નાગદેવ આવ્યા સપનામાં?'

નાગદેવનું નામ સાંભળીને મને જરા શાંતિ વળી. મેં કહ્યું, 'બા, તારી માફી માગવાની છે.'

'ના, બેટા, તું જે હોય તે કહે.'

'પણ પહેલાં તું માફ કર.'

'લે માફ કર્યું, બસ?' કહીને બાએ ગાલપર બચ્ચી કરી. બસ, આ ઇનામથી મારી શાંતિ મને પાછી મળી. મેં જરા સ્વસ્થતાથી કહ્યું: 'બા, મેં નાગદેવ જોયા?'

'સપનામાં ને?'

'ના.'

'ત્યારે?'

'પેલા ઓરડામાં.'

'તે તું ત્યાં શું કામ ગયો હતો?'

'નાગદેવ જોવા.'

'ચાલ, સારું થયું, તને દર્શન થયાં. ડરીએ નહિ બેટા. તું તો સુભાગી છું. હવે તારો વાળ વાંકો નહિ થાય. આમ અહીં જ સૂઈ જા હવે.'

બાની મીઠી હૂંફમાં ક્યારે ઊંઘ આવી ગઈ એની આજે પણ મને ખબર નથી.

(જીવનનું એક સ્મરણ) **કિસનસિંહ ચાવડા**

ખભે ખડિયો



ખરેખર ખભા ઉપર ભાતાં અને સામાનનો ખડિયો લઇને ભ્રમણશોખી કુમારોએ પગપાળા કરેલી

ઉત્તર ગુજરાતની સફર

તા. ૨૩-૧૦-૩૫

ભાઈ . . . ,

સામાન જાણે હમણાં જ ખભેથી ઉતાર્યો હોય એમ લાગે છે. હજુ યે પિંડલી તો દુખે છે. થાકને લીધે શિથિલતા આવી ગઇ છે. પણ તો યે તને પત્ર લખવાનું કામ ઢીલમાં નથી નાખી શકતો.

અમારી મુસાફરી હજી કાલે જ પૂરી થઇ. પ્રવાસ બહુ સફળ થયો. તું કહેતો હતો કે તારે પણ પગપાળાએ પ્રવાસ કરવાનો વિચાર છે; તો મને લાગે છે કે નીચેનો અહેવાલ તને ઉપયોગી નીવડશે.

બારમી ઑકટોબરે રાતની દસ વાગ્યાની ગાડીમાં અમે અમદાવાદથી ચિત્રાસણી જવા ઊપડ્યા. આબુ જતાં પાલણપુર પછીનું પહેલું જ સ્ટેશન ચિત્રાસણી. તે અમદાવાદથી ઉત્તરમાં ૮૯ માઇલ ઉપર છે. ચિત્રાસણીથી બાળારામ દોઢેક માઇલ ઉપર છે. બાળારામ જવા માટે ચિત્રાસણી જવું જ પડે. ચિત્રાસણીમાં ધર્મશાળા છે. રાતના સાડાત્રણે ચિત્રાસણી પહોંચ્યા પછી ધર્મશાળામાં જ બાકીની રાત પસાર કરી.

તેરમી તારીખની સવારે સાડાસાત વાગ્યે બાળારામ જવા ઊપડ્યા. બાળારામની પાસે જ પાલણપુરના નવાબનો 'ગંગાસાગર' મહેલ છે. મહેલ છોડ્યા પછી તરત જ બાળારામ મહાદેવનું નાનુંશું આરસનું મંદિર છે. મંદિર સામે આશરે ૫૦'×૧૫૦'નું એક મેદાન છે અને તેને છેડે એક ઓવારો પણ છે. નીચે એક વહેળો ખળખળ વહ્યો જાય છે. તેનું ખડકો સાથે ગેલ કરતું વહેતું પાણી બહુ જ સરસ નાચે છે.

મને તો આ જગ્યા ખૂબ જ ગમી. ઓહોહોહો થઇ જાય એટલું નિસર્ગદેવીનું સૌંદર્ય અહીં છે. ઊંચાં-ઊંચાં લીલાં કુંજાર ગીચોગીચ વૃક્ષોની ઘટા, તેમને ભેટતાં ભેદતાં નાનાંમોટાં ઝરણાં, તેમના રસ્તામાં જાણે સોનાનું જકર પીગાળવા બેઠા હોય તેવા ખડકો,—જાણે નિસર્ગમાતાનું સૌમ્ય નૃત્ય જોઇ લ્યો.

અહીં (અરજણ) મહુડીનાં ઝાડ પણ છે. તે સાગ કરતાં પણ વધારે ચીકણું અને મજબૂત હોવાથી, હિંદનાં જંગલોમાં જો તે પૂરતા પ્રમાણમાં થતાં હોય તો બાંધકામ અને ફર્નિચરમાં તેનો ખૂબ ઉપયોગ કરી શકાય.

બપોરના ત્રણ વાગ્યા સુધી આરામ કરી અમે પાછા ચિત્રાસણી આવ્યા અને ત્યાંથી ચારેક વાગ્યે રેલવે લાઇનને રસ્તે પાલણપુર પાછા આવવા ઊપડ્યા.

ચિત્રાસણીથી પાલણપુર સાત માઇલ થાય. મોડી સાંજે અમે પાલણપુર પહોંચી ગયા. અહીંથી અમારે સીધા તારંગા જવાનું હતું. તારંગાથી છએક માઇલ દૂર આવેલા દાભડા ગામ સુધી મોટરની સગવડ થાય તેમ હતું. વળી પાલણપુરથી પાંચડા (પાંચડાથી તારંગા અઢાર માઇલ થાય) સુધીની ચાલુ મોટરસર્વિસ પણ છે. પણ અમને મોટરનું ખર્ચ પોસાય તેમ નહોતું. તેથી

આગારે પગપાળા જ જવાનું હતું. ચૌદશીની સવારે પાંચ વાગ્યાથી અમે ચાલવા માંડ્યું. ત્રણેક માઇલ ચાલ્યા પછી ઉમરદશી નદી અને વગદા ગામ આવ્યાં.

ફરી ત્રણેક માઇલ ચાલી મેરવાડા અને રતનપુર ગામની વચ્ચે આવેલો એક પ્રચંડ વડ જોયો. આ વડ બહુ જ મોટો છે. તેનો છાંયડો ૧૭૫'×૧૭૫' જેટલો હતો.

વડ જોઇ પૂર્વ દિશામાં ચાર માઇલ દૂર પરખડી ગામે ગયા. ત્યાંથી બે માઈલ દૂર ઇસ્લામપુરા ગામે અમે બપોરે સાડા અગિયારેક વાગે પહોંચ્યા, ત્યાં જોગ કર્યા, ભાથું ખાધું.

ચાર વાગ્યા સુધી આરામ લઇ ફરી આગે કૂચ કરી. એક માઇલ પછી વડગામ પહોંચ્યા. આ વડગામ પાલણપુરથી સીધે રસ્તે સાત જ માઇલ થાય, પણ અમારે તો પેલો વડ જોવો હતો તેથી જ છ માઇલનું વધારે ચક્કર લીધું.

વડગામથી પાંચ માઇલ દૂર ધોતા થઇ, બીજા પાંચ માઇલ ચાલી પાંચડા પહોંચ્યા. આજના આખા દિવસમાં ૨૩ માઇલની સફર કરી હતી. વળી આ રસ્તો પણ બહુ જ રેતાળ હતો. રેતીમાં ચાલીચાલીને બધા થાકીને લોથ થઇ ગયા હતા. પાંચડા પહોંચતાં જ બધા વણઝારાની પોઠની માફક જ્યાંત્યાં લેટવા માંડ્યા.

અહીંથી તારંગા સુધીનો રસ્તો ભયંકર ગણાય છે. રસ્તામાં વાઘનો ભય પણ ખરો. વળી રસ્તો ડુંગરોને ઘસાઇને જાય છે, તેથી સવારના વહેલા અમે મુસાફરી કરી શકીએ તેમ નહોતું.

સવારે સાડા પાંચ વાગ્યે ફરીથી ઘાંચીના બળદની માફક નીચે મોંએ અમે ચાલવા માંડ્યું. અમે તો ખડતલ બનવા નીકળ્યા હતા. સામાન ઊપાડીને ખભા ટેવાઇ ગયા હતા. પગ પણ તેમનું કામ બરાબર સમજી ગયા હતા. વળી અહીં તો રસ્તો પણ લીલોતરીવાળો અને ડુંગરાળ હોવાથી સુંદર લાગતો હતો.

પાંચડાથી બે માઇલ તાજપુર, ત્યાંથી બે માઇલ નિઝામપુર, ત્યાંથી ત્રણ માઇલ ચીકણા અને ત્યાંથી બે માઇલ સુદાસણા, એમ નવ માઇલની મુસાફરી કરી આઠેક વાગ્યે સુદાસણા પહોંચ્યા.

ગઇ રાતનો શીરો વધ્યો હતો તે અહીં નાસ્તા માટે ખાવા સાથે લીધો હતો. પણ એ ભૂખ્યાંની ભૂખ ભાંગનાર બચારો સૌંદર્યનો ભૂખ્યો બન્યો હોય તેમ રસ્તામાં જ કેપ્ટનના ડબ્બામાંથી ઓચિંતો ભૂસકો લગાવી ચૂક્યો હતો. એટલે અહીં જેમતેમ થોડો આરામ લઇ તરત જ ચાલવાનો વિચાર હતો, પણ ત્યાંના દરબારના આગ્રહભર્યા આમંત્રણથી બપોર ત્યાં જ રોકાયા.

મહાજનનાં સીધાંથી દાળઢોકળી અને નાસ્તા માટે મગજ બનાવી લીધો. સુદાસણાથી સાડાચારેક વાગ્યે નીકળ્યા. ડુંગરની અર્ધી પ્રદક્ષિણા ફરતા ત્રણ માઇલ ચાલી વાઘેર ગામ પહોંચ્યા. ત્યાંથી બીજા બે માઇલ ચાલી તારંગાહિલ સ્ટેશન પર પહોંચ્યા. અમારો વિચાર તો ત્યારે જ તારંગા ચડી જવાનો હતો, પણ સાંજ પછી વાઘના ભયને લીધે ઉપર નથી ચડવા દેતા તેથી અહીં સ્ટેશન પરની શ્વેતાંબર ધર્મશાળામાં જ રાત કાઢી અને પેલો સુદાસણાનો મગજ સાફ કરી નાખ્યો.


રાતના નવેક વાગ્યે અહીંથી તારંગા જોવાની બહુ જ મજા પડી. પૂનમ પછીના પડવાનો મોડો ઊગેલો સહેજ કપાએલો જરાક શ્યામ ચંદ્ર તેની આગળ કાળમીંઢ તારંગાની લીલાશપડતી ઘેરી કાળી ટેકરીનું છાયાચિત્ર અને સર્વત્ર ભયંકર શાંતિ—રમણીય-ભયંકર વાતાવરણ હતું. ભયંકરતામાં પણ સૌંદર્ય હોય છે તે બરાબર જણાયું. કુદરતી સૌન્દર્યના પ્રેમીએ આ તરફ આવવું જ જોઇએ. બાબારામના સૌમ્ય અને તારંગાના ભયાનક સૌંદર્યને હું અનેક વાર પ્રણમ્યો હોઇશ.

સોળમીની સવારે સાડા છએક વાગ્યે અમે ડુંગર ઉપર ચડવા નીકળ્યા. ત્રણ માઇલ ચાલ્યા પછી તળેટીના વિશ્રામસ્થાને પહોંચ્યા. ત્યાંથી એક માઇલનો ઢોળાવ ચડી તારંગા પહોંચ્યા.

બપોરા કરી ખાઈ થોડો આરામ લઇ, તડકો નમતાં લગભગ ત્રણેક વાગ્યે જોવા જેવા ટેકરા ખૂંદવા નીકળ્યા.

તારણમાતા, ધારણમાતા, જોગીડાની ગુફા, સિદ્ધશિલા, મોક્ષશિલા, કોટશિલા અને અજીતનાથનું મંદિર એટલી જગ્યાઓ જોઇ. બધું જોવામાં, ટેકરા ખૂંદવામાં કોઇવાર પડવા આખડવામાં ખૂબ જ મજા પડી. તારંગા વિષે સવિસ્તર લેખ 'કુમાર'ના ૭૫ મા અંકમાં આવી ગયો છે. તેથી અહીં તે નથી લખતો.

પણ બહુ જોવા જેવું તો અમે ત્યાંની ધર્મશાળાની ભીંતો પર જોયું. એ ભીંતનો મૂળ રંગ તો કોને ખબર કયો હશે, પણ અત્યારે તો જ્યાંત્યાં 'કડવા પાટીદાર બોર્ડિંગ અમદાવાદ' અને 'ખેરાળુ મિડલ સ્કૂલ' ની



લીલી વનસ્પતિથી ભરચક નીચા ડુંગરો ને નાની ખીણો તથા વૃક્ષરાજી જ્યાં વેરાએલી પડી છે એવાં મેદાનોના સુભગ સંયોગવાળા ઈડર તરફના નિસર્ગમંડિત પ્રદેશનું દિગ્દર્શન
(ફોટો : બલવન્ત ભટ્ટ)

નામોના કાળા અક્ષરોથી ભીંતોનો રંગ કાળો જ થઇ ગયો હતો. પોતાનાં નામ કાળાં કરનાર એ વિદ્યાર્થીઓના કૅપ્ટન કે શિક્ષકોએ શું એ નહિ જોયું હોય? કે પછી તેઓ સાર્વજનિક વસ્તુનો ઉપયોગ કરવાની કળા તેને કાળી કરવામાં માનતા હતા? એ શિક્ષકોએ પોતાના એ બિરાદરો પાસે જ તેમનાં કાળાં નામ કપડાના ડૂચા અને પાણી વડે ભુંસાવીને પછી જ એ ધર્મશાળા છોડવી જોઇતી હતી.

૧૭મીની સવારના સવા ૭ થયા ને અમારી ટુકડી પેલા સૂર્યની માફક જાણે દૈનિક મુસાફરીએ ઉપડી.

અમારે જવું હતું ખેડબ્રહ્મા. તે તારંગાથી કુલ ૨૩ માઇલ થાય. તારંગાને ઉગમણે દરવાજેથી બહાર નીકળ્યા. પાંચ માઇલ પછી ખોડઆંબલી આવ્યું. આ અને આની પછીનો રસ્તો હોંશેહોંશે ચલાઇ જાય એવો સરસ લાગતો હતો.

ખોડઆંબલીથી બે માઇલે ફતેહપુર. ત્યાંથી બે માઇલ દૂર મોરગામ પહોંચતાં પહેલાં રસ્તામાં આવતી સાપણી સાબરમતીમાં નાહ્યા અને સાથે લાવેલો મગજ પેટ ભરીને ખાધો. ત્રણ માઇલ ચાલ્યા પછી બાપસુરાગામનું તળાવ આવ્યું. તળાવ કાંઠે જ બપોરા કર્યા. અહીં સુધીમાં બારેક માઇલની મુસાફરી થઇ ગઇ.

બપોર નમતાં પાછા ઉપડ્યા. ત્રણ માઇલ પછી નાકોદ ગામ આવ્યું. એક ભાઇ થાકયા હતા તેથી એમને માટે અહીંથી ગાડું કર્યું.

અહીં હરણાવ નદીનું પાણી પી ફરી ચાલ્યા. ત્રણ માઇલ પછી દિલવાડા, ત્યાંથી ત્રણ માઇલે વાસણા અને ત્યાંથી બે માઇલ ચાલી ખેડબ્રહ્મા પહોંચ્યા અને અંબાજી માતાના મંદિરની ધર્મશાળામાં ઉતર્યા.

રાત પડી હતી ને બધા થાકયા હતા, એટલે ચવાણું જ મંગાવીને ખાધું. અહીં ટાઢ જોરમાં હતી, પણ મંદિરમાંથી ગોદડાં મળ્યાં તેથી ખાસ વાંધો ન આવ્યો.

બીજે દિવસે સવારે જોવાજેવાં સ્થળો જોવા નીકળ્યા.

મુખ્ય મંદિર અહીં અંબામાતાનું છે. મંદિરની આજુબાજુ ચોક છે અને ચોકની ચારે બાજુ મેડાબંધી ધર્મશાળા છે.

ગામમાં બીજું જૂનું મંદિર બ્રહ્માજીનું છે. મંદિર

પથ્થરનું બાંધેલું છે; જૂનું છે છતાં સારી સ્થિતિમાં છે. મંદિરમાં સામે પથ્થરનો હંસ છે. અહીં બ્રહ્માની લગભગ સાત ફીટ ઊંચી મૂર્તિ છે.

ખેડબ્રહ્માથી ઉત્તરે દોઢ પોણાબે માઇલ દૂર કોડેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાંથી બીજા દોઢ પોણાબે માઇલને અંતરે ચામુંડા માતાનું મંદિર છે.

ખેડબ્રહ્માથી હરણાવ નદી ઓળંગી ઉત્તર દિશાએ પાએક માઇલને અંતરે જતાં હરણાવ, ભીમાક્ષી અને કોસમ્બી નદીનો ત્રિવેણી સંગમ થાય છે. કહેવાય છે કે આ સંગમમાં હાડકાં પણ ઓગળી જાય છે! આ સંગમ પાસે જ ભૃગુઋષિનો આશ્રમ છે. અને ત્યાં માહ માસમાં એક મહિનો મેળો ભરાય છે.

ખેડબ્રહ્માથી સાંજે પાંચ વાગે ઇડર જવા ઊપડયા. રેલવે લાઇનને રસ્તે ઇડર પંદર માઇલ થાય. ૭ માઇલ દૂર વડાલી ગામે રોકાયા અને ગામમાંથી ચવાણું લાવી ખાઇ સ્ટેશન પરજ ટાઢે ઠૂંઠવાતા અર્ધ આરામથી ઊંઘ્યા.

ઓગણીસમીની સવારે વડાલીથી ૮ માઇલ ચાલી ઇડર પહોંચ્યા અને સાંજે સાડાચાર વાગે ઇડરિયો ગઢ જોવા ઉપડયા. ગઢ પાસે તળેટીમાં જૂનો રાજમહેલ છે, ગઢ ઉપર ચડતાં અધવચ નવો દરબારી મહેલ છે.

ત્યાંથી જૈનોને મંદિરે થઇ, પાછા ફરી રૂઠીરાણીને ગાળિયે ચડયા. બહુ જ સરસ જગ્યા છે. જોકે એ જગ્યા પોતે ગંધાય છે, પણ ત્યાંથી ચારે બાજુ જોવાની એટલી મજા પડે છે કે તે ગંધનો ખ્યાલ પણ નથી રહેતો. આ જગ્યાએથી ચોમેર માઇલો સુધી નજર પહોંચે છે. ત્યાંથી ગજીપાના બંગલા જેવું દેખાતું ઇડર શહેર અને તેની બાજુએ ટેકરીઓની પાછળ આથમતો સૂર્ય જોયાં છે એ કદિ નહિ ભૂલાય.

બીજે દિવસે શામળાજી જવું હતું. જવું હતું તો ચાલતાં જ, પણ સમયના અભાવે મોટરનો આશ્રય લીધો. એક મોટર સસ્તામાં—જવા આવવાના ૨૩ રૂપિયામાં—ભાડે કરી.

શામળાજી ઇડરથી વીસેક માઇલ થાય. રસ્તો તદ્દન રેતાળ છે. ખેડબ્રહ્માથી સીધા પણ શામળાજી જવાય છે

વીસમીએ સવારે શામળાજી જવા ઉપડયા. રસ્તામાં ભુવનેશ્વર મહાદેવ ગયા. શામળાજી જવાના સીધા રસ્તેથી બે અઢી માઇલ બાજુ પર જતાં ભુવનેશ્વર મહાદેવ આવે છે. મંદિરની બાજુમાં જ એક તળાવ છે. કહેવાય છે કે એ તળાવની માટી ચોપડવાથી કોઢ મટી જાય છે.

ત્યાંથી ભીલોડા (ઇડરથી ૧૮ માઇલ) ગયા. ત્યાં જૈન દેરાસર જોયાં. અહીંથી આગળ જતાં ટૂંકે રસ્તેથી મોટર લેવા જતાં મોટર કાંપમાં ભરાઇ ગઇ. અરધા પોણા કલાકની મહામહેનત પછી મોટર બહાર નીકળી. છેવટે મૂળ—લાંબે—રસ્તેથી જ મોટર લેવી પડી.

સાડાદશે શામળાજી પહોંચ્યા.

આ ગામ મેશ્વો નદી ઉપર છે. ગામની ચારે બાજુ ડુંગરાઓ છે. ગામમાં પેસતાં જમણા હાથે જ શામળાજીનું મંદિર છે. મંદિરના આગળના દરવાજાની બહાર સાચા હાથી જેટલા મોટા પથ્થરના બે હાથી છે. મંદિર પથ્થરનું અને જૂનું છે. ઘુમટમાં ચિતરામણ કરેલાં છે. મૂર્તિ દ્વારિકાના રણછોડરાય જેવડી મોટી છે.

અહીં પાસે જ વિશ્રામઘાટ નામની જગ્યા છે. કહેવાય છે કે ભૂતપ્રેત વળગેલા માણસોને અહીં નવડાવવાથી ભૂતપ્રેત જતાં રહે છે. અહીં એક જૂની વાવ અને નાનું તળાવ છે.

શામળાજી ગામ બહુ સરસ જગ્યાએ આવેલું છે. ચારે બાજુ મોટા લીલા ડુંગરા અને વચ્ચે સાપોલિયાં જેવી નાનીશી મેશ્વો નદી. ખરેખર મનોરમ જગ્યા છે.

શામળાજીથી સાંજે ઉપડી રાત્રે ઇડર આવી ગયા. બીજે દિવસે વીરેશ્વર જવા ઉપડયા. વીરેશ્વર મહાદેવ ઇડરથી પંદર માઇલ દૂર છે. રસ્તો રેતાળ ખરો. સમયના અભાવે અહીં પણ અમે મોટરમાં જ ગયા.

વીરેશ્વરમાં બે મંદિર જોડાજોડ છે. એક છે શંકર ભગવાનનું ને બીજું નૃસિંહનું. સામે જ ઝરણાંના પાણીનો ઉપયોગ કરીને કરેલા ફૂવારો છે. બાજુમાં ધર્મશાળા છે. પણ અહીં ગાદલાંગોદડાં, સીધાસામાન કે વાસણ વગેરેની બીજી કાંઇ સગવડ નથી.

આ મંદિર અને ધર્મશાળાની આજુબાજુ ખૂબ જ ગીચોગીચ ઝાડી છે. મોટાંમોટાં ઝાડ અને વચ્ચે નાના સરખાં ઝાડનાં મૂળિયાં સાથે સાતતાળી રમતાં ઝરણાં, —ઘણી રમણીય જગ્યા છે. પણ આ રમણીય જગ્યા ખોબા જેટલી જ.

બપોરના તો અમે પાછા ઇડર આવી ગયા ને જમીને બપોરની ગાડીમાં હિંમતનગર ગયા. હિંમતનગર અમદાવાદથી પંચાવન અને ઇડરથી વીસ માઇલ થાય. હિંમતનગર અહમદશાહ બાદશાહે અમદાવાદની સાથે

જ વસાવ્યું છે. હિંમતનગરમાં ઇડરને રસ્તે પાછા જતાં એકાદ માઇલ ઉપર હાથમતી નદીનો બંધ આવે છે. ત્યાં અહમદશાહ બાદશાહની બંધાવેલી નહેર છે. અને એ નહેર અમદાવાદમાં ચંડોળા તળાવને મળે છે.

બીજે દિવસે સવારે દસ વાગ્યાની ગાડીમાં ઉપડી બપોરે અમે અમદાવાદ આવી ગયા. અમારી આ આખી મુસાફરીની માઇલ ગણતરી નીચે પ્રમાણે થાય.

અમદાવાદથી ચિત્રાસણી	૯૦ માઇલ
ચિત્રાસણીથી બાળારામ	૧॥ ,,
,, પાલણપુર	૭ ,,
પાલણપુરથી તારંગા	૩૫ ,,
(જોકે અમારે ૪૧ માઇલ થયા હતા.)	
તારંગાથી ખેડબ્રહ્મા	૨૩ ,,
ખેડબ્રહ્માથી ઈડર	૧૫ ,,
ઈડરથી શામળાજી (ભુવનેશ્વર થઇને)	૩૩ માઇલ
(સીધા)	૩૦ ,,
ઇડરથી વીરેશ્વર	૧૫ ,,
,, હિંમતનગર	૨૦ ,,
હિંમતનગરથી અમદાવાદ	૫૫ ,,

આખી યે મુસાફરીમાં અમને તો ખૂબ જ મઝા પડી હતી. આખી ટુકડી કોઇવાર તડકામાં, કોઇવાર કાંટામાં, કોઇવાર રેતીમાં, કોઇવાર ઝાડીમાં એમ ગમે ત્યાં ભમતી હોય ત્યારે અપ્રતિમ આનંદ આવે, ત્રાહિત જોનારને ત્યારે જ ખ્યાલ આવે કે તરુણ ગુજરાત કેવુંક ખડતલ છે! શામળાજી અને વીરેશ્વર જો ચાલતા ગયા હોત તો તો વળી ઓર મઝા આવત. મને લાગે છે કે જો તારે પગપાળા મુસાફરી કરવી હોય તો આ સ્થાનોએ ચોક્કસ જઇ આવજે. તારો—**'કલ્યાણ'**



શિક્ષક દયા ઉપર વ્યાખ્યાન આપતા હતા. થોડી વારે તેમણે પૂછ્યું:

'રમેશ, કોઇ માણસ રસ્તે જતા ગધેડાને બહુ મારતો હોય અને હું તેને તેમ કરતો અટકાવું, તો ગધેડા પ્રત્યે મેં શું બતાવ્યું કહેવાય?'

'બંધુભાવ, સાહેબ!' રમેશ બોલી ઊઠયો.

~

રીપોર્ટર: અને તમે સો વર્ષ પૂરાં કર્યાં એ ખુશાલીનો પ્રસંગ છે. એ દીર્ઘાયુષ્ય ભોગવવા વાસ્તે કયાં મુખ્ય કારણો તમે જણાવો છો?

સામો માણસ: એક જ અને તે એ કે હું સો વર્ષ પહેલાં જન્મ્યો હતો!

~

ઘરધણી: તું નોકરી શોધવા આવ્યો છે ખરું? ઠીક ટાણાસર આવી ગયો. હું તને થોડુંક કામ આપીશ. જો પણે પેલાં લાકડાં પડયાં છે. હું હમણાં જ કોઇ ફોડનારાને શોધવા જતો હતો.

ઉમેદવાર: મહેરબાની સાહેબ, એ લાકડાં ફોડનારો કયાં રહે છે એ મને કહો તો હું તેને તેડતો આવું.

~

૧ લો મુસાફર-હું તો દસ માઇલ ચાલી શકીશ નહિ.

૨ જો મુસાફર-કંઇ વાંધો નહિ. આપણે બે સાથે ચાલીશું એટલે તો પાંચ પાંચ માઇલ ભાગમાં આવશે.

બાપા: વિનુ, તને હમેશાં છેલ્લેજ બાંકડે બેસતાં જોઇ હું દિલગીર થાઉં છું.

વિનુ: બાપા, એમાં દિલગીર થવા જેવું નથી. અમારા શિક્ષક બહુ સારા માણસ છે અને જેટલું પહેલા છોકરાઓને શીખવે છે એટલું જ છેલ્લા છોકરાઓને પણ શીખવે છે.

~

નાનો રમુ: હું એક સો વર્ષ પહેલાં જન્મ્યો હોત તો કેટલું સરસ?

રમુની મા: એમ કેમ?

રમુ: તો નિશાળમાં આટલો બધો ઇતિહાસ ન શીખવો પડત!

~

એક બાગમાં બેસી બે ભાઈબંધો પોતાની કમનસીબી રડી રહ્યા હતા.

એક: મેં કોઈની સલાહ ન લીધી તેનું આ પરિણામ!

બીજો: અને મેં બધાંની સલાહ લીધી તેનું આ પરિણામ ભોગવું છું!!

~

ચોપડી વેચનારો-આપના ઘરમાં જયંત છે? શિરી[illegible]

ઘરવાળી બાઇ: નારે ભાઇ.

વેચનારો: કલાપી? સરસ્વતીચંદ્ર?

બાઇ: ભાઇ તું જાને, અહિ કોઇએ નથી. મેં કંઇ વીશી નથી કરી તે આટલા બધાનાં નામ અહિં પૂછે છે. જા રસ્તા પર જઇને તપાસ કરજે.

અજબ સૂરત છે કુદરતની



ગંગા નદીના કાંઠે વસતી આ કંસારી પૂછડીને વીંટી લઇ શકે છે. ઉડવામાં તે એરોપ્લેન જેવી ગતિ ધરાવે છે.



આફ્રિકન તીડનું મોં: ફોટોગ્રાફે મોટું બનાવીને દેખાડ્યું છે: લાગે છે ને જાણે કાળની ઘોડી!



દક્ષિણ અમેરિકાનું વૃક્ષવાસી જીવડું (Bata) પોતાના આગલા અસાધારણ લાંબા પગો ચીપિયાની માફક વાપરે છે.



અમેરીકન બુલહેડ માછલી: બળદ જેવું મોં છે તેથી. પણ તેની દાઢી બિલાડી જેવી છે.



આ કીડો ભય પામે છે ત્યારે પૂંછડેથી બે તાર ઉંચા કરે છે. જે-માંથી અત્યંત ઉગ્ર વાસ છૂટે છે.



ભગત તીતીઘોડો ખૂણીથી ડોલતો ઊભો છે અને શિકારને આકર્ષે છે.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસમાં જાહેર કરવાનું અમને યોગ્ય લાગ્યું નથી. કેમકે આ માસમાં એક પણ ચિત્ર તેની કસોટીમાં ઊભું રહેવાને યોગ્ય નીકળ્યું નથી. જે ભાઇઓ આ હરીફાઇમાં અગાઉથી ભાગ લેતા આવ્યા છે તેઓ તથા નવીન ઉમેદવારો હરીફાઈના ઉદ્દેશો અને અગાઉ સફળ ગણાએલા ફોટોગ્રાફો પર લક્ષ આપીને નવું કામ રજુ કરે તો જ આ હરીફાઇનો હેતુ પાર પડે. ઉતાવળે કરેલું કામ અથવા બેપરવાઈથી ચાંપો દાબી લેવાએલી છબીઓ અગર માત્ર પોતાની જ બુદ્ધિને રૂચતા પ્રસંગો પાછળ નાહક ખર્ચ થતો જોઈ અમને દુઃખ થાય છે. વિચાર, યોજના અને હેતુ ચિત્રની પૂર્વતૈયારીનાં પ્રધાન તત્ત્વો છે, કેમેરા, ફિલ્મ અને સારી ફોટોગ્રાફી એ તો સાધનમાત્ર છે; ફોટોગ્રાફી મારફતે મન, બુદ્ધિ અને દૃષ્ટિની ઉંચી કેળવણી ન પામી શકાય તો તમારો કેમેરા માત્ર રમકડું છે. એ પરદેશી રમકડા પાછળ થતા એ રીતના નાહક ખર્ચ બાબત સાવચેતીનો અવાજ આપવાને જ આ વખતે હરીફાઇનું પરિણામ જતું કરવું પડ્યું છે.

બળવન્ત ભટ્ટ

વડારણ

મજલીનનો ઘેરદાર ઘાઘરો ને લાલ કસુંબાનો ચોરસો ઓઢી, માથે વાળની પાટી પાડીને વાળ ઓળેલી, એક રૂપાળી આધેડ બાઇ જ્યારે બજારમાં નીકળતી ત્યારે લોકો એને ખસીને જગ્યા આપતા ને જેને ત્યાં એ ઊભી રહેતી તે હસીને આવકાર આવકાર આપતા. એનું નામ કાળી ને જાતે ખવાસણ હતી. અમારા ઠાકોર સાહેબના નવા રાણી સાથે દાયજામાં એ ગોલી તરીકે આવેલી. કાળી નવાં રાણીની દાસી હતી.

કાળીને લૂગડાં-ઘરેણાંનો ભારે શોખ. મોટા માણસો સાથે રાજદરબારમાં ઉછરેલી એટલે એને વિવેક અને વસ્ત્રપરિધાન શીખવવાં પડે એવાં નહોતાં. એણે દાંતમાં સોનાની રેખો ય જડાવેલી. એ બોલે ત્યારે હસતી હોય એમ લાગે ને રેખાઓ ચળકી રહે. પણ એ હાસ્યની પાછળનો મર્મ કેટલીક વખત ન સમજાય એવો ઊંડો હોય. કાળીનું પેટ હાથ ન આવે. કાળી બહુ ઊંડી હતી.

કાળી દરબારમાં રહેતી. રાણીની સાથે જ ચોવીસે કલાક ગાળે. રાણીનો પડછાયો હોય એમ સાથે ને સાથે જ રહે. રાણીના દિલની વાતો એ સાંભળે ને રાણી સલાહ પણ એની જ પૂછે. કાળી ને રાણી બંને એકબીજાને પૂછ્યા વગર કાંઇ ન કરે. કાળી બાનડી હતી.

રાજખટપટની વાતો ય કાળી જાણે. અરધું બોલાય ત્યાં આખું સમજી જાય ને માણસની વાતના શબ્દને પકડી તેનો મર્મ પણ ઓળખી જાય એવી તો ચકોર. અને જવાબ આપે ત્યારે તોળીતોળીને બોલતી હોય તેમ ચાપાચીપાને બોલે. કોઇને માઠું તો લગાડે જ નહિ, પણ પગે કમાડ પછાડે. મીઠાં મધ જેવાં એનાં વેણ કોઇ વખતે કાતિલ ઝેરની ગરજ સારે એવાં ઊંડાં ને છાનાં કોઇને પોતાનો ભાવ જાણવા ન દે એવી કુશળ. કાળી ઝેરી નાગણ હતી.

છૂપી હીલચાલ એનાથી છાની રહે નહિ. દુશ્મનો ઉપર તો એની આંખ ચોવીસે કલાક હોય જ. એને આંજી કોઇ ફાવી ન જાય. પગ ઊપડે ત્યાં બધી હીલચાલ જાણી જાય. રણવાસનાં દાસદાસીઓ ય એને પૂછ્યા સિવાય સળી યે હલાવી શકે નહિ. ખરીદવું હોય તો કાળી જાતે જઇને ખરીદે. બધી વાતમાં કરતાહરતા કાળી. ને કુલમુખત્યારી યે એની. રણવાસનું ખાનગી ખાતું પણ બધું એને હાથ. કાળી રાણીવાસની હાકેમ હતી.



બીજી રાણીઓનાં ગોલાં કે દાસી એને પોતાના ઓરડાઓ તરફ ઢૂંકવા યે ન દે. કોઇને તોપને ગોળે ચઢાવી દેવું હોય કે એના ઉપર ખતરાજી કરાવવી હોય તો કાળી એમાં પાછી ન પડે. સાચીજૂઠી કે આઘી-પાછી કરવામાં તો એ એક્કો, ને એની ગંધ પણ બીજાને ન આવે એવી તો એની તકેદારી. કાળી ખટ-પટનું પૂતળું હતી.

રાણીના કાળી ઉપર ચારે હાથ. બધું કામ એને સોંપે. કુંવરનું ખાંડું જાય તો ય ગોંઝણા સાથે કાળી જાય ને પોંખતી વખતે પણ કાળી હાલામાલ કરે. નવાં આવનાર રાણી ઉપર પ્રભાવ પાડવા પોતાથી બનતું બધું એ કરી છૂટે; ને ગમે તેવાં કપરાં કામ પણ કોઇ કરે તેવું હોય તો તે કાળી. સંકટને વખતે માથું મૂકવાની તૈયારી પણ એના જ. એટલી તો કાળી વિશ્વાસુ ને નિમકહલાલ હતી.

રસોડું પણ એને જ હાથ. થાળી પણ કાળી જ કરે

ને રાણીને પાસે બેસીને જમાડે પણ કાળી. કપડાંલત્તાંની કૂંચીઓ કાળીને હાથ. ક્યાંય જવું આવવું હોય તો કાળીને પૂછ્યા વગર ન જવાય એવો એનો પ્રભાવ. કાળી વડારણ હતી.

કાળીનો સંસાર પણ એવો જ વિચિત્ર. એનો વર પણ ઘરજમાઇની પેઠે દરબારમાં નોકરી કરતો ને દરબારી રસોડે ખાઇપી મજા કરતો. એની ચિંતા ય કાળીને નહિ. કાળીની દીકરી પણ એની સાથે જ રહેતી. કુંવરી સાથે એને દાસી તરીકે મોકલેલી ને ત્યાં પણ એણે કાળીના નામની ધાક બેસાડેલી. કાળીનું જીવન જ રસવિહોણું હતું. એ જીવતી રાણી માટે, રહેતી રાણી માટે ને જે કાંઇ એનાથી થતું તે બધું રાણી માટે જ હતું. એનું ઘર, એનું કુટુંબ, એનો સંસાર જે કહો તે બધું ય રાણીવાસ. રાણીવાસ, દરબારગઢ ને ઘર બધાં કાળીને મન એકસરખાં. કાળી નિસ્પૃહી, નિઃસ્વાર્થી હતી.

કાળી કામની પણ ખબરદાર. કામ કરતાં થાકે જ નહિ ને જે હુકમ થાય તે પળવારમાં હાજર કરે એટલી તો સરસ એની વ્યવસ્થા. કઇ વસ્તુ ક્યાં છે એની પણ એને પૂરેપૂરી માહિતી. કોઇની યે ગેરહાજરીમાં એને માટે ખોટી થવું ન પડે એટલી એની વ્યવહારકુશળતા અને બાહોશી. કાળી ભારે ખંતીલી ને ઘણી જ ઉદ્યોગી. આળસ તો એને આવે જ નહિ. થાક પણ એને દેખાય નહિ. કાળી ખડતલ હતી.

પણ એક દિવસ ઓચિંતી કાળી મરણ પામી. શો રોગ હતો એની કોઇને ય ખબર પડી નહિ. પણ કાળી ગયા પછી રણવાસની અવ્યવસ્થાનો પાર ન રહ્યો. ને રાણીએ કેટલી યે વડારણો બદલી પણ કાળીની હરોળમાં કોઇ ન આવી. આજે ય રણવાસના નોકરો કાળીને સંભારે છે.

મનુભાઇ જોધાણી

ઉંદર અને ઢોલ




ઉંદરભાઇએ ફરવા જાતાં
રસ્તે દીઠો ઢોલ;

કોટે બાંધી ગાવા લાગ્યા:
ઢમઢોલ! ઢમ ઢોલ!

ઢોલ સાંભળી ઢોલીડાએ
દૂરથી મેલી દોટ;



ઉંદર બંદા કૂદ્યા જઇને
કરી ઢોલમાં પોલ!



રમણલાલ
સોની



મધુકરી

પ્રશ્ન

(શાર્દૂલ)

ઉદ્ધારે જગને તિમિરદલથી, શીળી વહે કૌમુદી,
ને સંતપ્ત ગએલ અંતર મહીં લ્હેરો ફૂંકે શૈત્યની;
એવા ચંદ્ર ઉરે કલંક વસતું લોકોક્તિ એ તે ખરી
વા આ વિશ્વ તણી જ છે નજર સૌ ઝેરી કલંકે ભરી?

—'જટિલ'

૨૧. દાનવીર દીપનારાયણસિંહ

❋ ❋ ❋ બિહારના જે સિંહ કહેવાતા, પુત્રવિહોણા છતાં અનેક દીનદુઃખીના જે પિતા હતા, જેમની શ્રીમંત જમીનદારી સેવાના અંચળાથી ઓપી રહેલી, જેમનું તેજસ્વી વ્યક્તિત્વ એમના દાનના પ્રભાવથી વધુ તેજોજ્જ્વલ બન્યું છે એ નરશાર્દૂલ દીપનારાયણસિંહ થોડા વખત પર ભાગલપુરમાં અવસાન પામ્યા. એમને વિષે આપણે ઘણું થોડું જાણ્યું છે.

તેજનારાયણ જ્યૂબિલી કૉલેજ અને કૉલેજીએટ સ્કૂલ ભાગલપુરમાં આજ પણ જેની કીર્તિપતાકા ફરફરાવી રહી છે એ બાબુ તેજનારાયણસિંહ ભાગલપુરના પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી જમીનદાર ગણાતા. ચાર ઘોડાની ચોકડી (ગાડી) મા બેસી હવા ખાવા જતાં, પાછળ આવતી કોઇ ગોરાની મોટર આગળ નીકળી જતી હતી તે જોઇ, ગાડી પુરજોસથી હાંકી મોટરને તેમણે નીકળવા ન દીધી એટલો તેમનો રૂઆબ અને સ્વમાન હતાં. પાછળથી તો કાયદાની રૂએ તેમને ચોકડી રાખવી બંધ થઈ એમ કહેવાય છે; પણ એથી મળતી પ્રતિષ્ઠાને બદલે લાખો રૂપિયા ખર્ચી તેમણે ખોલેલી કૉલેજોએ લોકહૃદયમાં તેમની પ્રતિષ્ઠા વધુ ઊંડી બેસાડી છે.

જેટલા મોજ માટે એટલા જ રૂઆબ માટે પ્રસિદ્ધ એ તેજબાબુને ત્યાં એવા જ તેજસ્વી પુત્ર દીપનારાયણસિંહનો જન્મ થયો. નાનપણથી જ તેમની બુદ્ધિ અતીવ તેજ હતી. જોરદાર અંગ્રેજી બોલવામાં તો કૉલેજમાંના સૌને ટપી જતા. તેજબાબુના પ્રવાસનો શોખ તેમને પણ વારસામાં એટલો મળેલો કે અનેક વખત તેમણે પૃથ્વીભ્રમણ કરેલું ને યુરોપને તો ઘરના આંગણા જેવું કરી મૂકેલું. પૃથ્વીના ગમે તે દેશમાં ગયા હશે, પણ દીપબાબુનાં વ્યક્તિત્વ અને વાક્છટા હમેશાં ભારતના ગૌરવની શાખ જમાવતાં.

દાનશીલતા તો તેમના સ્વભાવમાં જ હતી. એક દીન બ્રાહ્મણ એક વખત વિનતિપત્ર લઇ તેમની પાસે ગએલો. શી બાબતનું છે એમ પૂછતાં તેણે જણાવ્યું કે 'દીકરીનાં લગ્ન કરવાં છે.' સાંભળતાં જ દીપબાબુએ એક સો રૂપિયા તેના હાથમાં સોંપી દીધા,—વિનતિપત્ર વાંચ્યા વિના જ! તેમની નીતિ જ એ હતી કે 'Give and ask no question.'



પોતાના પિતા દ્વારા સ્થાપિત કૉલેજને માટે દીપબાબુએ એક લાખથી યે વધુ રૂપિયાનું દાન કર્યું છે. ભાગલપુરના રામાનંદી અનાથાલયને નામે તેમણે પચાસ હજાર રૂપિયા વ્યાજે મૂકેલા છે, અને સ્વર્ગસ્થ થયા પહેલાં એકાદ ટેકનિકલ કૉલેજ ખોલવા પોતાનું એક જબરૂં મકાન આપતા ગયા છે.

જમીનદાર કુટુંબમાં જન્મ્યા છતાં એવા કુટુંબોને સહજ એવી તુમાખી એમનામાં નહોતી. એક વખત મોંઘવારીના કારણે તેમણે પોતાની પ્રજાને અરધો ભાગ-વટાવ છોડી દીધેલો.

એક પુત્રી સિવાય તેમને કંઇ સંતાન ન હતું. એકાદ મિત્રે દત્તક લેવાની સૂચના કરતાં તેમણે કહેલું: 'દીકરો દત્તક લેવો તે કેવળ ધન વાપરવા માટે ને? તો પછી ધન તો બીજી રીતે ક્યાં નથી વપરાતું? આ બધા ગરીબ ને દુ:ખી વિદ્યાર્થીઓ મારાં જ બચ્ચાં છે! મારૂં ધન પણ તેમને માટે જ છે!' લોકસેવા એ તેમનો ધર્મ હતો ને તે આખા જીવનમા તરી આવે છે. તેઓ કહેતા કે, 'Service to man is my religion and service to man is service of God.

માણસોનાં દિલ જીતી લેવાની તેમનામાં અજબ કળા હતી. શ્રીમતી સરોજિની નાયડુએ એક વાર કહેલું: 'લોકોને જલદી જીતી લેવાની શક્તિ ભારતમાં ત્રણ પુરુષોમાં જ છે. પંજાબકેસરી લાલા લજપતરાય, બિહારકેસરી બાબુ દીપનારાયણસિંહ અને બંગાળના દેશબંધુ ચિત્તરંજન દાસ.'

અને એ ખરૂં હતું. દીપબાબુનું વ્યક્તિત્વ મજબનું હતું. તેમના સંબંધમાં આવનાર અમલદારો સુદ્ધાં એ વ્યક્તિત્વથી દબાએલા રહેતા. તેઓ ઓજસ્વી વક્તા પણ હતા. અને અંગ્રેજી કે હિંદી જેટલુંજ બંગાળી કે ઉર્દુ ધારાપ્રવાહે બોલ્યે જતા. સાઠ વર્ષે પણ અણઝૂકેલી કમરે એ બોલવા ઊભા થતા ત્યારે જુવાનોના હોશ ખાટા કરી મૂકતા. ૧૯૩૦ના સત્યાગ્રહ પ્રસંગે બિહાર પ્રાન્તના તેઓ સરમુખત્યાર નીમાએલા અને હજારીબાગની જેલમાં ચાર માસ રહી આવેલા.

તેઓએ પોતાની લગભગ બધી મિલકત હુન્નર કળાની કેળવણી માટે દાન કરી દીધી છે. એ દાનમાંથી દેશી ઉદ્યોગ-ધંધાનું જ્ઞાન આપતું એક વિદ્યાલય ખોલવાની તેના ટ્રસ્ટીઓ તૈયારી કરી રહ્યા છે. દીપબાબુની જમીનદારીની આવકમાંથી જ એ વિદ્યાલયને માસિક સાત આઠ હજાર રૂપિયા મળ્યે જશે.

એમના અવસાને બિહારે એક આશ્રયસ્થાન ગુમાવ્યું છે; હિંદે એક આધારસ્થંભ. (હિંદી 'બાળક'ને આધારે)

એક ભવ્ય ગુજરાતી

*** સૌ એનાથી પરિચિત છે; છતાં ભવ્યતાનું પુન: સ્મરણ એ માનવતાનું પ્રેરણાપાન છે. શ્રી રમણલાલ દેસાઇએ પોતાની પ્રાસાદિક વાણીમાં એમનું ટૂંકું, સર્વગ્રાહી, પ્રોત્સાહક સ્મરણ કરાવ્યું છે.

એક વાર એક કુમારે પોતાની પ્રિય બહેનનું મૃત્યુ નિહાળ્યું, અને પછી વત્સલતામૂર્તિ પોતાના કાકાનું મૃત્યુ નિહાળ્યું. મૃત્યુની સમસ્યા ઉકેલવા મથતો માનવી સામાન્યતાની પાર જાય છે અને અદ્ભુત રસને ઓવારે ઊતરે છે. કાળના પડદા ઉઘાડવા મથતો મનુષ્ય કંપ કંપાવે છે. તેમાં યે સોળ સત્તર વર્ષનો કિશોર મૃત્યુ સામે મીટ માંડે ત્યારે તેની આસપાસનાં મનુષ્યો કંપી જાય એમાં નવાઇ નહિ. એ કુમારનાં માતાપિતા કંપી ઊઠયાં. પુરુષને મોટામાં મોટું પ્રલોભન સ્ત્રીનું. વૃદ્ધો પણ વિચારતાં કંપે એવા કૂટ પ્રશ્નોના ઉકેલમાં ગૂંથાતા એ તેજસ્વી મૂળશંકરના પુરુષત્વને સ્ત્રીનું પ્રલોભન અપાયું. પરંતુ મૂળશંકર પ્રલોભનથી પર હતો; મૂળશંકરનું પુરુષત્વ પલંગપથારીઓ શોધતું લોલુપતાભર્યું સામાન્ય સહેલાણી પુરુષત્વ ન હતું. એના પુરુષત્વને મૃત્યુ ઓળંગવું હતું

લગ્ન અને ગૃહસ્થાશ્રમને ઠેકી કાળવિજેતા મૂળશંકર આગળ નીકળી ગયો. સત્યની શોધમાં તેણે ઘર મૂક્યું, ગામ મૂક્યું, પ્રાન્ત મૂક્યો અને સુખ પણ મૂક્યું.

એ સત્યની શોધનાં ભ્રમણ પણ રસભર્યાં છે-બોધક છે; સાહસવીર-adventurer-ને શોભે એવાં છે. ગંગા, યમુના અને નર્મદાની પરિક્રમાઓ, આબુ, હિમાદ્રિ અને વિંધ્યાચળની પ્રદક્ષિણાઓ, તીર્થધામોનાં સતત પર્યટનો અને એકાંત ગુફાઓના નિવાસ; લૂંટી લેતા સાધુઓ, જડ કર્મકાંડીઓ, ઉગ્ર અઘોરીઓ, શુષ્ક પંડિત ગુરુઓ, અને જવલ્લ જ્ઞાનીઓની મુલાકાત અને તેનાં પરિણામો; ભૂખ, તરસ, ટાઢ, તાપ અને વર્ષાનો હરહંમેશ મુકાબલો: એવી એવી અનેક રોમાંચક સામગ્રીઓથી ભરપૂર એની ભ્રમણકથા છે. પ્રકૃતિ અને માનવસ્વભાવનો કયો ખૂણો એ પરિવ્રાજકને અજાણ્યો રહ્યો હશે?

એના કષ્ટસહનની કહાણી પણ રોમાંચક છે. રામ, બુદ્ધ ને શંકર જેવા ભવ્ય કુમારો ઉપજાવનારી આર્ય સંસ્કૃતિનો એ પણ એક ભવ્ય કુમાર છે. વયને અને મહત્તાને સંબંધ નથી એ એના જીવનમાં પ્રત્યક્ષ થાય છે. જ્ઞાન મેળવવા માટે સહેલાં કષ્ટ અને જ્ઞાનપ્રચાર કરવામાં પડેલાં દુ:ખ એક વીરની માફક એણે હસતે મુખે સહન કર્યાં છે. એના ઉપર પથરા પડ્યા હતા, એના ઉપર લાઠીઓ ચાલી હતી, એની સામે તલવારો અને કટારો ઉપડી હતી. એક સંન્યાસીની પ્રસન્નતાથી એણે એ સઘળું સહી લીધેલું. એને નદીમાં ડુબાડવાના પ્રયત્નો થયા હતા. એની પ્રતિષ્ઠા ઝાંખી પડે એવાં કાવતરાં પણ રચવામાં આવ્યાં હતાં, અને ત્રણ ત્રણ વખત તો એને હળાહળ ઝેર ખવડાવ્યાં-પીવડાવ્યાં હતાં. મહાકાવ્યને પાત્ર વીરત્વથી એણે એ સઘળું સહન કર્યું ને પોતાના કાર્યમાં અડગ રહ્યો. એ શરીરે અને સ્વભાવે વીર હતો. હિંદુધર્મને એણે વીરતા બક્ષી. તલવારોના ટુકડા કરી નાખે એવું સામર્થ્ય ધરાવતા એના હૃદયમાં દયાનાં અખૂટ ઝરણ વહેતાં. વિરોધીઓને એણે કદી અવગણ્યા નથી. પ્રહાર કરનારને એણે સર્વદા ક્ષમા આપી છે. વિષ કે શસ્ત્રનો પ્રયોગ નહિ થાય તો સો વર્ષ સુધી કાળને દૂર રાખીશ એવી આત્મશ્રદ્ધા પ્રશ-

વતા પોતાના જ શિષ્ય અને જોધપુરના નૃપતિના ઉતારામાં વિષપ્રયોગ થયો. દૂધમાં વિષ ભેળવી સ્વામીજીને પાનાર રસોઇયાનો પશ્ચાત્તાપ નિરખી તેને સંપૂર્ણ ક્ષમા આપી, રાજદંડથી મુક્ત કરવા તેને ચાલ્યા જવાની તક આપનાર એ મહર્ષિ ક્ષમાની—માનવતાની મૂર્તિ હતા. એવી ક્ષમા—એવી માનવતા આપણા પામર, નિર્બળ અને ક્લેશમય જીવનને ઉજ્જવળ કરે છે. આર્યસમાજ સ્થાપ્યા છતાં આર્યસમાજનું પ્રમુખપદ ન સ્વીકારનાર એ વીર મહર્ષિ ભિક્ષાના ત્યાગની યાદ આપે છે મુકુટધારીઓના મુકુટ એમના ચરણમાં નમતા પરંતુ એમના મગજ ઉપર કસબ કદી ચડ્યો નથી

જે ક્ષણે તમારા મનમાં શિથિલતા—કાયરતાનો પ્રવેશ થાય તે ક્ષણે ચિરંજીવન ઉત્સાહભર્યા એ તેજસ્વી દેશભક્ત ગુજરાતીનું સ્મરણ કરજો. જે ક્ષણે તમારા હૃદયમાં મોહ અને વિલાસનું સામ્રાજ્ય પ્રવર્તે તે ક્ષણે ધનને ઠોકર મારતા એ નૈષ્ઠિક ગુર્જર બ્રહ્મચારી તરફ દૃષ્ટિ કરજો. અપમાનથી હણાએલા તમે જે ક્ષણે ઊંચું જોઈ ન શકો તે ક્ષણે એ હિમાલય સરખા અડગ અને ઉન્નત ગુજરાતીના ઓજસભર્યા મુખને કલ્પનામાં ખડું કરજો. મરતાં બીક લાગે તો નિર્ભયતાની મૂર્તિ સમા એ ગુજરાતીનું ધ્યાન કરજો. વેરઝેરથી તપ્ત બની વિરોધીને ક્ષમા આપતાં તમે અચકાઓ તે ક્ષણે ઝેર પાનારને આશીર્વાદ આપતા એ રાગદ્વેષથી પર થએલા ગુર્જર સંન્યાસીને યાદ કરજો. એ ગુજરાતી તે સ્વામી દયાનંદ. એ પરમ ગુજરાતી મહાન હિંદીઓમાં અગ્ર સ્થાને વિરાજે છે.

—રમણલાલ વસંતલાલ દેસાઇ

દૂષિત ઈતિહાસ

● ● ● અજાણપણે કે ઇરાદાપૂર્વક જે અનેક કપોળકલ્પિત બનાવો આપણા ઇતિહાસમાં ઘુસાડીને તેને દૂષિત કરવામાં આવ્યો છે એ બાબતનો નિર્દેશ કરતી આ નાની નોંધ ઉપર મહત્ત્વનું ધ્યાન આપવાની અમારી આગ્રહભરી ભલામણ છે.

લાહોરના પ્રો. જયચંદ્ર વિદ્યાલંકારે હમણાં એક લેખ લખીને હિંદના ઇતિહાસમાં ઘુસાડવામાં આવેલી કેટલીક કપોલકલ્પિત ઘટનાઓ પ્રત્યે સયુક્તિકરીતે ધ્યાન દોર્યું છે. કલકત્તાના કારાગ્રહની વાત તો વર્ષો પહેલાં ગલત પૂરવાર થઈ ગએલી છે. હવે પ્રો. જયચંદ્ર જણાવે છે કે સંયુક્તા એ તદ્દન કાલ્પનિક પાત્ર છે અને એ ઘટનાને લીધે શાહબુદ્દીન ઘોરીએ હિંદ પર ચડાઇ કરેલી એ વાત ખોટી છે. બંગાળાના છેલ્લા રાજા લક્ષ્મણસેનને મહમ્મદ બીન બખ્તાવરે માત્ર સત્તર સવારોની મદદથી તેના મહેલમાંથી નસાડી મૂક્યો હતો એમ ઇતિહાસમાં લખાયું છે તે પણ ખોટું છે. મહમ્મદ બીન બખ્તાવરે બંગાળા પર ચડાઇ કરી તે અગાઉ લક્ષ્મણસેન મરણ પામ્યો હતો, એટલું જ નહિ પણ ગંગાના ઉત્તર અને અગ્નિ ખૂણા તરફનો ભાગ જ મહમ્મદે જીત મેળવ્યા પછી મુસલમાનોને કબજે હતો. બાકીના બંગાળા ઉપર હિંદુ રાજાઓનું રાજ્ય હતું અલાઉદ્દીન ખીલજી અને ચિતોડની રાણી પદ્મિનીની વાત પણ કવિકલ્પનાનું જ એક દૃષ્ટાંત છે. અલાઉદ્દીન ખીલજીએ છ મહિનાના ઘેરા પછી ચિતોડ જીત્યું અને પદ્મિની તથા અન્ય રાજપૂત સ્ત્રીઓએ 'જોહર' કર્યો એટલી જ વાત સાચી છે, પરંતુ આ બનાવને ફારસી કવિ મલીક મહમ્મદ જાયસીએ કલ્પનાના વાઘા ચડાવીને તદ્દન જુદી જ રીતે વર્ણવ્યો અને એ વાત તેણે પોતાના કાવ્યના ઉપસંહારમાં કબૂલ કરી છે, છતાં પણ આધુનિક ઇતિહાસકારો અને પાઠ્ય પુસ્તક લખનારાઓએ ઇતિહાસ અને કથા વચ્ચેનો ભેદ ભૂલીને આ વાતને પ્રમાણભૂત માની છે. સિંધના છેલ્લા હિંદુ રાજા દાહીર અને તેની પુત્રીઓ વિષેની ઘટનાઓ પણ આવી કલ્પિત જ છે.

વળી પ્રો૦ વિદ્યાલંકારના લેખમાં જે પ્રત્યે ધ્યાન ખેંચવામાં આવ્યું નથી એવી એક કાલ્પનિક ઘટના ગુજરાતના છેલ્લા રાજા કરણ વાઘેલા વિષેની છે. કરણની રાણી અને પુત્રી અલાઉદ્દીનના જનાનખાનામાં જાય છે, કરણ દુષ્ટચરિત હતો અને એ કારણને લીધે જ તેનો પ્રધાન અલાઉદ્દીનની સેનાને ગુજરાત પર બોલાવી લાવ્યો હતો એ વિગતોને ઐતિહાસિક પ્રમાણોનો બીલકુલ ટેકો નથી. કવિ મલીક ખુશરૂએ પોતાની કલ્પનાને આધારે જ લખેલા ફારસી કાવ્ય 'દવલરાને ખિજ્રખાં'માં માત્ર એનો ઉલ્લેખ મળે છે અને એ ઉલ્લેખ અનેક રીતે અપ્રામાણ્ય પૂરવાર થઇ ચૂકેલો છે. આ પ્રકારની ઘટનાઓ અને વિગતો પ્રત્યે અહીં ધ્યાન ખેંચવાનો ઉદ્દેશ એ છે કે અત્યારે આપણને શીખવવામાં આવે છે તે ઇતિહાસ સાચો ઈતિહાસ નથી અને ભારતના ભૂતકાળનું તે યથાર્થ દર્શન કરાવતો નથી. અંગ્રેજ સત્તાના આરંભ પછીની અને તે પહેલાંની પણ ઝીણીઝીણી તો સેંકડો વિગતો પ્રત્યે ધ્યાન ખેંચીને એમ કહી શકાય કે આ વડે આપણો ઇતિહાસ દૂષિત થએલો છે. આખા વિષયની વધુ શાસ્ત્રીય અને વિસ્તૃત ચર્ચા તો જુદાં જ લખાણો માગી લે છે, પરંતુ આપણા કેળવણીકારોનું અને ઇતિહાસકારોનું ધ્યાન આવી બાબતો પ્રત્યે અત્યાર કરતાં વધુ અંશે દોરવાની જરૂર છે અને અજાણપણે કે ઈરાદાપૂર્વક ઇતિહાસમાં ઘુસાડવામાં આવેલી કપોલકલ્પિત ઘટનાઓની ઇતિહાસમાંથી ચાળણી કરી ઊગતી પ્રજા આપણા દેશના ભવ્ય ભૂતકાળનું યથાર્થ દર્શન કરી શકે એવી જોગવાઈ કરવી એ તેમની ફરજ છે.

(ગુજરાત સમાચાર)

કલાધામ જયપુર

● ● ● આ નીચેની કેવળ નોંધ વાંચીને જ તમને લાગશે કે એ ખરેખર હુન્નર-ઉદ્યોગ-કલાનું ધામ છે. [illegible] જુઓ તો એની અસરકારક પ્રતીતિ તમને થાશે. પણ પછી શું? એને માટે છેવટનો પેરેગ્રાફ ખાસ ધ્યાન ખેંચે છે.

લોકો કહે છે કે જેમ ખાદીનું નામ લેતાં રેંટિયો નજર સામે આવીને ઊભો રહે છે તેમ જયપુરનું નામ લેતાં [illegible]

કળાકારીગરી સજીવ થઈ આંખ આગળ ખડી થઈ જાય છે. ઘણા પુરાણા જમાનાથી જયપુર કારીગરીનું કેન્દ્ર છે એમ કહેવામાં જરા યે અતિશયોક્તિ નથી. જયપુરનાં મકાનો કળાના સુંદર નમૂના છે; ત્યાંની પહોળી સડક અને હારબંધ બજારો જયપુરના નિર્માતાની કળાપ્રિયતાની યાદ આપે છે; જયપુરનું અજાયબઘર તો કળાના નમૂનાઓનું અજોડ પ્રદર્શન છે; અને જયપુરની ભૂમિ પણ કલાત્મક વસ્તુઓ બનાવવાના કાચા માલની ખાણોથી ભરપૂર છે. દૌસાની પાસે સોપસ્ટોનની ખાણો છે તો બીજે કેઓલીન પુષ્કળ પ્રમાણમાં છે. જયપુરનો સંગેમરમર અને ઇમારતો માટેનો લાલ પત્થર તો મશહૂર છે. એ ઉપરાંત રાજ્યમાં અબરખની પણ પુષ્કળ ખાણો છે.

સોપસ્ટોન એક જાતનો સફેદ અને પોચો પત્થર છે. પહેલાં લોકો તેને ઘંટીમાં દળી તેના ભૂકાનો વેપાર કરતા. દૌસામાં થોડા વખતથી આ પત્થર દળવાનું એક કારખાનું ખૂલ્યું છે. આ પત્થર જુદાંજુદાં સાઠ કામમાં ઉપયોગમાં આવે છે. તે પરદેશ ખૂબ જાય છે. મોં પર લગાડવાના પાઉડરમાં, ટૉઇલેટ સાબુમાં તથા દંતમંજનમાં એનો પુષ્કળ ઉપયોગ થાય છે. આ ભૂકામાં એક જાતનું તેલ મેળવવાથી તે વડે ચાંદીનાં વાસણ સાફ થાય છે. અંગ્રેજ લોકો તેમના નૃત્યભવનની ફર્શીને લપસણી અને ચકચકિત બનાવવામાં એ પાઉડર વાપરે છે.

જયપુરની ખાણોમાંથી નીકળતી કેઓલીન, સુંદર વાસણો બનાવવામાં ચીની માટી કરતાં વધુ મજબૂત ને સારી હોય છે અને જયપુરના કળાભવનમાં આ માટીમાંથી પ્યાલા, રકાબી ફુલદાન વગેરે અનેક વસ્તુઓ બને છે. આજ એનો ઉપાડ ફક્ત પરદેશીઓ જ કરે છે. જો આ ઉદ્યોગ મોટા પાયા પર ચલાવવામાં આવે તો દેશની એક મુખ્ય જરૂરિયાત ઘર બેઠાં પૂરી પાડી શકાય અને ચીની વાસણો પાછળ પરદેશ જતા લાખો રૂપિયા બચે.

જયપુર રાજ્યમાં 'જેઇડ સ્ટોન' પણ નીકળે છે. આ પત્થર બહુ મજબૂત હોય છે અને માધોપુરમાં એના સુંદર ખલ બને છે. આ ખલ મોતી વગેરે પીસવામાં વપરાય છે. ઉપરાંત જયપુરમાં પેદા થતો સંગેમરમર અને તેમાંથી બનતી મૂર્તિઓ અજબ પ્રકારનાં હોય છે અને તે દુનિયાભરમાં મશહૂર છે.

પણ જયપુરનો મુખ્ય ઉદ્યોગ તો ત્યાંનું પિત્તળકામ છે. મુરાદાબાદ કરતાં પણ અહીં તે કામ બહુ સારૂં થાય છે. પિત્તળ પરનું મીના કામ પણ અહીં ઉત્તમ પ્રકારનું બને છે.

જયપુર રાજ્યના સવાઈ માધોપુર અને માલપુરામાં લાકડા ઉપરની લાખ—કારીગરી બહુજ સારી થાય છે અને આ વસ્તુઓ બહુ દૂર સુધી જાય છે.

પેપર-મારોનો અહીંનો ઉદ્યોગ એક જુદા જ પ્રકારનો વિકસેલો ઉદ્યોગ છે. તેમાં નકામા કાગળને ગાળી તેનાં અનેક પ્રકારનાં રમકડાં, પૂતળાં વગેરે બનાવવામાં આવે છે. અહીંના અજાયબઘરમાં તેના અનેક નમૂના મૂકવામાં આવ્યા છે.

જયપુરના માલપુરા ગામમાં ઊનના કામળા સુંદર બને છે. ઊનના અખંડ કોટ, હૅટ વગેરે બનાવનાર કાબેલ કારીગરો હજુ આ રાજ્યમાં મોજૂદ છે. માલપુરામાં ઊંટ અને ઘોડાનાં જીન બહુ ઊંચી જાતનાં બને છે.

જોગનેર ને સાંગનેરનું કાપડ તથા છપાઇ કામ ઊંચા પ્રકારનું હોય છે. સાંગનેરમાં હમણાંહમણાં ખાદી પર બહુ સારૂં છાપકામ થાય છે. જોબનેરનાં ચાકુ, છરી, કટાર અને તાળાં મશહૂર છે.

હાથીદાંત અને ખાસ કરીને લાકડાપરનું કોતરકામ જયપુરમાં સારૂં થાય છે. ત્યાંની જેલમાં ગરમ ગાલીચા બને છે. શહેરમાં પણ તેનાં આઠ કારખાનાં ચાલે છે.

જયપુરના આટલા બધા ઉદ્યોગોની નોંધ લેતાં વિચાર આવે છે કે આ ઉદ્યોગોની પૂરી તપાસ કરી તેની હાલની સ્થિતિના તથા તેને કઇ રીતે વિકસિત કરી આગળ વધારી શકાય તે માટેના અભ્યાસ તથા શોધની જરૂર છે. જયપુરના જ કોઇ ભાઇ આ કામ ઉપાડી લે અને નવરાશના વખતમાં જયપુરના બધા ઉદ્યોગોની સંપૂર્ણ માહિતી એકઠી કરી પ્રજા સમક્ષ મૂકે તો તેથી જરૂર ફાયદો થવાનો છે. આપણે ત્યાં અનેક સ્થળે કુદરતે અખંડ ભંડારો ભર્યા છે. આપણી જ બેદરકારીથી એ ભંડારો અણખૂલ્યા-અણવિકસ્યા રહ્યા છે. ઘર આંગણે અનાજ પડેલું હોવા છતાં આપણે પરદેશથી અનાજ લાવી ખાનાર જેવા આજે છીએ. આ હીણપતભરી સ્થિતિમાંથી આપણે પહેલી તકે બહાર નીકળવું આવશ્યક છે.

(ગુજરાત સમાચાર)

ગ્રેફાઈટ

●●● પેન્સિલ બનાવવામાં એનો ઉપયોગ થાય છે એટલું જ એ ખનિજ વિષે આપણું સામાન્ય જ્ઞાન છે. એથી આગળ આ લેખ એના શાસ્ત્રીય જ્ઞાનમાં પ્રવેશ કરાવશે.

ગ્રેફાઇટ એ ખનિજ mineral છે. એ શબ્દ Grapho=To write (લખવું) ઉપરથી આવ્યો છે.

રસાયણશાસ્ત્રના જાણનારાઓને ખબર હશે કે કાર્બન (અંગાર) જુદા જુદા રૂપોમાં મળી આવે છે: જેમકે હીરામાં સ્ફટિક (crystalline)ના રૂપમાં અને કોલસાના રૂપમાં. એ જ પ્રમાણે એ ગ્રેફાઇટના રૂપમાં પણ મળે છે. એટલેકે ગ્રેફાઇટ એ કાર્બનનું એક સ્વરૂપ જ છે.

ગ્રેફાઇટની બે જાતો આવે છે: એક સ્ફટિક રૂપ (crystalline) અને બીજી ભૂકાના રૂપમાં (amorphous). પહેલી જાત ખૂબ શુદ્ધ હોય છે.

સાધારણ વ્યાપારી દૃષ્ટિએ ગ્રેફાઈટમાં ૯૦થી ૯૫ ટકા જેટલું અંગાર (કાર્બન)નું પ્રમાણ હોવું જોઇએ; પણ રંગો વગેરે બનાવવાના ઉદ્યોગોમાં ૩૦થી ૩૫ ટકા જેટલું અંગારનું પ્રમાણ (અને બીજી અશુદ્ધિઓ) બસ થઇ પડે છે.

ગ્રેફાઇટના મુખ્ય ગુણોમાં અતિશય પોચાપણું પહેલું અગત્યનું છે. એના એ ગુણને લીધે જ આપણે કાગળ ઉપર લખી શકીએ છીએ. એનો બીજો ગુણ એ કે એનો રંગ પોલાદ જેવો હોવા

જોઇએ. હાથ લગાડવાથી એ તેલ જેવું ચીકણું અને ગરમી-વાહક હોવાથી એકદમ ઠંડું લાગશે. તોલમાં એ પાણી કરતાં અઢીગણું વજનદાર છે. એના અસ્તિત્વ વિષે જુદાજુદા મતો છે. એ આદ્યપત્થરો (igneous) તેમજ પાણીમાં બંધાએલા પત્થરો (sedimentary)માં મળી આવે છે. પણ મુખ્યત્વે આવા પત્થરોમાંથી બદલાએલા (metamorphic) પત્થરોમાં તે મળે છે.

પૃથ્વીના સૌ પહેલાના ધગધગતા પ્રવાહી (magma)માં ગ્રેફાઇટ હતું કે નહિ એ શંકાભરેલો પ્રશ્ન છે. પણ ખરી પડેલા તારાઓમાં તો ગ્રેફાઇટ મળી આવ્યું છે. તેજ પ્રમાણે અંગારવાળા પદાર્થો કાલક્રમે પૃથ્વીની ગરમીને લીધે બદલાઇ જઇને (metamorphosed) ગ્રેફાઇટમાં પરિણમે છે. આ રીતે કોલસો પૃથ્વીના દબાણ અને ગરમીને લીધે બદલાઈ જઇને ગ્રેફાઇટ બની જાય. પૃથ્વી ઉપરનાં ગ્રેફાઇટનાં ઘણાંખરાં બંધારણો તો આ રીતે જ અસ્તિત્વમાં આવ્યાં હશે એમ ભૂસ્તરશાસ્ત્રીઓનું માનવું છે.

ગ્રેફાઇટ સીલોનમાં ખૂબ થાય છે. આપણા શરીરમાં જેમ લોહીની શિરાઓ હોય છે તેમ, ત્યાં નાઇસીસ (gneisses) નામના આવા બદલાએલા પત્થરો (metamorphic rocks) માં, નાની નાની શિરાઓ (veins)ના આકારમાં ગ્રેફાઇટ જડી આવે છે. આ શિરાઓ (veins)માં ગ્રેફાઇટ ઉપરાંત અબરખ (mica) વગેરે અશુદ્ધિઓ પણ હોય છે.

ઝેકોસ્લોવાકિયા, ઑસ્ટ્રિયા, સીલોન, જર્મની અને માડાગાસ્કર એ ગ્રેફાઈટ માટે પ્રખ્યાત છે. માડાગાસ્કરનો ગ્રેફાઈટ સ્ફટિકમય (cryrtalline) હોય છે અને સીલોનનો નથી હોતો.

સીલોનના ગ્રેફાઇટમાં બીજી થોડી અશુદ્ધિઓ હોવાથી તે ખાણમાંથી ખોદી કાઢયા બાદ થોડીક જ સાફસૂફી કરવા બાદ વેચી શકાય એવી સ્થિતિમાં હોય છે. માડાગાસ્કરનો ગ્રેફાઈટ ૪૦થી ૫૦ ટકા શુદ્ધ હોય છે.

તાપ સહન કરવાની શક્તિ (relractoriness) અને ગરમી-વાહકતાના બે મોટા ગુણ હોવાને લીધે પોલાદ અને પિત્તળના ઉદ્યોગોમાં તેના રસ ગાળવામાં વપરાતા વાટકાઓ –મૂસ (crucibles) બનાવવામાં ગ્રેફાઇટનો ખાસ ઉપયોગ થાય છે. આ બનાવવામાં ગ્રેફાઇટને માટી અને રેતી જોડે ભેળવવામાં આવે છે. સીલોનનો ગ્રેફાઇટ આ કામ માટે ઉત્તમ મનાય છે. તે ઉપરાંત ધાતુઓને પૉલિશ કરવામાં, રંગો બનાવવામાં, પેન્સિલો માટે, મશીનમાં લ્યુબ્રીકેશન માટે, ગ્લેઝિંગમાં, ઇલેક્ટ્રો-ટાઇપીંગમાં, ડાયનેમોનાં બ્રશ માટે તથા વીજળીની બૅટરીઓમાં પણ ગ્રેફાઇટ વપરાય છે.

રંગોમાં ગ્રેફાઇટનો વપરાશ ખૂબ થાય છે. એની અશુદ્ધ જાત આ કામમાં વાપરી શકાય છે. પેન્સિલ બનાવવામાં તો ગ્રેફાઈટનો ફક્ત ૧૦ ટકા જેટલો જ ઉપયોગ થાય છે અને ૯૦ ટકા ઉપયોગ ઉપરના બીજા ઉદ્યોગોમાં થાય છે.

આન્થ્રેસાઇટ નામનો કોલસો જેમાં ૯૦ ટકા અંગાર (કાર્બન) હોય છે તેમાંથી ગ્રેફાઇટ કૃત્રિમ રીતે બનાવી શકાય છે; પણ હજુ આનું પ્રમાણ કુદરતી ગ્રેફાઇટના પ્રમાણમાં થોડું છે.

હિંદમાં ગ્રેફાઇટ ઓરિસ્સા, પટણા, કાલાહંડી, સોનપુર અને છત્તીસગઢ પરગણાંઓમાં મળી આવે છે. દક્ષિણમાં ત્રાવણકોર, કુર્ગ અને વિઝાગાપટ્ટમમાં જડી આવે છે.

—દ્વારકાનાથ ગ. ગુપ્તે

હિંદનું નવું શાસનવિધાન

* * * કેટલાક જાણતા હશે કે બ્રિટિશ પાર્લામેન્ટે આપણા ઉપરની રાજ કરવાની પદ્ધતિમાં ફેર શરૂ કરતો 'ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ' નામનો કાનૂન ૧૯૩૫ ના ઑગસ્ટની ૨૭ તારીખે રચ્યો છે. આપણા દેશનું શાસન હવે તેની વિધિ પ્રમાણે થવાનું છે. પાંચસો પાનાંનો એ કાનૂન જેમાં ૪૭૭ કાયદાઓ ઉપરાંત અનેક પરિશિષ્ટો અને પૂર્તિઓ છે એ આખા યે ઍક્ટ પર સવિસ્તર ટીકા થોડાં પાનાંઓમાં થવી અશક્ય હોઇ અહીં તે સંક્ષેપમાં જ સમજાવ્યો છે.

આ કાનૂનથી બ્રિટિશ પાર્લામેન્ટ, હિંદી સરકાર તથા દેશી રાજ્યોના પરસ્પરના સંબંધમાં ઘણી નવીનતાઓ આવશે. ગવર્નર જનરલ તથા ગવર્નરોને હાલ છે એથી વિશેષ અધિકાર મળશે; સાથોસાથ તેમના પર જવાબદારી પણ વધુ રહેશે. સંઘ-સરકાર (Federation) નામની એક નવી કેન્દ્રીય રાજનૈતિક સંસ્થા હસ્તીમાં આવશે અને બ્રિટિશોના કહેવા પ્રમાણે હિંદીઓને પ્રાંતીય સ્વરાજ્ય પણ મળી જશે.

એ નવા વિધાનને સમજવા આપણે ત્રણ શબ્દો સમજી લેવા જોઇએ: (૧) પ્રાંતિક સ્વરાજ; (૨) કેન્દ્રિત જવાબદારીઓ; અને (૩) સંઘ-સરકાર.

આપણા દેશનું હાલનું તંત્ર તો ઠેઠ ૧૭૭૩માં ઘડાએલા રેગ્યુલેશન ઍક્ટ પ્રમાણે આજ સુધી અફર ચાલ્યું આવે છે. માત્ર ૧૯૧૭માં 'ધિ ગવર્મેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ'ના નામથી થોડા સુધારાવધારા તેમાં થયા હતા.

આ નવા કાયદાથી હિંદના બંધારણમાં હવે નવી જ ઉત્ક્રાંતિ થઇ છે. બ્રિટિશ હિંદના પ્રાંતો અને જોડાવા ઇચ્છતાં દેશી રાજ્યોને જોડતી એક સંઘ-સરકાર તેથી હસ્તીમાં આવશે અને તે હિંદની સંઘ-સરકાર (Federation of India) કહેવાશે. એ સંઘ-સરકારમાં જોડાએલા દરેક રાજ્યને સંઘ-સરકારની સત્તા સ્વીકારવી પડશે ના. શહેનશાહના પ્રતિનિધિ તરીકે હિંદના ગવર્નર જનરલ (વાઇસરૉય) તેના વડા ગણાશે. પોતાને સલાહ અને સહાય આપવા સંઘ-સરકારમાંથી તે દસ પ્રધાનો ચૂંટશે. ત્રણ ખાતાંઓ ખુદ ગવર્નર જનરલ પોતે જ સંભાળશે અને તે (૧) હિંદના બચાવ સંબંધી; (૨) હિંદમાંના ખ્રિસ્તી ધર્મ સંબંધી; (૨) સંસ્થાનો સિવાય હિંદના પરરાષ્ટ્રો સાથેના સંબંધ સંબંધી. પોતાને મુનાસિબ લાગે તો સનંદી નોકરીઓ, બ્રિટિશ



વ્યક્તિઓ અને કંપનીઓ તથા બ્રિટિશ માલ સંબંધીની જવાબદારી પણ તે પોતે લઇ લે.

નાણાંશાસ્ત્ર બાબેની પોતાની જવાબદારીમાં સહાય કરવા વાઇસરૉય એક નાણાંશાસ્ત્રી નીમશે. ચલણ અને હુંડિયામણનો પ્રશ્ન રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા સંભાળશે. રેલવેઓ જે અત્યારે ગવર્નર જનરલ ઇન કાઉન્સિલના તાબામાં છે તેને બદલે 'ફેડરલ રેલવે ઑથૉરિટી' નામની સંસ્થાના હાથમાં મુકાશે.

કેન્દ્રિત જવાબદારી તે સંઘસરકારના પ્રધાનોને મળેલી જવાબદારી, જેની ચારે બાજુએ હદ બાંધી તેનો કાર્યપ્રદેશ નિર્ણિત કરવામાં આવ્યો છે.

નવા બંધારણ અનુસાર ભારતના અગિયાર પ્રાંતો બનશે અને તે પર ગવર્નરોનું શાસન રખાઇ તે ગવર્નરોના પ્રાંતો કહેવાશે. છ પ્રાંતો એવા બનશે કે જે પર ચીફ કમિશ્નરનું શાસન રહી તે ચીફ કમિશ્નરના પ્રાંતો કહેવાશે. તેમનો ક્રમ આ પ્રમાણે રહેશે: ગવર્નરોના ૧૧ પ્રાંતો—૧ મદ્રાસ, ૨ મુંબાઇ, ૩ બંગાળા, ૪ સંયુક્ત પ્રાંત, ૫ પંજાબ, ૬ બિહાર, ૭ મધ્યપ્રદેશ, ૮ આસામ, ૯ વાયવ્ય સરહદનો પ્રાન્ત, ૧૦ ઓરિસા, અને ૧૧ સિંધ. ચીફ કમિશ્નરોના છ પ્રાંતો: બ્રિટિશ બલુચિસ્તાન, દિલ્હી, અજમેર-મેરવાડા, કુર્ગ, આંદામાન-નિકોબાર ટાપુઓ તથા પંથ પિપ્લોદા.

ઓરિસા અને સિંધના પ્રાંતો નવા બનાવવામાં આવ્યા છે. આજ સુધી ઓરિસા બિહાર પ્રાંતનું એક અંગ હતું, હવે તેમાં થોડો પ્રદેશ ઉમેરી સ્વતંત્ર પ્રાંત બનાવવામાં આવ્યો છે. સિંધ આજ સુધી મુંબાઇ ઇલાકામાં સામેલ હતું, અને હજી પણ એ પ્રાંત કારભારનો આર્થિક બોજો સહન કરી શકે એમ નથી, છતાં પણ ત્યાંના મુસલમાનોની માગણીથી તેને નવો પ્રાંત બનાવવામાં આવ્યો છે.

સાથોસાથ બ્રિટિશ સરકારે પોતાની એટલી સત્તા કાયમ રાખી છે કે જ્યારે તેને જરૂર જણાય ત્યારે સંઘ-વ્યવસ્થાપક સભા તથા પ્રાંતોની વ્યવસ્થાપક સભાની મદદથી (૧) નવો પ્રાંત બનાવી શકે; (૨) કોઇ પણ પ્રાંતનું ક્ષેત્રફળ વધારી શકે કે (૩) ઘટાડી શકે અથવા (૪) કોઈ પણ પ્રાંતની સીમા બદલાવી શકે.

નવા વિધાનના પ્રાંતિક સ્વરાજ્યમાં ગવર્નર મુખ્ય શાસક ગણાશે. સમ્રાટના પ્રતિનિધિત્વ તથા શાસનનો જુમ્મેદાર તે રહેશે. પોતાની મદદ વાસ્તે તે એક મંત્રીમંડળ બનાવશે અને એ મંત્રીઓ તે પ્રાંતિક ધારાસભામાંથી ચૂંટશે. જ્યારે ચાહે ત્યારે તે મંત્રીમંડળને બરખાસ્ત કરી શકશે. મંત્રીમંડળની હસ્તી સંપૂર્ણતઃ ગવર્નરની સ્વેચ્છા પર નિર્ભર રહેશે.

પરંતુ શાહેનશાહ તરફથી જે સૂચનાપત્ર ગવર્નરને મળેલું છે તેમાં લખેલું છે કે 'ગવર્નરે એ વ્યક્તિની સલાહ મુજબ મંત્રીઓ ચૂંટવા કે જે તેની નજરે ધારાસભાઓમાં બહુમતીને વિશ્વાસપાત્ર હોય.' (સૂચના પત્ર પા. ૮)

પ્રાંત સંબંધી કાનૂનો ઘડવા દરેક પ્રાંતમાં ધારાસભા રહેશે. આજ સુધી પ્રત્યેક પ્રાંતમાં માત્ર એક જ ધારાસભા રહેતી, પણ આ નવી પદ્ધતિ મુજબ મદ્રાસ, મુંબાઇ, બંગાળા, સંયુક્તપ્રાંત, બિહાર અને આસામમાં બબ્બે ધારાસભાઓ રહેશે. (પા. ૬૦ અ). પંજાબ, મધ્ય પ્રાંત અને વરાડ, સરહદનો પ્રાંત, ઓરિસા અને સિંધમાં એકેક વ્યવસ્થાપક સભા રહેશે (પા. ૬૦ બ). બે સભાવાળા પ્રાંતોની બે સભાઓ અનુક્રમે લેજિસ્લેટિવ કાઉન્સિલ અને લેજિસ્લેટિવ એસેંબ્લિ રહેશે (પા. ૬૦-૨). એસેંબ્લિમાં કેવળ સાધારણ લોકો જ રહેશે અને તેની મુદત પાંચ વર્ષની રહેશે. (પા. ૬૧-૨) વર્ષમાં એક વખત તો તેનું અધિવેશન ચોક્કસ થવું જોઇએ. જ્યારે ગરજ પડે ત્યારે એસેંબ્લિનો ભંગ કરવાનો ગવર્નરને અધિકાર છે. (પા. ૬૨ ક) કાઉન્સિલના મતદારો માત્ર મોટા જમીનદારો જ રહેશે અને એટલા પરથી જ તેઓ લેજિસ્લેટિવ કાઉન્સીલના સભાસદો બની શકશે. એસેંબ્લિથી ઉલટી આ સભા કાયમી રહેશે, પરંતુ દર ત્રણ વર્ષે તેના ત્રીજા ભાગના સભાસદો ફરી ચૂંટાશે. ગવર્નર આ સભાને પણ ગરજ મુજબ બરખાસ્ત કરી શકશે.

ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા ઍક્ટમાં પ્રાન્તીય ધારાસભાઓને કાનૂનો બનાવવાના જે હક્કો રહેશે તેમની સૂચિ પણ આપવામાં આવી છે. એ સૂચિ બહુ જ લાંબી છે, એટલે વિશેષ જાણવાની ઇચ્છાવાળાઓએ તેને ઍક્ટના શેડ્યૂલ નં. ૭માં જ જોઇ લેવી.

આ નવા વિધાન અનુસાર પ્રાંતીય વ્યવસ્થાપક સભાઓ એવો કોઇ કાનૂન પસાર નહિ કરી શકે જે (૧) બ્રિટિશ હિંદને લાગુ પડતા પાર્લામેન્ટના કોઇપણ કાનૂનનું સંશોધન કરતો હોય, (૨) ગવર્નર જનરલના કોઈ કાનૂન યા ઑર્ડિનન્સનું સંશોધન કરતો હોય, (૩) નવા શાસન મુજબ ગવર્નરને મળેલા અધિકારો પર હસ્તક્ષેપ કરતો હોય; (૪) અથવા ફોજદારી અદાલતની કોઈ કાર્યવાહી કે જેથી બ્રિટિશ યુરોપીઅન પ્રજાનો સંબંધ હોય તે પર અસર કરતો હોય (પા. ૧૦૮-૨).

પોતાના બનાવેલા કોઇ ઑર્ડિનન્સ કે પોલીસના મુકદ્દમા-

ની વિરુદ્ધ જતા કોઇપણ કાનૂન યા પ્રસ્તાવને ધારાસભાઓમાં દાખલ થતો ગવર્નર પોતે જ અટકાવી શકશે. આનો અર્થ એ થયો કે ધારાસભાઓને મળેલા અધિકારોનો ઉપયોગ તે ગવર્નરની મંજૂરીથી જ કરી શકશે. ગવર્નરે યા તો ગવર્નર જનરલે કોઇ ઑર્ડિનન્સ બહાર પાડ્યો હોય તો તેના સંબંધે કઇ પણ પ્રસ્તાવ સભામાં લાવવાનો ધારાસભાને બીલકુલ હક્ક રહેશે નહિ. (પા. ૧૦૮) વળી લેજિસ્લેટિવ કાઉન્સિલે ગવર્નરની રજાથી જ કોઇ બિલ પસાર કર્યું હોય છતાં તે પસાર થયા પછી પણ ગવર્નર પોતાના અધિકારથી તેને રદ કરી શકશે.

ચીફ કમિશ્નરના છ પ્રાંતો પર અધિકારીઓ નીમવાનું કામ ગવર્નર જનરલની મરજી પર રહેશે. સંઘ-સરકારના કોઇ પણ ધારાને બ્રિટિશ બલુચિસ્તાન પર લાગુ પડતો તે અટકાવી શકે એટલી વિશેષ સત્તા ત્યાંના કમિશ્નરને આપવામાં આવી છે. બ્રિટિશ બલુચિસ્તાનને લાગુ પડતા કોઇપણ ધારામાં પણ તે ફેરફાર કરી શકશે. આંદામાન નિકોબાર ટાપુઓ સંબંધે પણ આનો અધિકાર રહેશે

આપણને નવા મળનારા શાસનની આ આછી રૂપરેખા છે.

(સંકલિત)

૮૮ એટલે?

ઑસ્ટ્રિયામાં નાઝી ચળવળ ગેરકાયદેસર ગણાય છે તેથી ઠેકાણેઠેકાણે નાઝી સંસ્થાઓએ ૮૮ના આંકડાનો ઉપયોગ કરવા માંડ્યો હતો. નાઝી સલામ બોલીને કે લખીને દર્શાવતાં પોલિસનું ધ્યાન ન ખેંચાય તેથી આ સંખ્યાનો વપરાશ થતો હતો. એનો વપરાશ એટલો વધી ગયો કે જાહેર ખબરોમાં એ કાડિયારાંની માફક ઊભરાઇ નીકળ્યો. એથી પોલીસનું ધ્યાન ખેંચાયું ને ખબરખાતાએ તરત એનો અર્થ શોધી કાઢ્યો

"H" એ અમના મૂળાક્ષરોમાં આઠમો અક્ષર છે; માટે ૮૮ એટલે H.H.=Heil (અંગ્રેજી Hail) Hitler=હિટલરની જય થાઓ અથવા હિટલરને આશીર્વાદ હો.

આપણે એ મુજબ ૮૮ વડે હિંદી દેશી રાજાઓ H.H.નું સૂચન કરી શકીએ ને ૮૫ વડે વાઇસરૉય (H.E.)નું સૂચન કરી શકીએ!

—અંબેલાલ રૂ. નાયક

કર ભરવાથી કેમ દૂર રહેવું

'દુનિયાની ફરતે મુસાફરી—કર ભરવા કરતાં સસ્તી'. અમેરિકાની એક ટૂરિસ્ટ એજન્સીનું આ છેલ્લામાં છેલ્લું Slogan (પ્રચાર વાક્ય) છે.

તપાસ કરતાં એજન્સીના વહીવટીઓએ સમજાવ્યું છે કે અમેરિકાના કોઈપણ શહેરમાં ઘર રાખી રહેવા કરતાં હમેશ મુસાફરીમાં રહેવું સસ્તું પડે છે—પણ માણસની આવક અમુક ચોક્કસ રકમ કરતાં વધારે હોય ત્યારે. અમેરિકા જતા પ્રવાસીઓ હોટેલમાં ઊતરતાં પહેલાં આ એજન્સીની જરૂર મુલાકાત લે.

—અંબેલાલ રૂ. નાયક

નામ પાડવાની પ્રથા

દરેક જગ્યાએ નામ પાડવાની પ્રથા જુદીજુદી હોય છે. મહારાષ્ટ્રવાસીઓ મોટે ભાગે દેવદેવીઓનાં નામો ઉપરથી જ પોતાનાં નામો પાડે છે. બંગાળીઓનાં નામો પાછળ જેમ બાબુ શબ્દ જોડવામાં આવે છે તેમ મદ્રાસીઓનાં નામને અપ્પા અથવા પાલ્લુ શબ્દ જોડાય છે. ગુજરાતીઓનાં નામ પાછળ આવતા લાલ, દાસ અથવા ભાઇ શબ્દ તો જાણીતા છે. જાપાનના લોકોને ફૂલો ઘણાં પ્રિય છે; તેઓ પોતાનાં બાળકો ફૂલો જેવાં નિર્મળ, સુંદર અને આનંદી થાય તેમ ઈચ્છે છે અને તેથી તેઓ ફૂલોનાં નામ પરથી પોતાનાં બાળકોનાં નામ રાખે છે. ચીન દેશમાં છોકરીઓનાં નામ 'નંબર એક' 'નંબર બે' એવી રીતે પાડવામાં આવે છે. છોકરાઓનું નામ વીસ વર્ષ સુધી બાલ્યાવસ્થાના જેવું લાડીલું અને નાજુક રાખવામાં આવે છે; પરંતુ છોકરો વીસ વર્ષથી વધારે ઉંમરનો થાય ત્યારે તેનો બાપ પોતાની ઇચ્છાનુસાર તેનું નામ રાખે છે. આયર્લંડના લોકો પોતાનાં નામો પોતાના ગત બાપદાદાનાં નામો ઉપરથી પાડતા નથી; કારણ તેમની એવી માન્યતા છે કે આવી રીતે નામો પાડવાં એ અશુભ સૂચક છે. ઇજિપ્તના લોકો નામ પાડતી વખતે દરેકને જુદું નામ આપીને ત્રણ મીણબત્તીઓ પેટાવે છે. જે મીણબત્તી મોડામાં મોડી પૂરી થઈ રહે તે મીણબત્તીનું જે નામ પાડવામાં આવ્યું હોય છે તે નામ બાળકનું પાડવામાં આવે છે. કેમકે એમની એવી માન્યતા છે કે જે મીણબત્તી સૌથી વધારે વખત બળતી રહે તે મીણબત્તીના નામવાળું બાળક દીર્ઘાયુષી બને છે. મુસલમાન લોકોમાં દરેકમાં એક જુદું નામ લખેલી ત્રણ કાગળની ચિઠ્ઠીઓ 'કુરાન' જેવા પવિત્ર ધાર્મિક ગ્રંથમાં રાખી ગ્રંથ બંધ કરવામાં આવે છે. થોડીવાર પછી ગ્રંથ ઉઘાડતાં, જે ચિઠ્ઠી વહેલી મળી આવે તે ચિઠ્ઠીમાં જે નામ લખ્યું હોય તે નામ રાખવામાં આવે છે.

(મરાઠી ઉપરથી) —'મોહિનીચન્દ્ર'

સર મનુભાઇ ઇનામી નિબંધની હરીફાઇ

વડોદરા સાહિત્ય સભા તરફથી ચાલુ સાલે સર મનુભાઇ ઈનામી નિબંધ માટે 'ગ્રામ પુનર્ઘટના'નો વિષય હરીફાઇ માટે પસંદ કરવામાં આવ્યો છે. તે વિષય ઉપર ગુજરાતી ભાષામાં ફૂલ્સકેપ સાઇઝનાં છાપેલાં ૧૦૦ જેટલાં પૃષ્ઠો લખી મોકલી હરીફાઇમાં ઉત્તીર્ણ થનારને રૂા. ૧૦૦) રોકડા ઇનામ આપવામાં આવશે. નિબંધ તા. ૩૧ ઑગસ્ટ ૧૯૩૬ પહેલાં મંત્રીઓને મળી જવો જોઇએ. વધુ શરતો માટે લખોઃ બાલુભાઇ ઈ. દેસાઇ, મંત્રી સાહિત્ય સભા, શીયાપુરા, આગલી ફળીઆ, વડોદરા.

સિકંદરના એક સૈનિકે પોતાનું મૂળ નામ ફેરવી પોતે પણ સિકંદર નામ રાખ્યું. સિકંદરને તેની ખબર પડતાં માનપૂર્વક તેને પાસે બોલાવ્યો અને શાંતિથી કહ્યું: 'મારૂં નામ રાખવું તને ગમે છે ને? હું તને રજા આપું છું. પણ લડાઇમાં મોખરે કદી ન ભૂલજે કે તારૂં નામ સિકંદર છે.'

ગણિતગમ્મત

૨ × ૯ = ૧૮ અને ૧ + ૮ = ૯
૩ × ૯ = ૨૭ અને ૨ + ૭ = ૯
૪ × ૯ = ૩૬ અને ૩ + ૬ = ૯
૫ × ૯ = ૪૫ અને ૪ + ૫ = ૯

અને એ પ્રમાણે આગળ


અનેકાર્થી શબ્દ: **લાટ**=ભરૂચની આસપાસના પ્રદેશનું જૂનું નામ; મોજું-તરંગ; જથ્થો; ઘાણીનું ઊભું લાકડું; ધરી: ચરખાની ધરી, અથવા લાકડાનો રોલર.

કહેવતોના અર્થ: 'આકડે મધ ને વળી માખીઓ વિનાનું.' મધ લેવામાં બે મુશ્કેલીઓ: તે બહુ ઊંચું હોય તે એક, અને માખીઓનો ડર તે બીજી. માખીઓ હોય નહિ અને આકડા જેવા નીચા ઝાડ પર હોય એ મધ સહેલું. સહેલાઇથી બને તેવા કામ માટે આ ઉક્તિ વપરાય છે.

લાલ રંગના પ્યાલામાં દૂધ વધુ સલામત રહી શકે છે. સાદા સફેદ કાચના ગ્લાસમાં તે જલ્દી ખાટું થઇ જાય, જ્યારે કાળા કે બીજા રંગના પ્યાલામાં રાખવાથી તેમાં જલ્દી જંતુ પડી જાય છે.

માણસના આખા શરીરમાં ૫૨૭ સ્નાયુઓ છે. જ્યારે હાથીની એક સૂંઢમાં જ ૪૦૦૦૦ સ્નાયુઓ હોય છે.

પગમાં ઊંડા ખૂંચેલા કાંટા પર, તાવેથા ઉપર ગરમ કરેલા ગોળ અને મીઠાનો ચપકો દઇ પાટો બાંધવાનો ઇલાજ તો જાણીતો છે. તે ઉપરાંત, આકરા ટિંક્ચર આયોડાઇનનું પૂમડું મૂકી રાત્રે પાટો બાંધી રાખવાથી પણ બીજે દહાડે સવારે કાંટો ઉપર તરી આવશે.




રમવાના એક પાનામાંથી તમે આખો માણસ પસાર કરી શકો! તમારા મિત્રો આ વાતથી ચકિત થશે, પણ તમે આ રીતે એ સહેલાઇથી કરી શકશો: પહેલાં તો એક પત્તાને ઊભું વચ્ચોવચ્ચથી બેવડું વાળો. પછી ધારદાર ઝીણી કાતર વડે ચિત્રમાં બતાવ્યા પ્રમાણે બહારની બંને કોરાણથી લગભગ મધ્યના એ કાપા સુધી કાપ મૂકો. હવે પત્તાને ઉથલાવી તેના મધ્ય ભાગથી તે લગભગ બહારની કોરાણો સુધી બીજા કાપા પાડો. હવે તમે પત્તાની વચ્ચોવચ્ચ જેથેડ પાડેલી એ આખા સળ ઉપર, બહારની કોરાણો કાયમ રાખી કાપ મૂકો. પછી એ પત્તાને ખેંચશો એટલે તેમાંથી તમો ચાહશો એટલું પહોળું વર્તુલ બનાવી શકશો અને તમારો કોઇ પણ મિત્ર તેમાંથી પસાર થઇ શકશે!

આપણને ખાંડ બહુ જ ગળી લાગે છે, પણ મધમાખીને તો તેના દસમા ભાગની જ લાગે છે.

પેટ્રોલનો ઊંડામાં ઊંડો કૂવો કેલિફોર્નિયામાં છે જે ૧૧૦૦૦ ફૂટ ઊંડો છે.

ચૌદ ને સોળ વરસની અંદર માણસ આઠ ઇંચ વધે છે.

પુરૂષ અને સ્ત્રી વચ્ચેના બધા તફાવતોમાં આ તફાવત મોટો ગણી શકાય કે, સ્ત્રીને સામાન્યત: બધા સુખદ બનાવો જ યાદ રહી જાય છે, જ્યારે પુરૂષને બધા કપરા અનુભવો જ યાદ રહે છે!



ઉપરની આકૃતિમાં બંને ટપકાળાં વર્તુલ માપમાં એક સરખાં જ હોવા છતાં એકની અંદર અને બીજાની બહાર વર્તુલ દોરવાને કારણે ઉપજતા દૃષ્ટિભ્રમથી નાનાંમોટાં લાગે છે.

ધોએલાં કપડાંને ગળી દેતાં પહેલાં પાણીમાં થોડું મીઠું નાખી જોજો. એથી કપડાંમાં ગળીનાં ધાબાં ન પડતાં ગળી એકસરખી આખા કપડાને લાગશે.

ગુવારનાં પાંદડાંનું શાક બાફીને વઘાર કે મીઠા-મસાલા વિનાનું તદ્દન મોળું બાફેલું ખાવાથી રતાંધળાપણું જાય.

સ્વ. રુડિયાર્ડ કિપ્લિંગે એક ઠેકાણે રાણી વિક્ટોરિયા માટે આ શબ્દો વાપર્યા હતા: Here's to the widow of Windsor. અને કહેવાય છે કે એટલા માટે તેને પોએટ લૉરીએટ નહોતો બનાવ્યો. (અં. રૂ. નાયક)


કૉંગો પ્રદેશના બાંટુ લોકોમાં એક વહેમ ચાલે છે કે જો કોઇ બાપને એમ કહેવામાં આવે કે તેનો દીકરો તેને મળતો જ આવે છે તો તે મરી જાય!

આપણે ત્યાં જેમ દશ વર્ષે તેમ જર્મનીમાં પાંચ વર્ષે વસ્તીગણત્રી થાય છે.

સીંગરના સંચામાં તેલ પૂર્યા પછી બ્લૉટિંગ પેપરના ટુકડાને થોડો સીવી લેજો; એથી વધારાનું તેલ ચુસાઇ જશે અને સીવાતાં કપડાંને ડાઘ પડતા અટકશે.

દક્ષિણ અમેરિકામાં એક જાતનાં દેડકાં થાય છે જે જેમ ઉંમરમાં વધતાં જાય છે તેમ કદમાં નાનાં થતાં જાય છે.

લાકડા ઉપરથી શાહીનો ડાઘ કાઢવા માટે ઑક્ઝૅલિક ઍસિડનું ઉગ્ર મિશ્રણ ચોપડવું. ડાઘ નીકળી ગયા પછી ઍસિડવાળો ભાગ પાણીથી ખૂબ સાફ કરવો.



ઈડરમાં સ્વામીનારાયણનું મંદિર · હાલના રાજાના પિતા બહુ ધર્મિષ્ઠ હતા. પોતે સૂવાના ઓરડાની દક્ષિણ બારીમાંથી મંદિરમાંના દેવનાં દર્શન કરી શકે એવે સ્થળે ને એવી રચનાથી આ મંદિર બાંધવામાં આવ્યું છે. (ફોટો · બળવન્ત ભટ્ટ)



'ચન્દ્રીએ અમૃત મોકલ્યાં રે બ્હેન'
ચિત્રલેખા • કુ. શકુન્તલા